પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૩-૦૪-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in   pratapdarpan_official   pratapdarpansrt@gmail.com   pratapdarpan_official11

# પહેલગામ હુમલા અંગે મોદીની એરપોર્ટ પર હાઈ લેવલ બેઠક

## ઈમરજન્સી બેઠકમાં એનએસએ અજીત ડોભાલ , વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર : આતંકવાદીઓને જડબાતોડ જવાબ અપાશે

નવી દિલ્હી, તા. ૨૩

પહેલગામ હુમલા અંગે PM મોદી એક્શન મોડમાં હોય તેવું લાગે છે. આ હુમલાના સમાચાર મળતા જ તેઓ સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે જ છોડીને દેશ પરત ફર્યા. બુધવારે સવારે તેમનું વિમાન દિલ્હી એરપોર્ટ પર ઊતર્યું. મામલાની ગંભીરતાને સમજીને, PM મોદીએ સમય બગાડ્યા વિના એરપોર્ટ પર હાઈલેવલ બેઠક યોજી. આ બેઠકમાં સુરક્ષા એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓની સાથે, NSA અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ર મોદીએ આ હુમલામાં સામેલ આતંકવાદીઓને કરારો જવાબ આપવા અને તેમને સાથ આપનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી છે.

આ હુમલા અંગે મંગળવારે સાંજે પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ પણ કરી હતી. તેમણે લખ્યું હતું કે હું જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરું છું, જેમણે પોતાનાં પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલ લોકો જલદીથી સ્વસ્થ થાય. અસરગ્રસ્ત લોકોને શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. આ ઘૃણાસ્પદ કૃત્ય પાછળના લોકોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે. તેમને છોડવામાં આવશે નહીં! તેમનો નાપાક એજન્ડા ક્યારેય સફળ થશે નહીં. આતંકવાદ સામે



લડવાનો આપણો સંકલ્પ અટલ છે અને તે વધુ મજબૂત બનશે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ પીએમ મોદીએ ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ વાત કરી હતી. પીએમ મોદીએ અમિત શાહને આતંકવાદી હુમલા સામે યોગ્ય પગલાં લેવા જણાવ્યું.મંગળવારે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાથી પોતાનો પ્રવાસ ટૂંકાવીને પરત ફર્યા છે. મોદી મંગળવારે સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS)ના આમંત્રણ પર સાઉદી અરેબિયાની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા હતા.તેઓ ગઈકાલે રાજ્ય રાત્રિભોજનમાં હાજરી આપવાના હતા અને ત્યારબાદ આજે એમબીએસ સાથે અનેક કરારો પર ચર્ચા કરવાના હતા, પરંતુ કાશ્મીર હુમલાને કારણે તેમનો કાર્યક્રમ અધવચ્ચે જ રદ કરવામાં આવ્યો.બીજી તરફ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદી સાથે ફોન પર વાત કરી. જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત કરી.હુમલાની માહિતી મળતાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શ્રીનગર પહોંચી ગયા હતા. શાહ આજે પહેલગામ જઈ શકે છે. અમેરિકા, ઈરાન, રશિયા, ઈટાલી, યુએઈ અને અન્ય દેશોએ પહેલગામ હુમલાની નિંદા કરી છે. તેમણે ભારત સાથે ઉભા રહેવાની વાત કરી છે.

### સાઉદી અરેબીયની મુલાકાત ટુંકાવી મોદી દિલ્હી પરત આવ્યાં

# દિલ્હીમાં સલામતી બાબતોની કેબીનેટની બેઠક

### રાજનાથ સિંહ સહિતના સિનિયર મંત્રીઓને દિલ્હી પરત બોલાવાયા

નવી દિલ્હી, તા. ૨૩

ગઈકાલે કાશ્મીર ખીણના પહેલગાવમાં થયેલા ત્રાસવાદી હુમલા તથા ૨૮ સહેલાણીની હત્યામાં જવાબદાર આતંકીઓને શોધવા સૈન્યનું તલાશી-અભિયાન-એન્કાઉન્ટરની તૈયારી ઝડપથી આગળ વધી રહી છે તે વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમની સાઉદી અરેબિયાની મુલાકાત અધુરી મુકીને દિલ્હી પરત આવી ગયા હતા અને એરપોર્ટ પર જ તાકીદની બેઠકમાં પરીસ્થિતિ જાણી હતી.આ હુમલા બાદ ભારત સરકાર પુરી રીતે એકશનમાં છે. એક તરફ ગૃહમંત્રી શ્રી અમીત શાહ રાત્રીના જ શ્રીનગર પહોંચી ગયા હતા અને સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘ પણ પાટનગર પરત ફર્યા હતા તથા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ પણ તેમનો પોર્ટુગલ પ્રવાસ ટુંકાવે તેવી ધારણા છે. સેનાની ત્રણેય પાંખના વડા પણ દિલ્હીમાં મૌજૂદ છે અને નોર્ધન કમાન્ડના વડાને પણ તાત્કાલીક પાટનગર પહોંચવા જણાવી દેવાયુ છે.વિમાની મથકે શ્રી મોદીએ વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ અને વિદેશ સચીવ સાથે બેઠક યોજી હતી અને બાદમાં સવારે ૧૧ વાગ્યે દિલ્હીમાં સલામતી અંગેની કેબીનેટ કમીટીની બેઠક મળશે અને બાદમાં પણ બેઠકો અને આ હુમલા બાદના સરકારના એકશનની તૈયારી થશે.પુલવામા બાદના આ સૌથી મોટા હુમલામાં ખાસ કરીને ટુરીસ્ટને નિશાન બનાવાયા છે તે સૌથી મોટો હુમલો અને ત્રાસવાદીઓ આર્મીના યુનિફોર્મમાંજ હતા તથા તેથી ભાગ્યે જ કોઈને શંકા ગઈ હતી.શ્રી મોદીએ સાઉદી પાટનગર રીયાધમાં પણ તેમની ક્રાઉન પ્રિન્સ સાથેની મુલાકાત બે કલાક વિલંબમાં મુકીને દિલ્હીથી આ હુમલાની માહિતી મેળવી હતી તથા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ સાથે પણ વાતચીત કરી હતી.બાદમાં શ્રી શાહ તુર્તજ શ્રીનગર જવા રવાના થયા હતા. આજે સલામતી બાબતોની કેબીનેટ બેઠક બાદ વડાપ્રધાન દેશને પણ સંબોધન કરે તેવા સંકેત છે. શ્રી મોદીએ આ હુમલા અંગે સોશ્યલ મીડીયા પ્લેટફોમ પર પહેલગાવમાં થયેલા આતંકી હુમલા અંગે કહ્યું કે, જે લોકો આ હુમલા માટે જવાબદાર છે તેઓને છોડવામાં આવશે નહી. આતંકવાદ સામે આપણી લડાઈમાં અડગ છીએ અને આ નાપાક હરકતોનો જવાબ અપાશે.

# પહેલગામ હુમલાનો મૃત્યાંક ૨૮

# દિલ્હીથી ગુજરાત સુધી સુરક્ષા એલર્ટ

### ગુજરાત સહિતના સંવેદનશીલ રાજ્યોમાં પણ કડક બંદોબસ્ત તૈનાત

નવી દિલ્હી, તા. ૨૩

કાશ્મીરના પહેલગામમાં ત્રાસવાદીઓના ભયાનક હુમલામાં ભોગ બનેલા પ્રવાસીઓનો મૃત્યુઆંક ૨૮ પર પહોંચ્યો છે. આ હુમલાના પગલે પાટનગર દિલ્હીથી માંડીને ગુજરાત સુધીના રાજયોમાં હાઈએલર્ટ ઘોષિત કરવામાં આવ્યું છે અને સુરક્ષા બંદોબસ્ત વધુ કડક બનાવવામાં આવ્યો છે. પહેલગામમાં પ્રવાસી પરનો હુમલો ૧૯૯૦ના દાયકા પછીનો સૌથી ભયાનક ગણાવવામાં આવ્યો છે. આ પૂર્વે માર્ચ-૨૦૦૦ના વર્ષમાં અનંતનાગ જિલ્લામાં ત્રાસવાદીઓએ શીખ સમુદાયના ૩૦ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ વખતે ત્રાસવાદીઓએ દેશના જુદા જુદા ભાગોમાંથી આવેલા પ્રવાસીઓને નિશાન બનાવ્યા હતા જે પાછળનો ઈરાદો દેશમાં કોમી, અશાંતિ સર્જવાનો હોય શકે છે. કાશ્મીર હુમલાના પગલે કેન્દ્ર સરકારે વળતા એકશન લેવાની તૈયારી શરૂ જ કરી દીધી હોય તેમ બેઠકોનો દૌર ચાલી રહ્યો છે અને દિલ્હીથી માંડીને ગુજરાત સુધીના રાજયોમાં સુરક્ષા વધારવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં તંત્ર દ્વારા એલર્ટ જારી કરી દેવામાં આવ્યું હતું.

પાટનગરના પ્રવાસન સ્થળો ઉપરાંત ભીડભાડ ધરાવતા જાહેર સ્થળો, બજારો તથા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી હતી. આવા સ્થળોએ વધારાનો સુરક્ષ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો.આ સિવાય વિદેશોથી આવતા શંકાસ્પદ ફોનકોલને આંતરવાની પણ સૂચના જારી કરવામાં આવી હતી. જેને કારણે કોઈ વધુ ષડયંત્રને અંજામ આપતા પૂર્વે જ પકડી શકાય. પાટનગર દિલ્હી ઉપરાંત એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, લાલ કિલ્લા, કુતુબમીનાર જેવા સ્થળોએ પણ સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે. તમામ જિલ્લા પોલીસ પ્રમુખોને પોતપોતાના ક્ષેત્રોના સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા વધારવા અને અત્યંત તકેદારી રાખવા સૂચના જારી કરવામાં આવી હતી.

અનુસંધાન પાના ૭ પર

# પહેલગામ આતંકી હુમલાને વખોડી કાઢતા રાહુલ ગાંધી

### રાહુલે અમીત શાહ સાથે ટેલીફોનીક વાત કરી

નવી દિલ્હી, તા. ૨૩

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આ ઘટના અંગે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (JKPCC)ના પ્રમુખ તારિક કારા સાથે વાત કરી હતી.

રાહુલ ગાંધીએ હુમલાને નિંદનીય ગણાવ્યો હતો અને પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને તેમને તમામ શક્ય મદદ અને ન્યાયની ખાતરી આપી હતી.

"ગૃહ પ્રધાન અમિત શાહ, J&K CM ઓમર અબ્દુલ્લા અને J&K પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ તારિક કારા સાથે પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલા વિશે વાત કરી. પરિસ્થિતિ અંગે અપડેટ મેળવ્યું. પીડિત પરિવારોને ન્યાય અને અમારા સંપૂર્ણ સમર્થનની જરૂર છે," રાહુલ ગાંધીએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Instagram પર એક પોસ્ટમાં લખ્યું.

અગાઉ મંગળવારે એક ઠ પોસ્ટમાં રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, "જમ્મુ-કાશ્મીરના પહલગામમાં કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલામાં પ્રવાસીઓના માર્યા જવાના અને ઘણા લોકો ઘાયલ થવાના સમાચાર અત્યંત નિંદનીય અને હૃદયદ્રાવક છે. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને આશા

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકા, રશિયા સહિત વિશ્વભરના દેશોએ આતંકી હુમલાને વખોડયો

### ભારતને ત્રાસવાદ સામેની લડાઈમાં સંપૂર્ણ સહકાર આપવા ટ્રમ્પ અને પુટીનની પણ તૈયારી

નવી દિલ્હી, તા. ૨૩

કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક આતંકવાદી હુમલાને દુનિયાભરના દેશોના નેતાઓએ વખોડયો છે અને







ત્રાસવાદ સામેની લડાઈમાં ભારતની પડખે જ હોવાનું જાહેર કર્યુ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન વડા પુટીન સહિતના નેતાઓએ હુમલાની આકરી ટીકા કરી હતી અને ઘેરો શોક દર્શાવ્યો હતો.અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાને અત્યંત કાયરતાપૂર્ણ ગણાવ્યો હતો અને ભારતને મજબુત સમર્થન આપવાનું જાહેર કર્યુ હતું. ત્રાસવાદ સામે અમેરિકા કાયમ ભારતની પડખે રહેશે.

હુમલામાં ભોગ બનેલા લોકો પ્રત્યે તેઓએ સંવેદના દર્શાવી હતી. વડાપ્રધાન મોદી સાથે વાતચીત પણ કરી હતી. ભારતના જ પ્રવાસે રહેલા ઉપપ્રમુખ જે.ડી.વેન્સે પણ ત્રાસવાદી હુમલાને અત્યંત આઘાતજનક ગણાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રાસવાદી

અનુસંધાન પાના ૭ પર

### ઉરીમાં ઘૂસણખોરી કરતા બે આતંકીઓ ઠાર મરાયા

નવી દિલ્હી, તા. ૨૩

પહેલગામમાં ગઈકાલે પર્યટકો પર થયેલા આતંકી હુમલા બાદ આજે ઉતરી કાશ્મીરના ઉરીમાં સેનાએ આતંકીઓની ઘુસણખોરી નિષ્ફળ બનાવી હતી. સેનાએ પહેલગામ ટેરર એટેકનો બદલો લઈ બે આતંકીઓને આજે ઠાર કર્યા હતા.

આજે ઉતરી કાશ્મીરના ઉરી સેકટરમાં આતંકી ઘૂસણખોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સેનાના જવાનોએ તેને નિષ્ફળ બનાવી દીધો હતો. સેનાના જવાનો સાથે અથડામણમાં બે આતંકી ઘૂસણખોરો ઠાર થયા છે. હજુ પણ સર્ચ ઓપરેશન સેના દ્વારા ચાલુ છે.



### અમિત શાહે પાર્થિવ દેહો પર પુષ્પાંજલી અપર્ણ કરી

ગઈકાલે હુમલાના પગલે શ્રીનગર દોડી ગયેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાત્રીના બેઠકોનો દૌર ચલાવીને સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. આજે સવારે તેઓએ શ્રીનગર લાવવામાં આવેલા દિવંગત સહેલાણીઓના પાર્થિવદેહને પુષ્પાંજલી કરી હતી તથા તેમના સંબંધીઓને મળ્યા હતા અને બાદમાં તેઓ પહેલગામ જવા રવાના થયા હતા. જયાં તેઓ હુમલાના સ્થળની મુલાકાત લેશે અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સહેલાણીઓને મળશે.

# પહેલગામ હુમલાનો માસ્ટર માઈન્ટ સૈફુલ્લાહ ખાલીદ છે

### લશ્કરએ તોયબાના હાફીઝ સઈદનો ખાસ ગણાય છે ખાલીદ

નવી દિલ્હી, તા. ૨૩

કાશ્મીરમાં ગઈકાલે બાયસરન ઘાટીમાં થયેલા આતંકી હુમલાની જવાબદારી ખીણમાં સક્રિય ધ રેઝીસ્ટેસ ફ્રન્ટ (ટીઆરએ) એ જવાબદારી લીધી છે જે હુમલાનો માસ્ટર માઈન્ડ સૈફુલ્લાહ ખાલીદ છે જે પાકિસ્તાનમાં જ હાલ શરણ લઈ રહ્યો છે અને લશ્કર એ તોયબાના વડા હાફીઝ સઈદનો અત્યંત નજીકનો ગણવામાં આવે છે.આમ આ હુમલાના હુમલાનું આયોજન પાકિસ્તાનમાં જ થયું હતું અને તેમા લશ્કર એ તોયબાની ભૂમિકા હોવાનું નિશ્ર્ચિત થયું છે. ટીઆરએ સંગઠન એ ખીણ વિસ્તારમાં આતંકી ગતિવિધિઓને અંજામ આપે છે.લશ્કર એ તોયબા પર આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ હોવાથી તેણે આતંકી પ્રવૃતિ માટે આ સંગઠનની રચના કરી છે અને પાકિસ્તાનની જાસુસી એજન્સી આઈએસઆઈનું તેને પીઠબળ છે.

લશ્કર એ તોયબાના ડે.ચીફ

અનુસંધાન પાના ૭ પર

# આતંકીઓએ સાત દિવસ રેકી કરી : લોકલ કવર મોજૂદ હતા

### નજીકની ઝાડીમાંથી આવ્યા અને સલામત સરકી પણ ગયા

નવી દિલ્હી, તા. ૨૩

કાશ્મીર ખીણના પર્યટન માટે સૌથી મશહુર પહેલગામમાં થયેલા ત્રાસવાદી હુમલામાં આતંકીઓ યોગ્ય સમયની રાહમાં હતા તે નિશ્ચિત થયુ છે અને આ હુમલામાં છ ત્રાસવાદીઓ સામેલ હતા. સૂત્રોને ટાંકીને સમાચાર સંસ્થાઓના અહેવાલ મુજબ હુમલાખોર ત્રાસવાદીઓ ટુરીસ્ટના સ્વરૂપમાં તા.૧થી૭ એપ્રિલ સુધી પહેલગામ અને તેની આસપાસના ક્ષેત્રમાંજ હતા અને સમગ્ર હુમલાને અંજામ આપવા પુરી રીતે રેકી કરી હતી.સહેલાણીઓ ખાસ કરીને કયારે સૌથી વધુ ખુલ્લામાં હોય છે અને આ માટે તેઓએ સ્થાનિક સ્લીપર સેલની મદદ લીધી હતી જેથી કોઈને શંકા જાય નહી. હુમલાના સ્થળેથી એક નંબર પ્લેટ વગરની મોટર સાયકલ મળી છે જે આ અંગે લોકલ સપોર્ટની તપાસમાં મદદરૂપ બનશે.

આ હુમલામાં ધ રેસીસ્ટન્ટ ફોર્સ જે ટી.આર.એસ.ના નામે ઓળખાય છે તેણે જવાબદારી લીધી છે તેનો વડો ઐહુલ્લાહ જે ખુદને કમાન્ડર તરીકે ઓળખાવે છે તે હાલ પાકિસ્તાનમાં છે અને તેની આ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા પણ છે તે નિશ્ચિત બન્યુ છે.

અનુસંધાન પાના ૭ પર

# મતદાર યાદી સામે એક પણ અપીલ મળી નથી : ચૂંટણી પંચ

## મતદાર નોંધણી પ્રક્રિયાની પારદર્શિતા અને મતદાર યાદીની ક્ષતિરહિતતા સત્ય છે

સુરત, તા.૨૩

ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સામે અપીલ બાબતે તૈયાર કરવામાં આવેલા રિપોર્ટ મુજબ ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી સામે રાજ્યમાંથી એક પણ અપીલ પ્રાપ્ત થઈ નથી. આ રિપોર્ટ પરથી સ્વયંસ્પષ્ટ છે કે, મતદાર નોંધણી પ્રક્રિયાની પારદર્શિતા તથા શુદ્ધતા તે સત્ય છે.

ભારતમાં લોકશાહી એ માત્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી વ્યવસ્થા જ નહી પણ પારદર્શિતાનું પણ શ્રેષ્ઠ ઉદાહરણ છે. સતત થતા રહેતાં વસતી વિષયક ફેરફારોને અનુરૂપ થઈ ચૂંટણી વ્યવસ્થાની સૌથી પાયાની બાબત એવી મતદાર યાદી અદ્યતન અને ક્ષતિરહિત બને તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સમયાંતરે મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં બુથ લેવલ ઑફિસર્સ અને મતદાર નોંધણી અધિકારીશ્રીઓ દ્વારા પૂરતી તપાસ બાદ લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૨ અને કલમ ૨૩ મુજબ મતદાર યાદીમાં નામ ઉમેરવા તથા કમી કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવે છે.મતદાર નોંધણી પ્રક્રિયામાં રાજકીય પક્ષોની ...ભાગીતા સુનિશ્ચિત થાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી આ પ્રક્રિયા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે જ તેમને બૂથ લેવલ એજન્ટ્સની નિમણૂક કરવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. રાજ્યના તમામ બુથ પર રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત ૪૧,૪૮૮ બુથ લેવલ એજન્ટ્સ દ્વારા મતદાર યાદીમાં થતા સુધારા અને ફેરફાર માટે સહયોગ આપવામાં આવે છે. મતદાર યાદીમાં કરવામાં આવતા ફેરફારો સામે જરૂર જણાય તેવા કિસ્સાઓમાં લોકપ્રતિનિધિત્વ ધારો-૧૯૫૧ ની કલમ ૨૪ મુજબ જિલ્લા ચૂંટણી

અનુસંધાન પાના ૭ પર



# ભરથાણા ડીઆરબી કોલેજમાં યોગ પ્રશિક્ષણ શિબિર યોજાશે

## યોગ શિબિરમાં રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે

સુરત, તા.૨૩

સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન સમગ્ર ગુજરાતમાં ચાલી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી એ મન કી બાત કાર્યક્રમમાં મેદસ્વિતાથી મુક્તિ માટે દેશવાસીઓને કરેલા આહવાનને ઝીલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની (૨૧ જૂન ૨૦૨૫) ઉજવણીના ભાગરૂપે મેદસ્વિતાને યોગ અને પ્રાણાયામના માધ્યમથી દૂર ભગાવવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આગામી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આગામી તા.૪/૫/૨૦૨૫ના રોજ સવારે ૫.૩૦ વાગે ડી. આર. બી. કોલેજ, સી. બી. પટેલ સ્પોર્ટ કોમ્પ્લેક્સ, ભરથાણા, વેસુ ખાતે યોગ શિબિર શિબિર યોજાશે. જેમાં મુખ્ય અતિથિ રમત ગમત મંત્રી હર્ષભાઈ સંઘવી, ગુજરાત સરકાર યોગ બોર્ડ ચેરમેનશ્રી શિશપાલજી યોગ શ ચેરમેન ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના ભાગરૂપે પ્રોજેક્ટ મેનેજર નિમેષભાઈ ચૌહાણના નેતૃત્વમાં સર્કિટ હાઉસ અઠવાલાઈન્સ ખાતે યોગસંવાદ યોજાયો હતો. જેમાં ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર ડોક્ટર પારૂલબેન પટેલ, દીશા જાની, હીના ચાવડા, ક્લાસ ઈન્સ્પેક્ટર નવનીતભાઈ શેલડીયા, સોશિયલ મીડિયા કોર્ડીનેટર સપના શર્મા અને હિરલ દવે, પૂર્વ કોડીનેટર પણ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના કોચ અને ટ્રેનરો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્ર્રેસિડન્સી સ્કૂલમાં ડિઝાસ્ટર ફાયર સેફ્ટી મોકડ્રીલ યોજાયુ



## દુર્ઘટના સમયે બચાવ તથા સલામતી અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજણ અપાઈ

સુરત, તા.૨૩

પ્રેસિડન્સી સ્કૂલમાં ડિઝાસ્ટર/ ફાયર સેફ્ટી મોકડ્રીલ યોજવામાં આવ્યું : ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં આગ લાગે ત્યારે કે અન્ય આકસ્મિક દુર્ઘટના સર્જાય ત્યારે કઈ રીતે સતર્કતા વર્તવી તે અંગે માર્ગદર્શન હેતુસર DY ચીફ ફાયર ઓફિસર માનનીય શ્રી એસ. ડી. ધોબીના સંકલનસ્થાનેથી શ્રી સંપતભાઈ અને ટીમ દ્વારા મોકડ્રીલ યોજવામાં આવ્યું હતું. આચાર્યા દ્વારા આયોજિત ઘટના અંગે કોલ કર્યા બાદ ગણતરીની મિનિટોમાં ફાયરની ગાડીઓ અને ફાયર ફાઈટર ટીમ હાજર થઈ ગઈ હતી. અને તરત જ કાર્યક્રમ અંત... શિક્ષકો, બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓને વર્ગખંડથી લઈને બહારના એસેમ્બલી એરિયા સુધી કઈ રીતે તમારે કોઈપણ સંજોગોમાં ગભરાયા વગર સલામતીપૂર્વક બહાર નીકળવાનું છે અને જો તમારા મિત્રોને કંઈ પણ તકલીફ થાય તો કઈ રીતે એમને પણ બચાવવાના છે , તમારે પણ બચવાનું છે , એ અંગેની લાઈવ એક્ટિવિટી સાથે ખૂબ જ સુવ્યવસ્થિત તાલીમ આપવામાં આવી. શાળામાં જે ફાયર સેફ્ટીના સાધનો છે, તેનો ઉપયોગ કઈ રીતે કરવો તે અંગે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

માત્ર આગ લાગે ત્યારે જ નહીં પણ ડિઝાસ્ટરની બીજી કોઈપણ ઘટનામાં જેવી કે લિફ્ટમાં કોઈક વ્યક્તિ ફસાઈ જાય, કોઈ ડૂબી જાય છ, કોઈ મકાન કે ઝાડ પડી જાય છે, તો કયા સાધનોથી એ વસ્તુને કાપીને માનવીય બચાવ કરવામાં આવે છે, તે અંગેની તમામ સમજણ જુદા જુદા સાધનો દ્વારા આપવામાં આવી હતી. ફાયરના મોટી સંખ્યામાં હાજર રહેલા ફાયરના જવાનોએ ખૂબ જ સરસ કામગીરી બજાવી હતી અને વિદ્યાર્થીઓએ તેઓને સલામી આપી તાળીઓથી વધાવ્યા હતા. આ તબક્કે ગુજરાત ગેસ કંપનીના પ્રતિનિધિ શ્રી રાજનભાઈ અને પોલીસ કમિશ્નર કચેરી તરફથી મુખ્ય પ્રતિનિધિ અને પોલીસની ટીમ હાજર રહી હતી. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમને ખૂબ જ કાળજીપૂર્વક માણ્યો, સમજ્યા અને પ્રેક્ટિકલ જે એક્ટિવિટી કરી, તેમાં તેઓએ હિસ્સો પણ લીધો હતો. હાજર તમામે તાળીઓના ગડગડાટથી સમગ્ર ટીમને વધાવી લીધી હતી.

# ચેમ્બર દ્વારા વિજળી કંપની સાથે ઓપન હાઉસ યોજાશે

## ઉદ્યોગકારો-વેપારીઓ સાથે વિજ કંપનીના અધિકારીઓ ચર્ચા કરશે

સુરત, તા.૨૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) અને ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ના અધિકારીઓ સાથે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોકત ઓપન હાઉસમાં જેટકો પ્રોજેકટ્સના ચીફ એન્જીનિયર શ્રી એ.બી. રાઠોડ, જેટકો ટ્રાન્સમીશનના ચીફ એન્જીનિયર શ્રી કે.એચ. રાઠોડ, ડીજીવીસીએલના ચીફ એન્જીનિયર શ્રી એમ.જી. સુરતી, જેટકોના ભરૂચ રિજીયનના એડિશનલ ચીફ એન્જીનિયર શ્રીમતી પન્ના નાયક ઉપસ્થિત રહેશે. આ ઓપન હાઉસમાં સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ દ્વારા જેટકો અને ડીજીવીસીએલ સંબંધિત વિવિધ પ્રશ્નોની અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

# દમણમાં કુટણખાનમું ચલાવતા પાંચની ધરપકડ કરતી પોલીસ

## દમણની હોટલમાં પોલીસે છાપો માર્યો

દમણ, તા.૨૩

દમણ માં છેલ્લા ઘણા સમય થી સોશિયલ મિડિયા ના માધ્યમ થી અને ઓન લાઈન પ્લેટફોર્મ દ્વારા અલગ અલગ વિસ્તાર માંથી મહિલા ઓ ને નોકરી અપાવવાની લાલચ આપી દેહ વ્યાપાર માં ધકેલી દેવાની ઘટના ના પગલે દમણ પોલીસ દ્વારા હોટેલો માં એક ડમી ગ્રાહક ઊભો કરી, પૂરી ઘટના નો પર્દાફાસ કરતા પાંચ આરોપી ઓ નાગેન્દ્ર ધર્મરાજ,ઈરફાન, સતીશ નગીના, રાજેશ કુમાર અને રજનીશ ની ધરપકડ કરવામાં આવી , સાથે મોબાઈલ અને એક અલ્ટો કાર પણ જપ્ત કરવામાં આવી.શારીરિક શોષણ કરાવી કમાઈ નો વ્યવસાય બનાવી દેતા આરોપીઓ વિરુદ્ધ કાનૂન ૧૯૫૬ની ધારા ૪,૫, ૭ મુજબ ગુનો દાખલ વધુ તપાસ હાથ ધરી.

# ૧૦ જેટલા વ્યવસાય માટે વિનામૂલ્યે સાધન સહાય કીટ આપવામાં આવશે

## સહાય માટે પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા જાહેર

સુરત, તા.૨૩

માનવ કલ્યાણ યોજના વર્તમાન વર્ષ ૨૦૨૫–૨૬ માટે રાજય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરની કચેરી દ્વારા માનવ કલ્યાણની યોજનાની કામગીરી પારદર્શક બને તેવા આશયથી ઘર બેઠા અરજી કરી શકે તે માટે ઓનલાઈન અરજીની વ્યવસ્થા કરવામાં આવી છે. સમાજના નબળા વર્ગના લોકો, જેમણે નાના પ્રકારના ધંધા કે રોજગાર શરૂ કરવા હોય, તેમને તેમના વ્યવસાયને અનુરૂપ સાધન-ઓજાર સહાયરૂપે આપવામાં આવે છે. જેમાં અથાણા બનાવટ, ઈલેક્ટ્રિક એપ્લાયન્સીસ રીપેરીંગ, દુધ-દહી વેચાણ, પંચર કીટ, પાપડ બનાવટ, પ્લમ્બિંગ, બ્યુટી પાર્લર, ભરતકામ, વાહન સર્વિસીંગ અને રીપેરીંગ તથા સેન્ટીંગ કામ વગેરે માટે સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે અરજદારોએ https://e-kutir.gujarat.gov.in પોર્ટલ પર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન

અનુસંધાન પાના ૭ પર



# નાયકા મરાઠા સમાજનો ૨૭મો સમૂહ લગ્ન 'સોહળા' યોજાયો

## સમૂહ લગ્નગ્રંમાં ૧૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા

સુરત, તા.૨૩

છેલ્લા ૨૭ વર્ષથી સમૂહ લગ્ન યોજાય છે એ જ રીતે આ વર્ષે પણ નાયક મરાઠા સમાજ સેવા સંઘ સુરત દ્વારા ૧૧ જોડીનો ૨૭ મો સમૂહ લગ્ન સોહળા તારીખ ૨૧-૦૪-૨૦૨૫ ના રવિવારના રોજ બદ્રીનારાયણ મંદિર વાળી જૂની સડક નદી કિનારા પાસે અડાજન સુરત ખાતે યોજાયો હતો,આ સમારોહમાં શ્રી સી.આર. પાટિલ ભારત સરકારના કેબિનેટ જળશક્તિ મંત્રી,શ્રી ભરતશેઠ ગોગાવલે કેબિનેટ મંત્રી મહારાષ્ટ્ર સરકાર,શ્રી મુકેશ દલાલ સુરત લોકસભાના સાંસદ ,શ્રી વિકાસશેઠ ગોગાવલે કોર કમિટી સદસ્ય મહારાષ્ટ્ર રાજ્ય યુવાસેના ,શ્રી જીગ્નેશભાઈ પાટીલ પ્રમુખ યુથ ફોર ગુજરાત, શ્રી છોટુભાઈ પાટીલ માજી ભાજપ ઉપપ્રમુખ સુરત ભાજપ,મહાડ નગર પરિષદ ના માજી નગર અધ્યક્ષા સૌ સ્નેહલ જગતાપ,ટ્રાંસપોર્ટ કમિટી ચેરમેન સોમનાથ ભાઈ મરાઠે,સમાજ સેવક ડો ઈકે પાટીલ, સહિતના મહાનુભાવો તેમજ સમાજના અગ્રણીઓ અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે કુલ ૧૧ કપલએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા, આ સમૂહ લગ્નમાં સમાજના લોકોએ ભેગા મળીને સમાજની એકતા દર્શાવી ઉજવણી કરી હતી, મહિલા મંડળની બહેનો અને યુવાનો મળીને કાર્યક્રમની વ્યવસ્થાનો કારભાર સમુપર્ણ વ્યસ્થિત અને શિસ્તબદ્ધ પાર પડાયો હતો. સમૂહ લગ્નમાં સેવા અને સહયોગ આપનાર તમામ આગેવાનોનો નાયક મરાઠા સમાજ સેવા સંઘના પ્રમુખ અશોકભાઈ પોટે, સેક્રેટરી ગણેશભાઈ સાવંત, ખજાનચી પ્રદીપ મોરેએ તમામનો આભાર માન્યો હતો.શ્રી પ્રકાશ હેડાઊ સાહેબ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સુરત મહાનગર પાલિકા,શ્રી સંતોષ શંકર સનસ ટ્રસ્ટી, શ્રી વસંત ભોંસલે કાર્યકારી પ્રમુખ, શ્રી ચંદ્રકાંત નિંબાળકર, શ્રી સંતોષ શેડગે, શ્રી સંજય દિવિલકર, શ્રી પ્રવિણ મોરે, શ્રી સંતોષ કદમ, શ્રી રમેશ શિંદે એડવોકેટ એન્ડ નોટરી, શ્રી રૂપેશ કોડાલકર, શ્રી નિતીન પવાર, શ્રી રાજેશ કદમ, શ્રી દિપક શિંદે, શ્રી ગણેશ ઠૂલે, શ્રી મહેન્દ્ર કોડાલકર, શ્રી સંપત ગાયકવાડ, વિકાસ કાલગુડે, શ્રી બારકુ ગાયકવાડ, શ્રી સભાજી મહાડીક, શ્રી વસંત મોહીતે, શ્રી સંજય મોરે રાયગઢ વાડી ગ્રામસ્થ મંડળ અધ્યક્ષ શ્રી સુનિલ સાવંત, શ્રી રાકેશ કડુ, શ્રી અમર જંગમ, શ્રી સચિન મોરે, શ્રી દિનેશ દિપક શિંદે, જિતેન્દ્ર શેડગે, શ્રી દિપક કદમ, શ્રી સંપત તુકારામ કનોજે, શ્રી સંતોષ જાધવ, શ્રી મહાદેવ કનોજે, શ્રી મનોજ હુલે, શ્રી સંતોષ બોરખડે, શ્રી રાકેશ વાલેકર.

# વિજ જોડાણ માટે સહ માલિકોની સંમતી હવે ફરજીયાત રહેશે નહીં

## રાજ્યના ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ જોડાણ માટે નિર્ણય

સુરત, તા.૨૩

ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને ધ્યાને લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી પૂરા પાડવા ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

પ્રવર્તમાન જોગવાઇ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહમાલિકનું સંમતિ પત્રક મેળવવાની રહે છે. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેચણી કરેલ હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી. આથી ખેડૂતો તેમજ આદિવાસી વિસ્તારના ધારાસભ્યશ્રીઓની રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આ

અનુસંધાન પાના ૭ પર



# ડો. આંબેડકર ઓપન યુનિ. માં ટ્રાન્સજેન્ડર સમુદાય સાથે ચર્ચા

## ટ્રાન્સજેન્ડરોને નિઃશુલ્ક શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે : કુલગુરૂ ડો. ઉપાધ્યાય

સુરત, તા.૨૩

રાજ્ય સરકાર દ્વારા ૧૯૯૪માં સ્થાપિત NAAC A++ ગ્રેડથી ધરાવતી રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી એવી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-- અમદાવાદ દ્વારા યુનિ.ના પ્રાદેશિક કેન્દ્ર, સુરત ખાતે ટ્રાન્સજેન્ડર સમુદાય માટે વિશેષ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫૫ થી વધુ ટ્રાન્સજેન્ડર સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.કુલગુરુશ્રીએ ટ્રાન્સજેન્ડર સમુદાય શિક્ષિત, સશક્ત બને અને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાય એ માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે, BAOU એ રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે, જે NAAC માં A++ ગ્રેડ ધરાવે છે. યુનિવર્સિટી દ્વારા ટ્રાન્સજેન્ડરોને નિઃશુલ્ક શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે, અને આવનારા સમયમાં પણ આ સમુદાય માટે વધુ શૈક્ષણિક

અનુસંધાન પાના ૭ પર

### ભટારથી દિવ્યા પટેલ ગુમ

સુરત, તા.૨૩

ખટોદરાપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજઘર નં-૩૩, પહેલા માળે, શિવશક્તિ સોસાયાટી, તડકેશ્વર સોસાયટીની બાજુમાં,આઝાદનગાર, ભટાર, ખાતે રહેતી ૧૮ વર્ષીય દિવ્યા દિનેશભાઈ પટેલ ગુમ થયા છે.તેઓ પાતળું બાંધાના, રંગે ગોરાવર્ણ અને ઊંચાઈ૫.૫ફૂટ છે.તેમણેકાળા કોટનનનું પેન્ટ તથા સ્કાય બ્લ્યુ ટી શર્ટ પહેર્યા છે.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાખટોદરાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### અડાજણથી અવીનાદેવી પાસવાન ગુમ

સુરત, તા.૨૩

અડાજણપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજઘર નં-૬૫, ઠાકોરદ્વાર સોસાયટી, સી.કે.પટેલ સ્કુલની સામે, અડાજણ (મુળ રહે. ગામ-કલાપુર, થાના-બિછવા, જી.કંચનપુર, નેપાળ),ખાતે રહેતી ૩૩વર્ષીય અવીનાદેવી અશોકકુમાર પાસવાનગુમ થયા છે. તેઓ મજબુતબાંધાના,રંગેશ્યામવર્ણ અને ઊંચાઈ૫.૨ફૂટ છે. તેમણેસફેદ કુર્તી તથા કાળા લેગીશપહેર્યા છે.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### વેડરોડથી રમેશરાવ જયસ્વાલ ગુમ

સુરત, તા.૨૩

ચોકબજારપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજઘર નં.૩૦૯, વિશાલનગર, હિરાબાગ, કાપોદ્રા (મુળ રહે. ગામ-ખટીયાપાર, તા.બગોદર, જી.ગીરડી, રાજ્ય-ઝારખંડ, ખાતે રહેતી ૧૭ વર્ષીયરમેશરાવ જયસ્વાલ ગુમ થયા છે. તેઓ પાતળું બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૦ ફૂટ છે.તેમણેગ્રે કુર્તી અને સફેદ લેગીશપહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### પુણાગામથી સુમિત્રાબેન ગોહિલ ગુમ

સુરત, તા.૨૩

પુણાપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજઘર નં.૧૧૧,નંદનવન સોસાયટી,માતૃશક્તિ સોસાયટીની સામે,પુણાગામ (મુળ રહે. ગામ-ખિલાવડ, તા-ગીરગઢડા, જી-ગીર, સોમનાથ),ખાતે રહેતીર૨વર્ષીયસુમિત્રાબેન કાંતિભાઈ ગોહિલગુમ થયા છે.તેઓમધ્યમબાંધાના, રંગે ઘઉવર્ણ અનેઊંચાઈ ૫.૧ફૂટ છે. તેમણેબ્લુ કુર્તી અને બ્લુ જીન્શ પેન્ટપહેર્યાછે.કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશનઅથવાપુણાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### કાપોદ્રાથી ખુશ્બૂ પ્રજાપતિ ગુમ થયા

સુરત, તા.૨૩

કાપોદ્રાપોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજરૂમનં-૧૬૯, હિંમતનગર સો.સા, અંકુરવિદ્યૃાલયની પાસે, હિરાબાગ, કાપોદ્રા (મુળ રહે. ગામ-બગસરા, જી.અમરેલી), ખાતે રહેતાકિરીટભાઈ મશરૂ ના ૨૮વર્ષીયપુત્રીખુશ્બૂ પ્રજાપતિ ગુમ થયા છે. તેઓ મધ્યમબાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૪ફૂટ છે. ગુમ થતા સમયે, તેઓ કેવા કપડા પહેર્યા હતા તેની માહિતી ઉપલબ્ધ નથી. કોઈને ભાળ મળે તો તેમણેનજીકના પોલીસ સ્ટેશન અથવાકાપોદ્રાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ચાર વર્ષની બાળકીનું માતાપિતા સાથે પુનઃમિલન કરાવતી પોલીસ



સુરત, તા.૨૩

માતા-પિતાથી વિખૂટી પડેલી ચાર વર્ષની બાળકીનું માતા-પિતા સાથે પુનઃમિલન કરાવી અડાજણ પોલીસ સ્ટાફે પોલીસ કાયદો વ્યવસ્થાની સાથે લોકસેવા, જવાબદારી અને સંવેદનાના દર્શન કરાવ્યા છે. બે દિવસ પહેલા જ ઉનાળાના વેકેશનમાં ફરવા માટે માતા સાથે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી સુરત આવેલા દિવાકર પરિવારની ચાર વર્ષીય બાળકી રિયા ઘર પાસેથી રમતા-રમતા ગુમ થઈ હતી. ત્યારે ગણતરીની મિનિટોમાં એક જાગૃત્ત રાહદારીની મદદથી અડાજણ પોલીસે સહીસલામત શોધી કાઢી હતી.

વાત એમ છે કે અડાજણ વિસ્તારના ...ડારી ચાલમાં તા.૨૦મીએ રવિવારે બપોરના સમયે એક વાગ્યાના અરસામાં રિયા રમતા-રમતા ઘરથી દૂર ચાલી ગઈ હતી, ત્યારે એક રાહદારીના ધ્યાને આવતા બાળકીને લઈને ડી.સી.પી કચેરી અડાજણ ઝોન-૫માં આવ્યા હતા. બાળકીના માતાપિતાને શોધવા માટે ઝોન-૫ના અધિક પોલીસ કમિશનર રાકેશ બારોટ અને મદદનીશ પોલીસ કમિશનર ડી.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ અડાજણ પોલીસ ઈન્સ્પેક્ટર પી.જે. સોલંકી દ્વારા પોલીસની શી ટીમ અને ત્રણ સર્વેલન્સ ટીમો તપાસના કામે લાગી હતી. ૩૦થી વધુ સીસીટીવી કેમેરા ચેક કર્યા. મોબાઈલમાં ફોટો સાથે રાખી માતા-પિતાની અલગ-અલગ વિસ્તારમાં ચાર ટીમોએ તપાસ હાથ ધરી હતી. હ્યુમન સોર્સ અને ભાષાના આધારે ગણતરીની મિનિટોમાં જ બાળકીના માતા-પિતાને શોધી કાઢ્યા હતા. નવાઈની વાત એ હતી કે પોલીસ માતાપિતા સુધી પહોંચી ત્યાં સુધી માતાપિતાને બાળકી ગુમ થઈ છે એવો ખ્યાલ પણ ન હતો. અડાજણ પીઆઈ પી.જે.સોલંકી એ જણાવ્યું હતું કે, જ્યારે કોઈ બાળક

અનુસંધાન પાના ૭ પર

## એક રાહદારીની મદદ અને અડાજણ પોલીસની સજાગતાથી બાળકી સહીસલામત મળી આવી

# વિશ્વ પુસ્તક દિને આપણે શું કરી શકીએ?



- એક નવું પુસ્તક વાંચવાની શરૂઆત કરો
- તમારા મિત્રો અને બાળકોને વાંચવામાં રસ આવે તેવા પુસ્તકો ભેટ આપો
- સ્થાનિક પુસ્તકમેળા અથવા લાઈબ્રેરીની નિયમિત મુલાકાત લો
- પ્રેરણાદાયી વાંચનથી દૈનિક જીવનમાં નાના-મોટા બદલાવ લાવો

(ખાસ લેખ: પરેશ ટાપણીયા)



## "દિનવિશેષ- ૨૩ એપ્રિલ- વિશ્વ પુસ્તક દિવસ"

# ૧૯૩૯ માં સ્થપાયેલી સુરતની સૌથી જૂની લાઈબ્રેરીઓમાંની એક 'ધી કમર ફ્રી લાઈબ્રેરી'

### સોદાગરવાડમાં આવેલી 'ધી કમર ફ્રી લાઈબ્રેરી'માં ૧૧ હજાર પુસ્તકો ઉપલબ્ધ: ઉર્દુ ભાષામાં ૬૫૦૦, ગુજરાતીમાં ૨૦૦૦, અંગ્રેજીમાં ૨૦૦૦ અને હિન્દીમાં ૫૦૦ જેટલા પુસ્તકોનો અમૂલ્ય ખજાનો

દર વર્ષે ૨૩ એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસના રૂપમાં ઉજવવામાં આવે છે. યુનેસ્કોએ ૧૯૯૫ માં આ દિવસને 'વિશ્વ પુસ્તક અને કૉપીરાઈટ દિવસ' તરીકે ઘોષિત કર્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વાંચન, પ્રકાશન અને બૌદ્ધિક સંપત્તિ અધિકારોના મહત્વને પ્રોત્સાહન આપવાનો છે. આ તારીખને પસંદ કરવાની પાછળનું કારણ એ છે કે ૨૩ એપ્રિલ એ વિલિયમ શેક્સપિયર અને મિગેલ દે સર્વાન્ટેસ જેવા મહાન સાહિત્યકારોના મૃત્યુદિન સાથે જોડાયેલો છે.

વિશ્વ પુસ્તક દિવસે સુરતની 'ધી કમર ફ્રી લાઈબ્રેરી' (રી [illegible])ની રોચક ગાથા જાણવા જેવી છે. સુરતના સોદાગરવાડ વિસ્તારમાં આવેલી અને ૧૯૩૯ માં સ્થપાયેલી સુરતની સૌથી જૂની લાઈબ્રેરીઓમાંની એક છે. તત્કાલીન સમયે કેટલાક ઉત્સાહી મુસ્લિમ યુવાનોએ સાથે મળી જાગૃત્ત દાતાઓના આર્થિક સહયોગથી સોદાગરવાડ વિસ્તારમાં લાલમહલ નામના મકાનમાં ભાડેથી લાઈબ્રેરી શરૂ કરી હતી. એ સમયે સુરતના મુહમ્મદ ઉમર ઉસ્માન ટોપીવાલા નામના પ્રબુદ્ધ વિચારક આ લાઈબ્રેરીમાં પોતાનું સામયિક મોકલતા. તેઓ ૧૭ વર્ષની ઉંમરે 'કમર' માસિક સામયિકની શરૂઆત કરી હતી. ૧૧ વર્ષ તેમણે સામયિક ચલાવ્યું. આ સામાયિકના કારણે તેઓ કમરવાલા'ના ઉપનામથી પ્રખ્યાત થયા હતા. તેઓ જે વાંચકો, સંસ્થાઓને મેગેઝિન મોકલતા તેઓ સામેથી અનેકવિધ પુસ્તકો પણ ટોપીવાલાને ભેટ સ્વરૂપે મોકલતા હતા. આ રીતે મુહમ્મદ ઉસ્માન ટોપીવાલા પાસે અમૂલ્ય પુસ્તકોનો ખજાનો એકત્રિત થયો. ટોપીવાલાએ આ તમામ પુસ્તકોનો આમ જનતાને પણ લાભ મળે એ માટે આ લાઈબ્રેરીને ભેટ આપી દીધા. ૧૯૪૧માં માત્ર ૩૧ વર્ષની ઉંમરે તેઓ અવસાન પામ્યા જેથી તત્કાલીન કમિટી દ્વારા મરહૂમ ટોપીવાલા અને લોકોમાં પ્રખ્યાત 'કમરવાલા'ની સ્મૃતિમાં તેમના નામ પરથી 'કમર ફ્રી લાઈબ્રેરી (કમર નિઃશુલ્ક લાઈબ્રેરી) એવું નામકરણ કરવામાં આવ્યું.

આ લાઈબ્રેરીની ઉડીને આંખે વળગે તેવી વિશેષતા એ છે કે તે સંપૂર્ણ વાતાનુકૂલિત અને વાઈફાઈની સુવિધાથી સજ્જ છે. અહીં ૧૧ હજાર પુસ્તકો ઉપલબ્ધ છે, જેમાં ઉર્દુ ભાષામાં ૬૫૦૦, ગુજરાતીમાં ૨૦૦૦, અંગ્રેજીમાં ૨૦૦૦ અને હિન્દીમાં ૫૦૦ જેટલા પુસ્તકોનો અમૂલ્ય ખજાનો છે. એટલું જ નહીં, આશરે ૧૫૦ થી વધુ વર્ષ જૂના ઉર્દુ ભાષામાં મિરાત-એ-સિકંદરી, દરબાર-એ-અકબરી અને ફારસી ભાષામાં હકીકત-એ-સુરત જેવા અલભ્ય પુસ્તકોનો ખજાનો સંગ્રહિત છે. ૧૦૦ જેટલા અખબારો અને સામયિકો અહીં દરરોજ આવે છે. મુઘલ યુગના અન્ય ઉર્દુ અને ફારસી ગ્રંથો, ૧૫ જેટલી વિવિધ મહત્વપૂર્ણ ડિક્ષનરીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રકાશનો, રાજકીય, સામાજિક, ધાર્મિક, કલા-સાહિત્ય, જીવનચરિત્રો ગ્રંથોથી લઈને ડિજિટલ સામયિકો પણ વાંચવા મળે છે.

ખૂબ જૂની હોવા છતાં આ લાઈબ્રેરીએ ડિજિટલ ટેકનોલોજીને આત્મસાત કરી છે. લાઈબ્રેરી ડિજિટલ રિડીંગનો પણ અનુભવ કરાવે છે, જેમાં ટચસ્ક્રીન ટેબ્લેટ્સ અને ઈ-રિડર્સ દ્વારા વાચકો ડિજિટલ પુસ્તકોનો આનંદ લઈ શકે



છે. સમાજના તમામ વર્ગના નાગરિકો, સાહિત્યરસિકો, વિદ્યાર્થીઓ જ્ઞાનક્ષુધા સંતોષતી આ લાઈબ્રેરી પ્રાચીન સ્થાપત્ય શૈલી ધરાવે છે. અહીં ફ્રી વાઈ-ફાઈની સુવિધા, ઓનલાઈન કેટલોગ અને ઈ-પુસ્તકોનો વિશાળ સંગ્રહ વાચકોને જ્ઞાનની નવી દુનિયાની સફર કરાવે છે. બે મહિનામાં કોઈ એક રવિવારે લેખકો સાથે મુલાકાત, પુસ્તક ચર્ચા, નોલેજ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવે છે.

ગત ફેબ્રુઆરી-૨૦૨૪માં રૂ.૩૫ લાખના ખર્ચે લાઈબ્રેરીને રિનોવેટ કરાઈ હતી, જેમાં સુરતના પ્રખ્યાત ઉદ્યોગપતિ કે.પી. ગ્રુપના સી.એમ.ડી. ડો.ફારુખભાઈ પટેલે રૂ.૧૪ લાખનું યોગદાન આપ્યું હતું. ઉપરાંત, વિદ્યાર્થીઓ આધુનિક સમય સાથે તાલ મિલાવીને વૈશ્વિક જ્ઞાન મેળવી શકે, ઈ-બુકસ વાંચી શકે એ માટે ડો.ફારુખભાઈએ રૂ.બે લાખના ખર્ચે ૧૨ ટચસ્ક્રીન ટેબ્લેટ અને ચાર કોમ્પ્યુટર પણ અર્પણ કર્યા છે.

છેલ્લા ૮૬ વર્ષથી જ્ઞાનપિપાસુઓની જ્ઞાનક્ષુધા સંતોષતી આ લાઈબ્રેરીની સુપરવિઝન કમિટીના મેમ્બર અને ૪૦ વર્ષથી મુખ્ય સુપરવાઈઝર તરીકે સેવા આપતા ડો. મુહમ્મદ ઉમર હકીમ જણાવે છે કે, પુસ્તકાલય માત્ર પુસ્તકોનું સંગ્રહસ્થાન નથી, પરંતુ તે એક જીવંત જ્ઞાન કેન્દ્ર છે જ્યાં ભૂતકાળ ભવિષ્ય સાથે જોડાય છે. આ લાઈબ્રેરીમાં દૈનિક ૧૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસકીય વાંચન માટે આવે છે. સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦ સુધી લાઈબ્રેરીમાં આવી નિઃશુલ્ક વાંચન કરી શકાય છે. જ્યારે ઘરે પુસ્તકો લઈ જવા માટે વાર્ષિક રૂ.૧૦૦ ફી ભરીને સભ્યપદ મેળવી શકાય છે.

ધી કમર ફ્રી લાઈબ્રેરીના ચેરમેનશ્રી અબ્દુલ વાહીદ દરિયાઈ (ઝઇ) જણાવે છે કે, પટ્ટની ક્રેડિટ કો.ઓપ.સોસાયટીના માર્ગદર્શનમાં ધી કમર ફ્રી લાઈબ્રેરીની કમિટી દ્વારા સંચાલન કરવામાં આવે છે. અમે હાલ જૂના દુર્લભ પુસ્તકોનું ડિજિટલ આર્કાઈવિંગ કરી રહ્યા છીએ. જેમાં દુર્લભ પુસ્તકોની ઈ-બુક બનાવીને અમારી વેબસાઈટ અને ટેબ્લેટ પર તબક્કાવાર ઉપલબ્ધ કરાવીશું. પુસ્તકોના ડિજિટલાઈઝેશનનું કાર્ય પ્રગતિમાં છે. બોર્ડની પરીક્ષાના સમયમાં અમે વિદ્યાર્થીઓની અનુકૂળતા માટે રાત્રિના ૧૧.૦૦ વાગ્યા સુધી લાઈબ્રેરી ખૂલ્લી રાખીએ છીએ.

એડવોકેટ ઈરફાન અહમદ મોમ્બાસાવાલા વકીલાતના વ્યવસાયની સાથે લાઈબ્રેરી કમિટીમાં સેવા આપે છે. તેઓ જણાવે છે કે, કોઈ પણ પ્રકારના ધર્મ કે વર્ગભેદ વિના ચાલતી આ લાઈબ્રેરીને વધુ ડિજિટલ તેમજ સુવિધાયુક્ત બનાવવા અમારી પટ્ટની ક્રેડિટ કો.ઓપ.સોસાયટી કટિબદ્ધ છે. અમે અહીં બાળકો માટે કિડ્સ લાઈબ્રેરી પણ શરૂ કરી છે. અમારી વેબસાઈટ દ્વારા વિશ્વભરના વિદ્યાર્થીઓ અને સંશોધકો આ દુર્લભ સામગ્રીનો ઉપયોગ કરી શકે છે.

લાઈબ્રેરીના નિયમિત વાંચક એવા યુવા વિદ્યાર્થી ફહામ શેખ ડોક્ટરેટ ઓફ ફાર્મસીનો અભ્યાસ કરે છે. તેઓ જણાવે છે કે, શાંતિપૂર્ણ વાંચન માટે આ લાઈબ્રેરી મારી પહેલી પસંદ છે. લાઈબ્રેરીનું મેનેજમેન્ટ કાબિલેતારીફ કામગીરી કરી રહ્યું છે. અહીં વાંચવા આવતા નાગરિકો, વિદ્યાર્થીઓ ધર્મ, જ્ઞાતિ-જાતિના ભેદ વિના એક છત્ર નીચે વાંચન કરે છે.

લાઈબ્રેરીમાં નિયમિત વાંચન માટે આવતા ૨૫ વર્ષીય અભિ મિસ્ત્રી કહે છે કે, હું સાઈબર સિકયુરીટીનો અભ્યાસ કરૂ છું. આ લાઈબ્રેરીમાં એ.સી.ની સુવિધા હોવાથી મન પ્રફુલ્લિત રહે છે અને શાંત વાતાવરણમાં વાંચવાનો અનેરો આનંદ આવે છે. અહીં ટેકનોલોજી સાથે તાલ મિલાવીને કોમ્પ્યુટર, આઈ પેડ સાથે ડિજીટલ વાંચનની સુવિધા ઉપલબ્ધ છે. ફિઝિકસ વિષયના ઘણા નવા પુસ્તકો હોવાથી મારી કારકિર્દી ઘડવામાં આ લાઈબ્રેરી મહત્વનો ફાળો રહેશે એમ તેઓ કહે છે.

વિશ્વ પુસ્તક દિવસ એ યાદ કરાવે છે કે સાચું જ્ઞાન કોમ્પ્યુટરની વિન્ડોમાં, મોબાઈલની સ્ક્રીનમાં, સોશ્યલ મીડિયાની આંધીમાં નથી, પણ

વર્ષોથી માનવીના મિત્ર સમાન પુસ્તકોના પાનાઓમાં છે. દરરોજ થોડી વાર પુસ્તકના વાંચનથી જીવનમાં શાંતિ, સમજદારી અને આત્મવિશ્વાસ પ્રાપ્ત થશે. કમર ફ્રી લાઈબ્રેરી જેવા અનેક પુસ્તકાલયો જ્ઞાનમંદિરો બનીને સમાજ ઘડતર સાથે સામાજિક સમરસતા અને જ્ઞાનની સુવાસ ફેલાવવાનું કામ કરી રહ્યા છે.

# 'સમર વેકેશનને બનાવો બાળકો માટે ખુશીઓના તહેવાર'

### સમર વેકેશનએટલે માત્ર રજાઓ નહિ, પણ બાળકો માટે એક તહેવાર જેવો સમય—જ્યાં છે આનંદ, શીખવાની મજા અને નવા અનુભવોની ઉજવણી!

ઉનાળાની રજાઓએ દરેક વિદ્યાર્થીમાટેyear's most awaited time હોયછે. ખૂબજ મહેનત અને અભ્યાસ બાદ જ્યાર ેબાળકોને ઉનાળાની રજા મળે છે, ત્યારે તેઓ એક અલગ જ ઉત્સાહ અને આનંદ અનુભવે છે.

આજના સમયમાં, જ્યારે સ્કૂલ, હોમવર્ક અને ટ્યુશ નથી બાળકોનું શેડ્યૂલ ખૂબ વ્યસ્ત રહેછે, ત્યાર ેઉનાળાની રજાઓ તેમને પોતાનો સમય આનંદથી જીવવાની, શીખવાનીઅનેપરિવાર સાથે સંકળાવાની તક આપે છે. હવે પ્રશ્નએ છે કેઆ રજાઓને બાળકો માટે ખુશીઓથી ભરપૂર કેવી રીતે બનાવવી?

સમરવે કેશનનું નામ આવે એટલે ફક્ત બાળકો જ નહિ પરંતુ બાળકોથી લઈને માતા-પિતા સૌનાચહેરાપરએકઅનોખુતેજ દેખાયછે. સમરની રજાઓ માત્ર આ રામ માટેનથી, પણ દરેક દિવસને યાદગારપળો અને અનુભવોમાં રૂપાંતરણ કરવાનો ઉત્તમ સમય છે. "શિક્ષણ શાળાની બહાર પણ થાય છે- સમર વેકેશન તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે."

વિશ્રામ અને મનોરંજન:સમરવેકેશનનો મુખ્ય હેતુ છે બાળકોને શારીરિક અનેમાનસિકઆરામઆપવો. સતતશાળાની ઝડપ ભરેલી રુટિનપછી, રજાઓ બાળકો માટે તાજગી અને મોજ મસ્તી લાવતી હોયછે. આસમયમા ંતે ઓમ નગમત િરમતો, પ્રવાસઅનેઅન્યશોખીનપ્રવૃત્તિઓમાંભાગલઈશકેછે.

ફેમિલીસમય—સંબંધોનો સ્નેહ ઉત્તરોતર વધે તે માટે રજાઓમાંપરિવાર સાથે બેસીનાની-મોટી પિકનિક, રાત્રીભોજન લેવુંરમતો રમવી, જૂના ફોટાજોવાકેએક સાથે ફિલ્મ જોવા જવી જેવી પ્રવૃત્તિથી બાળક સ્નેહ ભાવનાના વિકાસ સાથે પરિવારનું મુલ્ય સમજશે.

ક્રિએટિવલર્નિંગઅનેસ્કિલડેવલપમેન્ટ—આસમય ગાળો બાળકો માટેનવીકુશળતા ઓશીખ વામાટે પણ શ્રેષ્ઠ છે:-કમ્પ્યુટર કોશલ્ય કે ભાષા અભ્યાસ,યોગા અનેખેલકૂદ,પેઈન્ટિંગ, ઓરિગામી, કેન્ડલ-મેકિંગ,સંગીત, નૃત્ય જેવી કલા પ્રવૃત્તિઓ,કિચન ગાર્ડનિંગ કેનાના વિજ્ઞાન પ્રયોગો,વાર્તાલિખવીકેડાયરીલખવાની શરૂઆત કરવી દરરોજ એકનાની સર્જનાત્મક પ્રવૃત્તિ બાળકોને મનોરંજન સાથેન વાકૌશલ્ય શીખવા માટે પ્રેરિત કરે છે.

સ્ક્રીનટાઈમઓછોકરો-રીઅલટાઈમવધારો

મોબાઈલઅનેટેબ્લેટકરતાવધુસમયઆપોબાળકો સાથે શારીરિક રીતે રમી શકાયતેવીરમતોમાં—લુડો, ચેસ,કેરમ,નવો વેપાર,બેડમિન્ટન , સ્કાવેન્જરહન્ટકેબહારરમીશકાયતેવીરમતોથી બાળકોના આત્મવિશ્વાસમાં વધારો થશે.

સમરકેમ્પ્સ—નવીદિશામાં વિકાસ. સ્થાનિક સમરકેમ્પમાં બાળકોનેજોડોજ્યાંતેઓનવી એક્ટિવિટીઝજેવીકેનૃત્ય, સંગીત, રમત ગમતકેનાટક જેવીપ્રવૃત્તિઓ દ્વારા આત્મવિશ્વાસ અનેને તૃત્વગુણ શીખે.

### નાની જવાબદારીઓ—જીવન વ્યવહારનું શિક્ષણ

ઘરનાના નાકામો—પાણીઆપવું, વાસણગોઠવવા, પોતાની વસ્તુઓની સંભાળ રાખવી,સાફ- સફાઈમાં જોડવા,રસોઈ કળામાં બાળકોની મદદ લેવી,ગાર્ડનીંગ કે કિચન ગાર્ડનિંગ જેવી જીવનકૌશલ્ય પ્રવૃત્તિઓથીબાળકોમાંજવાબદારી લેવાના ગુણોનો અને મદદરૂપ થવાની ભાવનાનો વિકાસ થશે.

### પ્રવાસઅનેનવાઅનુભવો

મોટાભાગના બાળકોને વેકેશનમાંમામાના ઘરે જવાની આતુરતા હોય છે જેનાથી સંબંધો વધુ મજબૂત અને લાગણીશીલ બને છે. જયારે ઘણાં પરિવારો સમર વેકેશન દરમિયાન પોતાના કુટુંબ સાથે પ્રવાસની યોજનાબનાવેછે. આ પ્રવાસ બાળકો નેમજા આપેછે સાથે તેમન ેનવી જગ્યાઓ, સંસ્કૃતિઓ અને જીવન શૈલી વિશેપણ શીખવા મળેછે.



### નિષ્કર્ષ:

અંતમાં, સમરવેકેશનએ માત્ર રજાનહિ પણએકવિશિષ્ટતકછે—શીખવાની, માણવાનીઅને વ્યક્તિગતવિકાસની. જોતેનોયોગ્યઉપયોગકરવામાંઆવે, તોબાળકોમાટે આ રજાઓ સમગ્રજીવનમાં યાદગાર બનીરહેછે.

સમરવેકેશનને'ફક્તરજાઓ' સમજીનેબેસીનરહેતાતેનેબાળકો માટેનીએક એવી યાદગાર યાત્રા બનાવવી જોઈએ કે જ્યાં તેઆ ેઆનં દપણ માણે અનેશીખવાની ઉત્સુકતા પણ જાળવી રાખે. બાળકો માટે આવું વેકેશન પ્લાન કરશો તો આ સમર વેકેશન ખરેખર બાળકો માટે ખુશીઓનો તહેવાર બની રહેશે. "સમર વેકેશનએ ખુશીઓની ઉજવણીલાયક પળોનો તહેવાર છે ."

પ્રતિમા સોની
પ્રિન્સીપાલ
એલ.પી.સવાણી સંસ્કાર વેલી સ્કૂલ.

# પોષક તત્વોનું પ્રમાણ વધારવા આ રીતે કરો વાનગીઓનુ સંયોજન

આપણને બધાને અખે વાનગી સાથે બીજી વાનગી મિક્સ કરવી ગમે છે જેમ કે રાજના ભાત ફળો સાથે દહી ચટણી અતળા દહી સાથે ચિપ્સ ક્યારેક જી જોઈને તો ઘણી વખત સ્વાદને માણળા અને આપણા ટેસ્ટબડને સંતોષવા માટે આપણે આવી રીતે વાગનીઓ મિક્સ કરીને ખાઈએ છીએ. આપણા બધાને શરીરને અદર અવાશ્યક ન્યુટ્રિઅન્ટસની પોષક તત્વોની જરૂર હોય છે જે આપણા સ્વાસ્થ્ય અને સુખકારી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે સંતુલિત અને વેલ રાન્ડેડમાં આહાર ખાવાથી આપણે આપણા શરીરને પોષણમાં આપીએ છીએ જેમ કે આપણા હાડકાને મજબૂત રાખવા માટે કેલ્શિયમ આપીએ છીએ પ્રોટીનથી આપણા સ્નાયુએ ખીલે છે ફળો અને શાકભાજીમાથી મળતા વિટામિન અને ખનિજોથી આપણા ઓર્ગેન્સ કાર્ય કરે છે. આપમે ફૂડમાં કેવી રીતે કબાઈન કરીને છીએ એ બહુ અગત્કયનુ છે જેથી અપાણને બેસ્ટ ન્યુટ્રિએન્ટ મળી રહે છે અને એ રીતે એન્ટિઓકિસડન્ટસની અસરકારમાં બૂસ્ટ થાય છે વાનગીઓ અયોગ્યમમાં સયોજન શીરરમા ડાયજેશને નેગિટિવલી કેમ કે વિટામીન ડીની હાજરી આતરડામા ડાયરેક્ટર કેમ કે વિટામીન પોષણ કરી છે વદારે છે એટચલે આ પેર યોગ્ય હોય તે જરૂરી છે એ માટે વિટામીન ડી આપતા ફોર્ટિફાઈડ ફૂડસમાં દૂધ અને નોન ડેરી પીણ જેમ કે સોયમિલ્ક અને ઓરન્જ જયૂસમાં લેવા સફેદમાં તલ કોબીજમાં જામફળ બ્રોકોલી સૂકા અજીર સતાર અને ડેરી ફૂડ્સમાં કેલ્શિય આપતી વિવિધ વાનગીઓ ખાવી જોઈએ વિટામીન ડી વગર વધુ પડતુ મા ખાવથીતે હેલ્પફુલ નહી થાય એટલે બન્નન્યુટ્રિઅન્ટ યોગ્ય ટ્રેક રાખવો. આયર્નમાં અને વિટામમીન સી શાકભાજી દાળ ખજૂરમાં વેગેરમાથી આપણને આયર્નમાં ફૂડ મળે છે તેનુ શોષણમાં વિટામીન સી હાજરીમા સારીરીતે થાય છે એટલે વિટામીન સી સોર્સ ખાવો એડ કરવો બહુ જરૂરી છે વિટામીન સી આયર્ન શરીર વધુ સરળતામી શોષી શકે છે ફોર્મા લેવ છે સ્પિનચ સલાડમાં નાખવાની અથવા લેન્ટિ ડીશમા ચોરસ ટુકડામાં કરેલા સફરજમાં ટોસ કરી લો વિટામીન સી કોઈ પણ આયર્ન રીચ ફૂડ પેર કવાથી બેસ્ટ એબ્સોપ્શ થઈશકે છે. કમ્પલીટ પ્રાચીન આપણને દાળ અને કોઠળમાથી પ્રાચીન મળે છે પણ એ અધૂરામાં પ્રોટીન ગણાય છે કેમ કે એમા ગ્રોથ અને ડેવસલપમેન્ટ માટે જરૂરી છે એક થી એકથી વધારે એમિનોએસિડ્સ ઓછ અથવા નહીવત હોય છે એટલામાં શાકાહારીમાં બનાવમા માટે પ્રોટીનમાં બીન્સ હમસ પીનટ બટર રાજમા ભાત રોટી અથવામાં ઈડલી સંભારમાં વગેર એના ઉદાહરણ છે. ટોમેટોઝમાં અને હેલ્ધી ફેટ ટોમેટોમાં ઘણુ બધુમાં લોયકોપેન રહેલુ છે જે રોગ સામો લડવૈયામાં એન્ટિઓકિસડન્ટમાં ગણાય છે લાયકોપેન શરીરમા કેનસ્રમા સેલ્સ બનતા અટકાવે છે ટોમેટોનો રાધો ત્યારે વધારે લાય.કોપેન મળે છે જો અને ઓલિવ ઓઈલ કે આવાકોડા અથાવ તલ અળસીમાં વગર તેલીબીા જેવી હેલ્ધીમાં ફેટ સાથે પેર કરવા આવે તો તે શરીરમાં ફાઈટોકેમિકલમ એબ્સોપ્શન વધારો થતો દર્શાવે છે.

## તંત્રી લેખ...-

**બુધવાર, તા.૨૩ એપ્રિલ ૨૦૨૫**

# નક્સલવાદ સામે નિર્ણાયક લડાઈ

ઝારખંડના બોકારો જિલ્લાના લુગૂ પહાડી ક્ષેત્રમાં કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ) અને ઝારખંડ પોલીસે પોતાના એક સંયુક્ત અભિયાનમાં નક્સલીઓ સાથે થયેલી અથડામણમાં એક મોટી જીત હાંસલ થઈ, જે સુરક્ષા દળોની રણનીતિક કુશળતા અને કેન્દ્ર તથા રાજ્ય સરકારોની આક્રમકત નીતિનું તો પ્રમાણ છે જ, તેનાથી નક્સલવાદ વિરુદ્ધ દેશની લડાઈ નિર્ણાયક દોરમાં પહોંચી હોવાનો સંકેત પણ મળે છે. આ સફળતા કેન્દ્ર સરકારની નક્સલવાદ વિરોધી નીતિનો હિસ્સો છે, જે અંતર્ગત માર્ચ ૨૦૨૬ સુધી આ ખતરાને સંપૂર્ણ રીતે સમાપ્ત કરવાનું લ-ય મૂકવામાં આવ્યું છે. નક્સલીઓ સાથે હાલની અથડામણોમાં કેટલાય ઈનામી નક્સલી માર્યા ગયા છે અને આ વખતે પણ કેટલાક મોટા ઈનામી નક્સલીઓ માર્યા જવાથી ક્ષેત્રમાં નક્સલી નેતૃત્વને ભારે ઝાટકો લાગ્યો છે. જોકે એકે-૪૭ અને ઈન્સાસ રાઈફલ જેવા હથિયારોની જપ્તીથી એ સ્પષ્ટ થાય છે કે નક્સલી હિંસક ગતિવિધિઓને અંજામ આપવા માટે કેટલા સુસજ્જ હતા.

હાલનાં વર્ષોમાં, ખાસ કરીને ઝારખંડ, છત્તીસગઢ અને ઓડિશામાં સુરક્ષા દળોએ નક્સલીઓ વિરુદ્ધ ઉલ્લેખનીય સફળતા અર્જિત કરી છે. એકલા છત્તીસગઢમાં ૨૦૨૪માં ૨૦૦થી વધારે નક્સલીઓના માર્યા જવા અને સેંકડોની ધરપકડ કે આત્મસમર્પણે નક્સલી સંગઠનોને કમજોર કર્યા છે. બોકારોમાં સુરક્ષાદળોને મળેલી તાજી સફળતા આ જ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ અભિયાનની ઉલ્લેખનીય વાત એ પણ છે કે તેમાં કોઈપણ સુરક્ષાકર્મી હતાહત નથી થયા, જે સુરક્ષાદળોના પ્રશિક્ષણ, યોજના અને સમન્વયની ઉત્કૃષ્ટતાને જ દર્શાવે છે. લુગૂ પહાડી જેવા દુર્ગમ અને નક્સલીઓ માટે સુરિક્ષત ઠેકાણું મનાતા ક્ષેત્રમાં આ પ્રકારનું અભિયાન સુરક્ષાદળોની વધતી તાકાત અને ગુપ્તચર નેટવર્કની મજબૂતીનું પણ પરિચાયક છે. જોકે એ જરૂરી છે કે આપણે આ પ્રકારની રણનીતિક જીતોને જ સમાધાન સમજી લેવાની ભૂલ ન કરીએ. માઓવાદી આંદોલન, ભલે હવે પોતાના પહેલા જેવા પ્રભાવમાં ન હોય, પરંતુ તે એ ક્ષેત્રોમાં ફરીથી પ્રભાવ જમાવી લેવાની આશંકા ઊભી જ છે, જ્યાં વિકાસની પહોંચ સીમિત હોય, આદિવાસીઓના ભૂ-અધિકાર સ્પષ્ટ નથી અને નીતિઓ લાગુ કરનારા લોકોમાં વનવાસીઓ પ્રત્યે સહાનુભૂતિનો અભાવ હોય. એવામાં વિશ્વાસનું જે પાસું સરકારો વારંવાર દોહરાવતી રહી છે, તેને જમીની સ્તર પર ગંભીરતાપૂર્વક લાગુ કરવાની પણ જરૂર છે. આ જીત આપણને એ પણ ભૂલવા ન દે કે નક્સલવાદ અસલમાં એક સૈન્ય કે કાયદો-વ્યવસ્થા સંબંધી મુદ્દો નથી, બલ્કે સામાજિક-આર્થિક અસમાનતાઓ, વિકાસની ઉણપ અને આદિવાસીઓની ઐતિહાસિક ઉપેક્ષાથી ઉપજેલી એક સમસ્યા છે. એવામાં ન્યાય, ગરિમા અને સમાવેશી વિકાસ જ એ રસ્તા છે, જે આ સમસ્યાને સ્થાયી રીતે નિષ્પ્રભાવી બનાવી શકે છે.

# ગીતા અને નાટ્યશાસ્ત્ર સ્થાયી સ્મૃતિમાં

દરેક ભારતીય માટે એ ગર્વનો વિષય છે કે ભારતની સનાતન પરંપરાના બે અમૂલ્ય રત્ન, ગીતા અને નાટ્યશાસ્ત્રએ યુનેસ્કોના 'મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટર'માં સ્થાન મેળવ્યું છે. આ ભારતની અમર સાંસ્કૃતિક ચેતનાનું સન્માન છે, જે હજારો વર્ષોથી વિશ્વને આધ્યાત્મિક અને કલાત્મક દૃષ્ટિ આપી રહી છે. ગીતા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પણ જીવનનું એવું દર્પણ છે, જેમાં મનુષ્ય પોતાના અંતર્મનના દ્વંદ્વને સ્પષ્ટ જુએ છે. ગીતા સામાજિક, માનસિક અને આત્મિક સમસ્યાઓનું સમાધાન છે. તે કહે છે કે સાધારણ વ્યક્તિ પણ પોતાના કર્તવ્યોનું નિર્વહન કરે તો તે પરમ સત્યને પામી શકે છે. ગીતામાં ધાર્મિક કટ્ટરતા નથી, બલ્કે વિવિધતામાં એક્તાનો સંદેશ છે. ગીતા અનુસાર આધ્યાત્મિક જીવન પર કોઈ વર્ગ કે જાતિનો વિશેષાધિકાર નથી. ગીતાનો ફેલાવો બહુ મોટો છે.

મહાયાન બૌદ્ધ સંપ્રદાયે તેના ભક્તિ સિદ્ધાંતને અપનાવ્યો. બૌદ્ધોના મિલિંદ-પ્રશ્ન અને સદ્ધર્મ-પુંડરિક જેવા ગ્રંથોમાં એવાં વચન છે, જે ગીતા સાથે મળતાં આવે છે. ગીતામાં એ પણ આવ્યું છે કે અભ્યાસ અને વૈરાગ્યથી મનને સંયમિત કરી શકાય છે. આ એ જ વાત છે જેને મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં પ્રતિપાદિત કરી છે. ગીતા કહે છે કે ના તો અત્યધિક ભોગી વ્યક્તિ યોગમાં સિદ્ધ થઈ શકે છે અને ના પૂર્ણ વ્રતી. યોગનો માર્ગ મધ્યમ છે, જેમાં સંતુલન, વિવેક, અનુશાસન અને સમર્પણ છે.

બીજો ગ્રંથ નાટ્યશાસ્ત્ર ભારતની કલા પરંપરાનો એ ભવ્ય સ્તંભ છે, જેમાં નૃત્ય, સંગીત અને અભિનયનો અસાધારણ સમન્વય છે. ભરત મુનિ દ્વારા રચિત નાટ્યશાસ્ત્ર માત્ર રંગમંચની ટેકનિકલ વિધિઓનો સંગ્રહ નથી, તે ભારતીય સૌંદર્યબોધનો જીવંત ગ્રંથ છે. સંસ્કૃત વિદ્વાનો તેને અઢી હજાર વર્ષ પહેલાં લખેલો માને છે. તમિલનાડુના નટરાજન મંદિરના ગોપુરો પર અંકિત ૧૦૮ અંગહારોના ચિત્ર અને મુદ્રાઓ માનવના દેવત્વને વધારે છે અને લયથી બ્રહ્માંડનું સ્પંદન અનુભવ કરાવે છે. મહાન વૈયાકરણ પાણિનિએ નાટ્યવિદ્યાનો ઉલ્લેખ કર્યો છે, જે દર્શાવે છે કે આ પરંપરા ભારતના બૌદ્ધિક અને સાંસ્કૃતિક મૂળમાં કેટલા ઊંડાણથી સમાયેલી હતી. આજે જ્યારે ગીતા અને નાટ્યશાસ્ત્રને વૈશ્વિક મંચ પર માન્યતા મળી રહી છે, તો તે માત્ર ભૂતકાળનું સન્માન જ નહીં, બ્લકે વર્તમાન અને ભવિષ્ય માટે પ્રેરણા છે. આ દર્શાવે છે કે ભારતની સંસ્કૃતિ માત્ર ઈતિહાસ નથી, તે એક જીવંત ચેતના છે, જે આજે પણ એટલી જ પ્રાસંગિક છે, જેટલી હજારો વર્ષ પહેલાં હતી.

**બીજો ગ્રંથ નાટ્યશાસ્ત્ર ભારતની કલા પરંપરાનો એ ભવ્ય સ્તંભ છે, જેમાં નૃત્ય, સંગીત અને અભિનયનો અસાધારણ સમન્વય છે. ભરત મુનિ દ્વારા રચિત નાટ્યશાસ્ત્ર માત્ર રંગમંચની ટેકનિકલ વિધિઓનો સંગ્રહ નથી, તે ભારતીય સૌંદર્યબોધનો જીવંત ગ્રંથ છે.**

### હિન્દી દેશમાં વ્યાપકપણે બોલાતી ભાષા નથી.

# દક્ષિણનાં રાજ્યો પછી મહારાષ્ટ્રમાં હિન્દીનો કકળાટ

તમિળનાડુ સહિતનાં દક્ષિણ ભારતનાં રાજ્યોમાં હિન્દી થોપવામાં આવી રહી હોવાનો મુદ્દો ઊભો કરીને શરૂ કરાયેલો કકળાટ શમ્યો નથી ત્યાં હવે મહારાષ્ટ્રમાં પણ આ પ્રકારનો વિવાદ ઊભો થયો છે. મહારાષ્ટ્રમાં ધોરણ ૧ થી ૫ સુધી ફરજિયાત હિન્દી શીખવવાનું નક્કી કરાયું તેની સામે રાજકીય પક્ષો તો મેદાનમાં આવી જ ગયા છે પણ ભાષાવિદોએ પણ વાંધો લીધો છે.

એક તરફ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (ઙ)) અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (સ્ઙ્ગજી)) મેદાનમાં આવ્યાં છે તો બીજી તરફ મહારાષ્ટ્ર સરકારની ભાષા સલાહકાર સમિતિએ પણ ફરજિયાત હિન્દી શીખવવા સામે વાંધો લીધો છે. આ મુદ્દો ચગે નહી એટલા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દોડતા થઈ ગયા છે.ફડણવીસે કહ્યું છે કે, મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી નથી કે મરાઠીને બદલે હિન્દી ફરજિયાત બનાવવામાં આવી નથી. મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે મરાઠી ભાષા ફરજિયાત છે અને તેમાં કોઈ ફેરફાર થવાનો નથી.

મહારાષ્ટ્રના શિક્ષણ મંત્રી દીપક કેસરકરે પણ આવો જ બચાવ કર્યો છે પણ ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીએ આ વાત સાંભળવા તૈયાર નથી. ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીનો આક્ષેપ છે કે, રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિ (એનઈપી) હેઠળ ત્રિભાષી સૂત્રના અમલને મંજૂરી આપી દેતાં મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓ પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી છે. રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટીએ આ મુદ્દે ઉગ્ર આંદોલનની પણ ચીમકી આપી છે.

ઉદ્ધવ અને રાજ ઠાકરેની પાર્ટીને અણધારી રીતે ભાષા મુક્તિ સમિતિનો ટેકો મળી ગયો છે. ભાષા મુક્તિ સમિતિના વડા લક્ષ્મીકાંત દેશમુખે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને દાવો કર્યો છે કે, સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (જીઝ્રઈઇ) એ હિન્દીને મહત્ત્વ આપવા માટે ફરજિયાત ભણાવવાનો નિર્ણય લેતાં પહેલાં તેનાં મંતવ્યો અને સૂચનો ધ્યાનમાં લીધાં ન હતાં.

મહારાષ્ટ્ર સરકારે સ્કૂલોમાં ભણાવાતી ભાષાને સગતા મુદ્દે સલાહ આપવા માટે એક ભાષા સલાહકાર સમિતિ પણ નિમી છે પણ તેનાં સૂચનોને પણ ધ્યાનમાં નથી લેવાયાં એવો પણ દેશમુખે દાવો કર્યો છે. પત્રમાં એવો દાવો પણ કરાયો છે કે, શિક્ષણના કોઈપણ સ્તરે હિન્દી ફરજિયાત ન બનાવવી જોઈએ. બલ્કે શક્ય એટલો હિન્દીનો ઓછો ઉપયોગ કરવાની નીતિ અપનાવવી જોઈએ કેમ કે હિન્દી રોજગાર, આવક, પ્રતિષ્ઠા કે જ્ઞાનની ભાષા નથી.મહારાષ્ટ્ર સરકારનો બચાવ છે કે, હિન્દી ફરજિયાત કરવા મુદ્દે ગેરસમજ ઊભી થઈ છે. શિક્ષણ મંત્રી દીપક કેસરકરે દાવો કર્યો છે કે, વિદ્યાર્થીઓને ભાષાની મૂળભૂત સમજ મળે તે માટે ફક્ત ધોરણ ૧ થી ૫ સુધી હિન્દી શીખવવામાં આવશે. કેસરકરના દાવા પ્રમાણે, અગાઉના માળખામાં ધોરણ ૫ થી ૭ સુધી હિન્દી ફરજિયાત વિષય હતો જ અને હવે હિન્દી ફક્ત પ્રાથમિક સ્તરે એટલે કે ધોરણ ૧ થી ૫ સુધી શીખવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે.

આ દલીલ ખોટી છે કેમ કે, પહેલા ધોરણથી વિદ્યાર્થીને હિન્દી શીખવો તેનો મતલબ એ જ થાય કે, આ ભાષા ફરજિયાત કરાઈ રહી છે. વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે એ દલીલ પણ વાહિયાત છે. હિન્દી દેશમાં વ્યાપકપણે બોલાતી ભાષા નથી. હિન્દી દેશમાં સૌથી વધારે લોકો બોલે છે કેમ કે દેશમાં સૌથી વધારે વસતી ધરાવતાં હિન્દી પટ્ટાનાં રાજ્યોની હિન્દી માતૃભાષા છે. જે રાજ્યોની માતૃભાષા હિન્દી નથી એ પૈકી કેટલાં રાજ્યોમાં હિન્દી બોલાય છે એ વિશે વિચારશો તો આ વાત સમજાશે. મહારાષ્ટ્રમાં મુંબઈને બાદ કરતાં બીજે ક્યાંય હિન્દી વ્યાપકપણે બોલાતી ભાષા નથી. મહારાષ્ટ્રમાં બહુમતી લોકો પોતાની માતૃભાષા મરાઠીમાં જ બોલવાનું પસંદ કરે છે ને તેમાં કશું ખોટું પણ નથી.

મહારાષ્ટ્રના બીજા ભાગોમાં તો હજુય હિન્દી બોલનારા મળી આવશે પણ દેશનાં સંખ્યાબંધ રાજ્યો એવાં છે કે જ્યાં હિન્દી બોલનારા બિલકુલ નહીં મળે. તમિળનાડુ, પશ્ર્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, કેરળ, કર્ણાટક, ઓડિશા વગેરે રાજ્યોમાં હિન્દી વ્યાપક પ્રભાવ ધરાવતી ભાષા બિલકુલ નથી. ગુજરાત કે મહારાષ્ટ્ર જેવાં હિન્દીભાષી રાજ્યો સાથે સરહદ ધરાવતાં રાજ્યોમાં હિન્દી બોલાય તેનો મતલબ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષા ના કહી શકાય.

જો કે મુદ્દો ભાષા વ્યાપક બોલાય છે કે નહી તેનો નથી પણ વિદ્યાર્થીઓનું હિત શેમાં છે તેનો છે. દરેક વિદ્યાર્થીએ માતૃભાષા ફરજિયાત શીખવી જોઈએ તેમાં બેમત નથી કેમ કે પોતપોતાની માતૃભાષાનું જતન કરવું એ દરેકની ફરજ છે પણ બાકીની બે ભાષા એવી હોવી જોઈએ કે જે ભવિષ્યમાં કામ આવી શકે અને વિદ્યાર્થીના વિકાસમાં ઉપયોગી થાય. અંગ્રેજી આ દૃષ્ટિકોણથી ફરજિયાત હોવી જોઈએ કેમ કે વૈશ્વિક સ્તરે અંગ્રેજી વ્યાપક રીતે કોમ્યુનિકેશન અને નોલેજ બંનેની ભાષા છે. ત્રીજી ભાષા તરીકે પણ કોઈ વિદેશી ભાષા શીખવાય તો એ ફાયદાકારક સાબિત થાય કેમ કે વિશ્વ હવે આર્થિક બાબતો પર ચાલે છે. આર્થિક બાબતોમાં કોમ્યુનિકેશન મહત્ત્વનું છે તેથી ચાઈનીઝ કે જાપાનીઝ જેવી ભાષાઓને વધારે મહત્ત્વ મળવું જોઈએ.

કમનસીબી એ છે કે, નવી શિક્ષણ નીતિમાં આ શક્યતાનો જ નાશ કરી દેવાયો છે કેમ કે તેમાં એવું પણ કહેવાયું છે કે, વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય ભાષાઓ હોવી જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કોઈપણ ભાષા ફરજિયાત બનાવવામાં આવી નથી અને શિક્ષણ માતૃભાષાના માધ્યમથી આપવું જોઈએ તેના પર ભાર મુકાયો છે પણ આડકતરી રીતે ગુજરાત, પશ્ર્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોમાં હિન્દી ફરજિયાત કરવી પડે એ સ્થિતિ પણ આ નિયમના કારણે પેદા કરી દેવાઈ છે.એક માત્ર વિદેશી ભાષા તરીકે અંગ્રેજી જ પસંદ કરાય તેથી બીજો વિકલ્પ રહ્યો જ નહીં. બે ભારતીય ભાષાઓમાં એક તો માતૃભાષા હોય જ્યારે

બીજી ભાષા તરીકે આ રાજ્યોમાં તેલુગુ, તમિલ, મલયાલમ કે કન્નડ જેવી દક્ષિણની ભાષા શીખવી ના શકાય કેમ કે તેના શિક્ષકો ના મળે. ગુજરાત કે મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓએ બંગાળી કે ઉડિયા શીખવી હોય તો તેના પણ શિક્ષકો ના મળે તેથી જખ મારીને હિન્દી જ રાખવી પડે.

આ સ્થિતિ બદલવી જોઈએ. વિદેશી ભાષાઓ વધારે શીખવવી જોઈએ કેમ કે રોજગાર આપતું જ્ઞાન વિદેશી ભાષાઓમાં છે, ભારતીય ભાષાઓમાં નહી.

### મોટા ભાગના વિદ્યાર્થીઓ સખત મહેનતવાળો મુદ્દો જ ચૂકી જાય છે.

# 'પેશન ફોલો' કરવી છે?

### તો તમારા ગમતાં કામ-વિષયને અનુસરતાં પહેલાં થોમસ આલ્વા એડિસન વિશે જાણી લો...

પરીક્ષાઓ અને રિઝલ્ટ્સની મોસમમાં અનેક મોટિવેશનલ સલાહકારો ફૂટી નીકળશે. આ પ્રજાતિ નાપાસ થવા બદલ કે ઓછા ટકા આવવા બદલ નિરાશ ન થવાની સલાહ સતત આપતી રહેશે. કેટલાક તો વળી ડિગ્રી કે નોકરી પાછળ ભાગવાને બદલે પોતાનું પેશન ફોલો કરવાની સલાહ ઉત્કટતાને અનુસરવાની સલાહ આપશે. આમ તો એ બંને સલાહ સાચી છે, પણ અધૂરી છે. બાકીની અડધી વધારે મહત્ત્વની વાત એટલે અભ્યાસની નિષ્ફળતા પછીની સખત મહેનત અને રસના ક્ષેત્રમાં કામ કરવા માટે કેળવવી પડતી પાત્રતા.મોટા ભાગના વિદ્યાર્થીઓ સખત મહેનતવાળો મુદ્દો જ ચૂકી જાય છે. પરિણામે નોકરી છોડીને 'પેશન ફોલો' કરવાના ચક્કરમાં ય કેટલાય યુવાનો યોગ્ય પાત્રતાને અભાવે બેકાર રખડી રહ્યા છે. એની સામે એવાય વીરલાઓ છે જે શારીરિક મર્યાદાઓને કારણે મજબૂરીવશ અભ્યાસ છોડ્યા બાદ પોતાના ગમતા ક્ષેત્રમાં એવી મહેનત કરી દેખાડે છે કે એમનું શાળાકીય શિક્ષણ અધૂં હોવાની વાત કોઈને માનવામાં ન આવે.આ નામ સાથે જોડાયેલું સૌથી પ્રસિદ્ધ સંશોધન એટલે વીજળીથી ચાલતો બલ્બ,પણ એડિસને આ ઉપરાંત અનેક સંશોધનો કર્યાં છે. જાણીને આશ્ચર્ય થશે કે ઈલેક્ટ્રિક પાવર જનરેશન, ફોનોગ્રાફ, સાઉન્ડ રેકોર્ડિંગ અને મોશન પિક્ચર્સ જેવાં ક્ષેત્રોમાં અનેક સંશોધનો કરનાર એડિસન પોતે બહેરાશથી પીડાતા હતા. માતા-પિતાના સાતમા અને અંતિમ સંતાન એવા થોમસની બહેરાશ પાછળ કાનની વિશિષ્ટ સમસ્યા જવાબદાર હતી. એ જમાનામાં આવી સમસ્યાઓ વિશે જરૂરી જાગૃતિ તો ક્યાંથી હોય!

શાળામાં શિક્ષકોને લાગતું કે થોમસ ભણવામાં ડોબો છે. બીજી તરફ, થોમસને પણ સાંભળવાની તકલીફને કારણે વર્ગખંડમાં ભાગ્યે જ કશું સમજાતું. આખરે થોડા જ મહિનાના સ્કૂલિંગ બાદ થોમસે શાળા છોડવાની નોબત આવી.નિષ્ફળતા મળે તો નિરાશ ન થવાની પેલી જે સલાહની શરૂઆતમાં વાત કરી, એ સ્કૂલ છોડવાની ઘટના સુધી જ કામ લાગે, પણ એક વાર પરંપરાગત શિક્ષણ સાથે નાતો તૂટે પછી કરવું શું? વર્ગનો દરવાજો ભલે બંધ થાય, જ્ઞાનની ભૂખ મરવી ન જોઈએ. શિક્ષક તરીકે નોકરી કરી ચૂકેલી માતાએ થોમસને ઘરે જ વિવિધ વિષય ભણાવવા માંડ્યા. થોમસે પણ વાંચવાનો શોખ બરાબર કેળવ્યો. વાચન તમારી મર્યાદાઓ વળોટી જવા માટેનું ઉત્તમ હથિયાર છે. થોમસને ટેકનોલોજીને લગતાં લખાણોમાં બહુ રસ પડતો. એક તબક્કો એવો ય આવ્યો કે થોમસને પોતે જ નવી નવી ટેકનોલોજી પર કામ કરવાનું મન થવા લાગ્યું. એ પોતાના ઘરે જ જુદા જુદા પ્રયોગો કર્યા કરતો, પણ ઘરે રહીને ભણવું કે પ્રયોગો કરવા એટલા માત્રને સખત મહેનત થોડી કહેવાય?એમાં તો ઊલટા ખર્ચા વધે એટલે ૧૩ વર્ષના એ છોકરડાએ પોર્ટ હ્યુરોનથી ડેટ્રોઈટ જતી ટ્રેનમાં છાપાના ફેરિયા તરીકે કામ ચાલુ કરી દીધું. સાથે જ કેન્ડી અને શાકભાજીઓ ય વેચવાના. આને કહેવાય સખત મહેનત. ધંધો તગડો થવા માંડ્યો. એ જમાનામાં અઠવાડિયે ૫૦ ડૉલર જેવડો 'તોતિંગ' નફો થતો. સખત મહેનત કરી લીધા પછીનો તબક્કો એટલે મહેનતને અંતે મળેલા વળતરનું યોગ્ય ઈન્વેસ્ટમેન્ટ. થોમસ ટેકનોલોજી વિશે જે કંઈ વાંચતો એ જાતે અજમાવી જોવા તત્પર રહેતો એટલે પોતાની કમાણીમાંથી એણે વિવિધ ઈલેક્ટ્રિકલ અને કેમિકલ પ્રયોગો જાતે કરવા માટેના સાધનો ખરીદવા માંડ્યા. આને કહેવાય ખરા અર્થમાં પેશન ફોલો કરવી.

પંદર વર્ષની વયે થોમસે સ્ટેશન માસ્ટરના નાનકડા દીકરાનેટ્રેન હેઠળ કચડાઈ જતો બચાવ્યો. આનાથી રાજી થયેલા સ્ટેશન માસ્ટરે થોમસ સાથે થોડો પરિચય કેળવ્યો. વાતવાતમાં ખબર પડી કે પંદર વર્ષનો એ ટાબરિયો એક કાને સાવ બહેરો છે અને બીજા કાને પણ શ્રવણશક્તિ ઠીકઠાક જ છે. એ પછી સ્ટેશન માસ્ટરને આ છોકરામાં વધુ રસ પડ્યો.એડિસનની ધગશ અને ટેકનોલોજી પ્રત્યેની લગન જોઈને એમણે એને ટેલિગ્રાફ ઓપરેટર તરીકેનીટ્રેનિંગ આપી. થોમસને તો એમાં મજા પડી ગઈ. આ તાલીમના પ્રતાપે પોર્ટ હ્યુરોનથી થોડે દૂર આવેલા સ્ટેનફોર્ડ જંકશન નામક રેલવે સ્ટેશન પર એડિસનને નોકરી ય મળી ગઈ.જોકે, નસીબે ય બે ડગલા આગળ ચાલતું હતું. ટેલિગ્રાફ ઓપરેટરની નોકરી દરમિયાન એડિસને પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા, પણ એક દિવસ ડ્યૂટીમાં સરતચૂક થઇ એમાં બે ટ્રેન્સ એકબીજા સાથે અથડાતા માંડ માંડ બચી! આ સંભવિત અકસ્માતને પાપે એને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે એ પહેલા જ થોમસ એડિસને ડાહ્યા થઈને રાજીનામુ ધરી દીધું.એ ફરી પાછું સડકો પર છાપા વેચવાનું જૂનું કામ શરૂ કર્યું. પેશન ફોલો કરવા માટે એટલે કે ટેકનોલોજીને લગતાં વધુ પુસ્તકો ખરીદવા તેમજ પ્રયોગો કરવા માટે વધુ પૈસાની સતત જરૂર રહેતી. એડિસને પોતે જ યર્ક્રિહર્ક્ષ્ંહિ ઊૈંક્રિમ઼ક્ષ નામનું સાપ્તાહિક છાપું પબ્લિશ કરીને વેચવાનું શરૂ કર્યું. હજી તો વીસી પણ પાર નહોતી કરી ત્યાં ભાઈ બિઝનેસમેન બની ગયા. અહી બિઝનેસનો અર્થ એસી ચેમ્બરમાં રિવોલ્વિંગ ચેર પર ઝૂલવાનો નહોતો. બલકે સડકો પર ભટકીને અખબારો વેચવાના હતા. ટાંચાં સાધનો અને સ્રોત વડે દર અઠવાડિયે સમાચારો ભેગા કરીને છાપું પબ્લિશ કરવાનું હતું. ટૂંકમાં કાળજાતૂટ મજૂરી હતી, પણ મૂળ શોખ પૂરો કરવા આટલું તો કરવું જ પડે ને. છાપા સાથે સંકળાવાનો અનુભવ કામ લાગ્યો અને ઈસ ૧૮૬૬માં માત્ર ઓગણીસ વર્ષની વયે એડિસનને કેન્ટુકી ખાતે 'ન્યૂઝ વાયર' નામક પ્રેસ એજન્સીમાં નોકરી મળી.

ભાઈએ અહી પણ નાઈટ શિફ્ટ પસંદ કરી, જેથી આજુબાજુના કકળાટ વિના નોકરીની સાથે સાથે વાંચવાના શોખને પોષી શકાય. બીજા જ વર્ષે એવું થયું કે નાઈટ ડ્યૂટી દરમિયાન લેડ-એસિડ બેટરી પર પ્રયોગ કરવાના ચક્કરમાં એડિસનથી સલ્ફ્યુરિક એસિડ જમીન પર ઢોળાઈ ગયો. એસિડનો રેલો બોસની કેબિન સુધી પહોંચ્યો. પરિણામ સ્વરૂપ બીજે જ દિવસે થોમસ એડિસનને આ નોકરીમાંથી ય પાણીચુ મળી ગયું! ત્યાર પછી ય અટકવાનું હતું જ નહિ. મહેનત ચાલુ જ રહી એન્ડ રેસ્ટ ઈઝ હિસ્ટ્રી.

આ તો એક-બે પ્રસંગોની વાત થઈ, પણ થોમસ અલ્વા એડિસને પોતાના જીવન દરમિયાન અનેક નિષ્ફળતાઓ વેઠી, અનેક સંઘર્ષ કર્યા. એડિસને છાપાના ફેરિયાથી માંડીને જનરલ ઈલેક્ટ્રિક જેવી જાયન્ટ કંપનીના સ્થાપક સુધીની સફર કરી. જો પોતાના કામને લઈને સાચી ધગશ અને સખત મહેનતની તૈયારી ન હોત તો થોમસ એડિસન પણ પોતાની બહેરાશના રોદણા રડીને સામાન્ય નોકરી કરી ખાત, પણ આજે જ્યારે અધધ કહેવાય એટલી ૧૦૯૩ સંશોધનોની પેટન્ટ આ માણસને નામે ચડી છે ત્યારે એમણે જે શાળાકીય શિક્ષણ અધૂં છોડવું પડેલું એની વાત કેટલી બિનમહત્ત્વની બની જાય છે.

જો તમને ય શાળાકીય શિક્ષણનું મહત્ત્વ સમજાતું ન હોય કે નોકરી છોડીને પેશન ફોલો કરવાનો કીડો વારંવાર ચટકા મારતો હોય તો એકવાર થોમસ આલ્વા એડિસનનું જીવનચરિત્ર અચૂક વાંચી લેવું.

### મનગમતાં ચૂંટણી પરિણામ નહિ મળવાથી રાહુલ ગાંધી કુંઠિત થઈ ગયા હોવાનું સમજાય છે

# વિરોધ પક્ષના નેતાની ચૂંટણી પંચ પર ખીજ

## વિદેશ યાત્રા પર રાહુલ ગાંધીએ પહેલી વાર દેશવિરોધ નથી કર્યો, જેનાથી દેશિને છબિને મલિન કરવાનું કામ કર્યું હોય.

અમેરિકા પહોંચતાં જ રાહુલ ગાંધીએ ફરી એક વખત દેશને નીચો દેખાડવાનું કામ કર્યું. તેમની પાસેથી આટલી જ આશા હતી, તેમણે એવું કર્યું પણ ખરું. આ વખતે તેમણે ચૂંટણી પંચને નિશાના પર લેતાં તેને સમજૂતી કરી લેનારું ગણાવી દીધું. તેમણે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીઓની પ્રક્રિયાને શંકાસ્પદ ગણાવી. તેમણે આરોપ લગાવ્યો કે છેલ્લા બે કલાકમાં ૬૫ લાખ મતો કેવી રીતે પડી ગયા? આમ કહીને તેઓ ભારતીય ચૂંટણી પંચની વિશ્વસનીયતા પર આઘાત કરવા માગતા હતા. જોકે ચૂંટણી પંચે આજે તેમના નિવેદનનો જવાબ આપતાં કહ્યું કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં સરેરાશ દર કલાકે લગભગ ૫૮ લાખ વોટ પડ્યા. આ એવરેજ અનુસાર આખરી બે કલાકમાં તો ૬૫ લાખ નહીં, લગભગ ૧૧૬ લાખ મતદારો વોટ નાખી શકતા હતા! રાહુલ આ પહેલાં પણ મહારાષ્ટ્રનાં પરિણામોને અવિશ્વસનીય ગણાવી ચૂક્યા છે પરંતુ તેમના આરોપો પર ચૂંટણી પંચે આપેલા જવાબો તરફ લક્ષ પણ નથી આપતા.



તેમને હજુય મહારાષ્ટ્રની હાર હજમ નથી થઈ રહી, પરંતુ એ જ દિવસોમાં થયેલ ઝારખંડની વિધાનસભા ચૂંટણીઓ પર તેઓ કશું કહેવા નથી માગતા. તેનું કારણ એ જ છે કે ઝારખંડમાં કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષ ઝારખંડ મુક્તિ મોરચાએ જીત હાંસલ કરી હતી. આના પહેલાં રાહુલને હરિયાણાનાં ચૂંટણી પરિણામો ગળે નહોતાં ઉતર્યાં, પરંતુ તેઓ જમ્મુ-કાશ્મીરમાં સહયોગી દળ નેશનલ કોન્ફરન્સના નેતા ઉમર અબ્દુલ્લાના શપથ ગ્રહણ સમારોહમાં પહોંચી ગયા હતા! હજુ હાલમાં જ દિલ્હીમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતાઓએ તેનો શ્રેય લીધો હતો કે તેમની પાર્ટી આમ આદમી પાર્ટીને સત્તામાંથી બહાર કરવાના પોતાના ઉદ્દેશ્યમાં સફળ રહી. સ્પષ્ટ છે કે જે ચૂંટણી પરિણામો કોંગ્રેસને મનમાફક નથી આવતાં, તે રાહુલ ગાંધી અને તેમની ટોળકીના ગળે નથી ઉતરતાં. એટલું જ નહીં, તેઓ ભેજાંગેપ આરોપો લઈને આવી જાય છે. હાસ્યાસ્પદ રીતે, હરિયાણામાં તેમને ઈવીએમની બેટરીમાં ગરબડ દેખાવા લાગી હતી!

મનગમતાં ચૂંટણી પરિણામ નહિ મળવાથી રાહુલ ગાંધી કુંઠિત થઈ ગયા હોવાનું સમજાય છે, પરંતુ તેમને એટલું પણ યાદ કેમ નથી રહેતું કે જે લોકસભા ચૂંટણીઓને કારણે તેઓ વિરોધ પક્ષના નેતા બન્યા છે, તે પણ આ જ ચૂંટણી પંચે કરાવી હતી! એની પણ અવગણના ન કરવી જોઈએ કે રાહુલ ગાંધી અને તેમના સહયોગીઓએ લોકસભા ચૂંટણીઓમાં કોંગ્રેસને ૯૯ સીટો મળવાને એક બહુ મોટી ઉપલબ્ધિની જેમ રજૂ કરી હતી.વિદેશ યાત્રા પર રાહુલ ગાંધીએ પહેલી વાર દેશવિરોધ નથી કર્યો, જેનાથી દેશિને છબિને મલિન કરવાનું કામ કર્યું હોય. આન ાપહેલાં તો પોતાની વિદેશ યાત્રાઓ દરમ્યાન એમ પણ કહી ચૂક્યા છે કે ભારતમાં લોકતંત્ર દમ તોડી રહ્યું છે અને અમેરિકા-યુરોપ ચૂપ બેસી રહ્યા છે. તેઓ વિદેશી ધરતી પર એમ પણ કહી ચૂક્યા છે કે ભારતમાં અલ્પસંખ્યકો અને કેટલાક અન્ય સમૂહો સાથે બીજા દરજ્જાનો વ્યવહાર થઈ રહ્યો છે. આ નિવેદન ખાલિસ્તાની આતંકી ગુરપતવંત સિંહને ગમી ગયું હતું. કાશ્મીર પર રાહુલનાં વાહિયાત નિવેદનોને પાકિસ્તાનને ખૂબ ઉપયોગ કર્યાં છે. લાગે છે કે તેઓ દેશની જેમ વિદેશમાં પણ વગર વિચાર્યે, મનમાં આવે તે બકી નાખવા ટેવાઈ ગયા છે. તેનાથી તેઓ પોતાની જ હાંસી કરાવી રહ્યા છે. રાહુલ ગાંધી આ જ રીતે બોલતા રહી શકે છે, પરંતુ તેઓ એટલું સમજી શકે તો સારું કે ગમે તે બફાટ કરી દેવાને કારણે તેઓ પરિપક્વ નેતા રૂપે પ્રસ્થાપિત નથી થઈ શકતા.

ભારતમાં તમામ ચૂંટણીઓ કાયદા અનુસાર થાય છે. જે માપદંડ અને સચોટતા સાથે ચૂંટણીઓ આયોજિત થાય છે તેની વિશ્વભરમાં પ્રશંસા થાય છે. પરંતુ કેટલાક રાજકીય નેતાઓ મનગમતું પરિણામ નહીં આવવાને કારણે ચૂંટણી પંચ પર ખીજ કાઢતા હોય છે. આમ કરીને તેઓ જનતામાં ભ્રમ ફેલાવે છે અને કાયદા પ્રત્યે અનાદર પણ વ્યક્ત કરે છે.

# બોલિવૂડના ફેશન સ્ટાઈલિશ અભિનેતા

પુરૂષોની મોટાભાગની ફેશન (આમ જોવા જઈએ તો મહિલાઓની પણ) આપણે ત્યાં બોલિવૂડ સાથે જોડાયેલી હોય છે. જ્યારે પહેલીવાર રણવીર સિંહ સ્કર્ટ પહેરીને જાહેરમાં આવ્યો ત્યારે પુરૂષોની પરંપરાગત છાપ જોવા ટેવાયેલા ભારતીયો રીતસરના ડઘાઈ ગયા હતા. પુરૂષો માટે આમ તો ફેશનના નામે બહુ વિકલ્પો નથી હોતા. તેમ છતાં બોલીવૂડના અનેક હીરો દેશના પુરૂષો માટે ફેશન આઈકોન સાબિત થયા છે. એટલી હદે કે કોઈપણ વ્યક્તિએ ફેશનની નકલ કરી હોય તો તરત ઓળખાણ પડી જાય કે કયા હીરોની ફેશન છે!

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગેમાં પહેરેલા શાહરુખ ખાનના આઈકોનિક સફેદ કુર્તા વિશે વિચારો કે જિંદગી ના મિલેગી દોબારામાં ઋતિક રોશનના સુઘડ છતાં આરામદાયક પોશાક વિશે. બોલિવૂડના પોશાક તમારા કબાટમાં વિચારો છો તેના કરતાં વધુ ઝડપથી પ્રવેશ કરે છે. દરેક ટ્રેલર, મ્યુઝિક વીડિયો અને પાપારાઝી ફેશન માટે રનવે તરીકે કામ કરે છે. અને જ્યારે રણવીર સિંહ જેવા સ્ટાર્સ બોર્ડર-પુશિંગ સ્ટાઇલ પસંદ કરે છે, ત્યારે તે સામાન્ય પુષોને તેમના કપડા સાથે પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. માત્ર કપડાં જ નહીં, વાળની સ્ટાઈલ હોય, કે પેન્ટના બેલ્ટ, કે પછી જૂતા, લોકો પોતાના પ્રિય કલાકારની સ્ટાઈલ તરત અપનાવી લે છે.

અમિતાભ બચ્ચનનો રેટ્રો લૂક

૧૯૭૦ના દાયકામાં અમિતાભ બચ્ચનનું વિશાળ વ્યક્તિત્વ તેમની ફેશન પસંદગીઓમાં પ્રતિબિંબિત થયું હતું. તેમણે રંગબેરંગી, મોટા કદના શર્ટ, પહોળા કોલર અને ફ્લેર ટ્રાઉઝર પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જેનાથી તેઓ લોકો માટે સ્ટાઈલ આઈકોન બન્યા.

ફિલ્મોમાં કાન ઢંકાય તેવા વાળ ઓળવાની અમિતાભની રીત યાદ છે? આજે પચાસ કે સાઠની ઉંમર વટાવી ચૂકેલા લોકોના જૂના આલ્બમ ફંફોસો તો એમાં આવી હેરસ્ટાઈલ વાળા ફોટા ચોક્કસ મળી આવશે.

ઋષિ કપૂર: ઋષિ કપૂરની ફેશન પસંદગીઓમાં એક બેદરકાર અને કેઝ્યુઅલ વાતાવરણ હતું. તેમણે પેટર્નવાળા શર્ટ, ડેનિમ જેકેટ અને ફ્લેર જીન્સ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જે તે યુગના યુવા અને જીવંત ભાવનાને મૂર્તિમંત બનાવે છે.



૧૯૭૦ના દાયકામાં અમિતાભ બચ્ચનનું વિશાળ વ્યક્તિત્વ તેમની ફેશન પસંદગીઓમાં પ્રતિબિંબિત થયું હતું. તેમણે રંગબેરંગી, મોટા કદના શર્ટ, પહોળા કોલર અને ફ્લેર ટ્રાઉઝર પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જેનાથી તેઓ લોકો માટે સ્ટાઇલ આઇકોન બન્યા.

અનિલ કપૂર: ૧૯૮૦ ના દાયકામાં અનિલ કપૂરની ફેશન સેન્સ તેમના કઠોર છતાં સ્ટાઈલિશ દેખાવ દ્વારા જાણીતી હતી. અનિલ કપૂરે ચામડાના જેકેટ, બંદાના અને ફાટેલા જીન્સ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, જેનાથી તેમના ઓન-સ્ક્રીન વ્યક્તિત્વમાં બળવાખોરીનો સ્પર્શ ઉમેરાયો.

શાહરુખ ખાનનો આરામદાયક ચાર્મ

૯૦ના દાયકામાં, જ્યારે શાહરુખ ખાને બોલિવૂડ થીમ આઉટફિટ્સનો ટ્રેન્ડ શરૂ કર્યો હતો. તેના બટન વગરના શર્ટ, ડેનિમ-ઓન-ડેનિમ એસેમ્બલ્સ અને કેઝ્યુઅલ ગૂંથેલા સ્વેટરને કારણે ભારતના દરેક યુવાનને એવું લાગતું હતું કે તેઓ પણ દિલ તો પાગલ હૈ' નારાહુલ' બની શકે છે. તેણે પરંપરાગત ભારતીય પોશાક ઉપર લાંબા કોટ પહેરવાના ટ્રેન્ડને લોકપ્રિય બનાવ્યો, અને તેમના દેખાવમાં સોફિસ્ટિકેશનનો સ્પર્શ ઉમેર્યો.

રણવીર સિંહ: આઉટલેન્ડિશ કેઝ્યુઅલ્સનો રાજા રણવીર સિંહ કરતાં ગાંડપણ અને સ્ટાઈલને વધુ સારી રીતે કોઈ મિક્સ કરી શકતું નથી. તેના કપડાની પસંદગીઓ — મોટા પ્રિન્ટથી લઈને વિચિત્ર એક્સેસરીઝ સુધી — ભારતીય પુષોને તેમના કેઝ્યુઅલ વસ્ત્રોમાં રંગ, પેટર્ન અને વ્યક્તિત્વ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

રણબીર કપૂર: સ્માર્ટ કેઝ્યુઅલ્સ માટેનો પોસ્ટર બોય ફોર્મલ ડ્રેસમાં રણબીર કપૂર ભલે ક્લાસ પ્રતિબિંબિત કરતો હોય, પરંતુ જ્યારે કેઝ્યુઅલની વાત આવે છે, ત્યારે તે કૂલનો માસ્ટર છે. મોનોક્રોમેટિક ટી-શર્ટ, સ્લિમ-ફિટ જીન્સ અને હળવા વજનના જેકેટ્સ પ્રત્યેના રણબીરના પ્રેમે તેને મિનિમલિસ્ટ છતાં પ્રભાવશાળી ડ્રેસિંગ માટે ગો-ટુ આઈકોન બનાવ્યો છે.



## આમિરનું મહાભારત, 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની જેમ અનેક ભાગમાં બનશે

ભારતીય મહાકાવ્ય મહાભારત આધારિત ફિલ્મ બનાવવાની આમિર ખાનની ઈચ્છા વર્ષો જૂની છે. મહાભારતને ફિલ્મ સ્વરૂપે રજૂ કરવા માટે આમિરે પ્રોડ્યુસર તરીકે જવાબદારી લેવાનું નક્કી કર્યુ છે. પોતાના આ ડ્રીમ પ્રોજેક્ટને આગળ વધારવા આમિર ખાને હવે નક્કર આયોજન શરૂ કર્યું છે. મહાભારત જેવા મહાકાય વિષયને માત્ર એક જ ફિલ્મમાં સમાવવાનું શક્ય ન હોવાથી આમિરે હોલિવૂડની લોકપ્રિય ફ્રેન્ચાઈઝી 'લોર્ડ ઓફ ધ રિંગ્સ'ની જેમ અનેક ભાગમાં 'મહાભારત' બનાવવાનું વિચાર્યુ છે. ઉંમરના છ દાયકા નજીક પહોંચેલા આમિર ખાને મોટા બજેટ સાથે 'મહાભારત'ની તૈયારીઓ શરૂ કરી છે. આમિરે પોતાના આ ડ્રીમ પ્રોજેક્ટ અંગે વાત કરતાં કહ્યું હતું કે, ફિલ્મનું કામ આ વર્ષથી જ શરૂ થઈ જશે. સ્ક્રિપ્ટ લખવાં જ ઘણો સમય લાગશે. 'મહાભારત'ને ફિલ્મ સ્વરૂપે લખવાનું કામ જ એટલું મોટુ છે કે, તેમાં વર્ષો લાગી જશે. 'મહાભારત'માં એક્ટિંગ કરવી કે નહીં તે અંગે આમિરે હજુ વિચાર્યું નથી. આમિર ખાને કહ્યું હતું કે, ફિલ્મના અલગ-અલગ પાત્રોમાં બંધ બેસતા હોય તેવા એક્ટરની પસંદગી માટે એક ટીમ બનાવવામાં આવશે. ફિલ્મમાં ડાયરેક્ટર તરીકે સક્રિય રહેવાની આમિરની ઈચ્છા ઓછી છે. આમિરે કહ્યું હતું કે, આ પ્રોજેક્ટ ઘણો મોટો છે અને આખી કથા કહેવા માટે ઘણી ફિલ્મો બનાવવી પડશે. એક ફિલ્મમાં 'મહાભારત'ને સમાવવાનું શક્ય નથી. બધી જ ફિલ્મોનું ડાયરેક્ટર કોઈ એક વ્યક્તિ કરી શકે નહીં. તેથી અલગ-અલગ ફિલ્મો માટે અલગ-અલગ ડાયરેક્ટરને જવાબદારી સોંપવામાં આવશે. આમિર ખાન પોતે કોઈ ફિલ્મને ડાયરેક્ટ નહીં કરે, પરંતુ પ્રોડ્યુસર તરીકે સમગ્ર પ્રોજેક્ટ પર દેખરેખ રાખશે આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલસિંગ ચઢ્ઢા' ૨૦૨૨ના વર્ષમાં રિલીઝ થઈ હતી અને બોક્સઓફિસ પર પછડાઈ હતી. આમિરની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર' આ વર્ષે રિલીઝ થવાની છે, જે ૨૦૦૭ની બ્લોકબસ્ટર 'તારે જમીન પર'ની સીક્વલ છે.

## કાર્તિકની 'નાગઝિલા' અને વરુણની 'ભેડિયા ૨' વચ્ચે સીધી ટક્કર થશે

### કરણ જોહર અને મેડોક પ્રોડક્શનની ફિલ્મો વચ્ચે આગામી વર્ષે રસપ્રદ મુકાબલો

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આગામ વર્ષને ધ્યાને રાખી મોટાં આયોજનો થઈ ગયાં છે. ૨૦૨૬માં ઘણી બિગ બજેટ ફિલ્મો રિલીઝ થવાની છે. આ યાદીમાં કાર્તિક આર્યનની 'નાગઝિલા' પણ જોડાઈ છે. રિલીઝ ડેટને જોતાં આગામી વર્ષે બોક્સઓફિસ પર 'નાગઝિલા' અને વરુણ ધવનની 'ભેડિયા ૨' વચ્ચે સીધી ટક્કર થવાનું નિશ્ચિત જણાય છે. કાર્તિક આર્યનની આગામી ફિલ્મ નાગઝિલાની રિલીઝ ડેટ ૨૨ એપ્રિલે જાહેર થઈ છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન દ્વારા આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવશે. સામાન્ય રીતે કરણ જોહર પોતાની ફિલ્મની રિલીઝ ડેટ પસંદ કરતી વખતે અન્ય મોટી ફિલ્મ સાથે ટક્કર રોકવાનો પ્રયાસ કરતા હોય છે, પરંતુ 'નાગઝિલા'માં તેમણે વરુણ ધવનની 'ભેડિયા'નો મુકાબલો કરવાનું વિચાર્યુ છે. 'નાગઝિલા'માં કાર્તિક આર્યને ઈચ્છાધારી નાગનો રોલ કર્યો છે. આ ફિલ્મ ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની છે. વરુણ ધવનની બહુચર્ચિત ફિલ્મ 'ભેડિયા ૨' માટે ૧૪ ઓગસ્ટની રિલીઝ ડેટ અગાઉ જાહેર થયેલી છે. આ સ્થિતિમાં કરણ જોહરે સામે ચાલીને બિગ બજેટ ફિલ્મને





પડકારવાનું પસંદ કર્યું છે. આગામી વર્ષે સ્વતંત્રતા દિવસે ભેડિયા અને નાગરાજની ટક્કર જોવા મળશે. સામાન્ય રીતે સ્વતંત્રતા દિને દેશભક્તિની થીમ પર બનેલી ફિલ્મો જોવા મળતી હોય છે, જ્યારે આ વખતે હોરર-માઈથોલોજીનો ચમકારો જોવા મળશે.

બોક્સઓફિસ પર બે મોટી ફિલ્મોની ટક્કરના કારણે બંનેની આવક પર અસર થતી હોય છે. કરણ જોહરે નુકસાન રોકવા માટે અગાઉ અનેક વખત પોતાની ફિલ્મની રિલીઝ ડેટ બદલેલી છે અથવા અન્ય ફિલ્મ મેકર્સને રિલીઝ ડેટ બદલવા તૈયાર કરેલા છે. 'ભેડિયા'ને દિનેશ વિજાનના મેડોક પ્રોડક્શન્સ દ્વારા બનાવવામાં આવી છે. 'સ્ત્રી', 'ભૂલ ભુલૈયા' અને 'છાવા' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોના કારણે મેડોક ફિલ્મ્સે મોખરાના પ્રોડક્શન હાઉસ તરીકે સ્થાન મેળવ્યું છે. મેડોકની વધતી લોકપ્રિયતાને અટકાવવા માટે કરણે નાગરાજ એટલે કે કાર્તિકને મેદાને ઉતાર્યો હોય તેમ જણાય છે. ૨૦૨૬માં 'નાગઝિલા' અને 'ભેડિયા ૨' ઉપરાંત અન્ય બિગ બજેટ ફિલ્મોની પણ આતુરતાથી રાહ જોવાઈ રહી છે.



## 'સોનાક્ષી સિંહા અને શ્રદ્ધા કપૂર જેટલી તકો મને નથી મળતી'

### નુશરત ભરુચાને સમજાતું નથી કે તેને મળવી જોઈએ એટલી ફિલ્મની તકો મળતી નથી

નુશરત ભરુચા ઘણા મહત્વના રોલ સાથેની ફિલ્મ કરી ચૂકી છે અને તેણે હંમેશા સબળ પાત્રો ભજવવાનો આગ્રહ રાખ્યો છે. 'પ્યાર કા પંચનામા', 'ડ્રીમ ગર્લ', 'છોરી' જેવી ફિલ્મમાં તેના રોલ યાદગાર રહ્યાં છે. તેણે હંમેશા અલગ પ્રકારના રોલ કરાવાના પ્રયત્નો કર્યા છે. છતાં તેના ફેન્સનો એક પ્રશ્ન હંમેશા રહ્યો છે કે તેને મળવી જોઈએ એટલી ફિલ્મ કેમ નથી મળતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં નુશરતે ખુલાસો કર્યો હતો કે અન્ય સ્ટારથી અલગ તેને પુરતી તકો મળતી નથી.


હાલ તો નુશરત પોતાની ફિલ્મ 'છોરી ૨'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ત્યારે એક ઈટરવ્યુમાં તેણે એક સરપ્રાઈઝિંગ વાત શેર કરી હતી. તેણે કહ્યું કે તેનો એક નજીકનો મિત્ર, જે એક પ્રોડ્યુસર અને લેખક પણ છે, તેણે નુશરતને એક વખત પૂછ્યું હતું કે તેને વધારે ફિલ્મ કેમ નથી મળતી. આ પ્રશ્નથી નુશરત અચંભામાં પડી ગઈ હતી. તેણે કબૂલ્યું હતું, કે તેને પોતાને આ પ્રશ્નનો જવાબ ખબર નથી.

નુશરતની ફિલ્મી સફર ૨૦૧૦માં શરૂ કરી હતી, જે વર્ષે સોનાક્ષી સિંહા અને શ્રદ્ધા કપૂરે પણ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. નુશરતે કહ્યું હતું કે તેમની ત્રણની કૅરીઅરમાં સ્પષ્ટ ફરક જોઈ શકાય છે. તેણે કહ્યું હતું કે સ્ટાર કિડ્ઝને ફાયદો થાય છે, તે સ્પષ્ટ દેખાય છે. કારણ કે તેમનાં પરિવારો ઈન્ડસ્ટ્રીના લોકોને પહેલાંથી ઓળખે છે. તેણે કહ્યું, "એ લોકો જે જગ્યાએ પહોંચી શકે છે, ત્યાં હું પહોંચી શકતી નથી. એ લોકો એવાં બારણે ટકોરા મારી શકે છે, જે બારણાં અસ્તિત્વમાં છે એ પણ મને ખ્યાલ હોતો નથી." આ જ ઈન્ટરવ્યુમાં નુશરતે આગળ જણાવ્યું કે, પ્યાર કા પંચનામા પછી તે એક ફિલ્મ મેકરનો સંપર્ક કરવા માગતી હતી પણ તેની પાસે એનો નંબર જ નહોતો. તેણે અંતે કબીર ખાનનો સંપર્ક કર્યો, જેમણે જવાબ પણ આપ્યો અને મળવા માટે પણ સહમત થયા. નુશરતે એ પણ કહ્યું કે તે બીજા લોકોને "નેપો કિડ્ઝ" કહેવાનું ટાળે છે.

# શો-શરાબા : આર. માધવનઃ ચોકલેટી હીરો બન્યો ખલનાયક

આજે કેસરીઃ ચેપ્ટર ૨' રિલીઝ થઈ રહી છે. નાયક એટલે કે હીરો વકીલ શંકરન નાયરના પાત્રમાં અક્ષય કુમાર છે, જ્યારે સામે આર. માધવન ભજવી રહ્યો છે વકીલ નેવિલ મેકીનલીનું નેગેટિવ પાત્ર. એક સમય હતો જ્યારે આર. માધવન એટલે રોમેન્ટિક પાત્રો, ભોળી સ્માઈલ અને સીધો દિલમાં ઊતરી જતો માધવન ઊર્ફે મેડી! ખાસ કરીને જ્યારે એણે રહના હૈ તેરે દિલ મેં' (૨૦૦૧)માં કામ કર્યું પછી અનેક ત્યારે દરેક યુવતી એની પછળ મેડ પાગલ હતી. છોકરીઓના મગજમાં મેડી જેવો પ્રેમી અને હીરો વસવા લાગ્યો હતો. એવી એની છબી ઉપસી હતી કે લોકો માધવનને એવરગ્રીન રોમેન્ટિક હીરો ગણતા, પણ આજનો માધવન એકદમ બદલાઈ ગયો છે. હવે એ સ્ક્રીન પર જોવા મળે છે તો એને જોઈને પ્રેમ નહીં, પણ થોડી બેચેની થાય છે. હવે એ પાત્રો એવાં ભજવી રહ્યો છે કે જ્યાં એની આંખો પ્રેમ નહીં , પણ શંકા જગાવે છે. એની હજી તાજી ફિલ્મ શૈતાન' (૨૦૨૪)માં તો એ નાનકડી સ્માઈલ પાછળ આખી ભયંકર ચાલ છુપાયેલી દેખાતી હતી. આમ છતાં, મજાની વાત એ છે કે દર્શકોએ એને વિલન તરીકે પણ એમ કહીને સ્વીકારી લીધો છે કેઆ આપણો મેડી તો હવે ખલનાયક બની ગયો યાર!!'

જોકે શૈતાન' કંઈ માધવનનો વિલન તરીકેના રોલનો પ્રથમ કિસ્સો નહોતો. માધવનની વિલન તરીકેની સફર એ પહેલાં જ શરૂ થઈ ચૂકી હતી. માધવનનાં ઘણાં પાત્રો જોતા એ નોંધવું પડે કે તે ક્યારેક હીરો લાગે, તો ક્યારેક ગ્રે ઝોનમાં હોય.એમેઝોન પ્રાઈમ વીડિયો' પર આવેલી એની વેબ સિરીઝ બ્રીધ' (૨૦૧૮)નું એનું એક પિતા તરીકેનું પાત્ર પણ બ્લેક એન્ડ વ્હાઈટની વચ્ચેના આ ગ્રે ઝોનમાં જ અટવાયેલું નજર આવતું હતું. ૨૦૨૦માં આવેલીનિશબ્ધમ' પણ માધવનના ગ્રે કેરેક્ટરનું જ ઉદાહરણ છે. જોકે નિશબ્ધમ'માં એનું પાત્ર વધુ ડાર્ક જતું હોય તેમ લાગે છે. અને એ સાથે જ દર્શકોને પણ એમ લાગ્યું છે કે માધવન હવે પોતાને નવા અવતારમાં ઢાળી રહ્યો છે. અને પછી આવીવિક્રમ વેદા' (૨૦૧૭) અને 'ધોખાઃ રાઉન્ડ ડી કોર્નર' (૨૦૨૨) જેવી ફિલ્મ્સ કે જ્યાં એના પાત્રો હીરો કે વિલન છે એની વચ્ચે સ્પષ્ટ





રેખા જ નહોતી.

ખાસ તો 'વિક્રમ વેદા' ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. પોલીસ ઓફિસર વિક્રમ તરીકે માધવનનું પાત્ર નિયમોનું પાલન કરનાર આદર્શ નહોતું, પણ અંદરથી કોન્ફ્લીકટ્સ-આંતરિક તકરાર સાથે જીવતું હતું. અને એમાંની નકારાત્મકતા માધવનની એક્ટિંગમાં પણ દેખાઈ છે.

જોકે, સાચો શોક તો ત્યારે લાગ્યો જ્યારે માધવને 'શૈતાન'માં એક એવો વિલન ભજવ્યો જે બ્લેક મેજીક દ્વારા એક પરિવારની જિંદગી હચમચાવી નાખે છે. અહીં મામલો માત્ર પાત્રોને ડરાવવાનો ન હતો, પણ દર્શકોમાં સાયકોલોજીકલ ડર ઊભો કરવાનો હતો. અને એ માધવને વિના બૂમાબૂમ કે ઓવર ધ ટોપ એક્ટિંગ વગર કરી બતાવ્યું છે. વિલન તરીકે એની આંખોની શાંતિ પણ ડરાવનારી લાગી છે, છતાં દર્શકોને પણ રોમેન્ટિક હીરો માધવનને વિલન તરીકે જોવાની મજા આવી છે.

હવે માધવન ફિલ્મ કેસરીઃ ચેપ્ટર ૨'માં પણ વિલન તરીકે પાછો આવ્યો છે. આ ફિલ્મમાં એનું નેવિલ મેકીનલીનું પાત્ર એટલે કે એક એવો અંગ્રેજ અધિકારી, જે જલિયાંવાલા બાગના કેસમાં શંકરન નાયરની સામે કોર્ટરૂમમાં ટક્કર આપે છે. ગબ્બર કે મોગેમ્બો જેવા ગઈ સદીના આઈકોનિક વિલન જેવો આ શારીરિક રીતે લડનાર વિલન નથી, પણ આજકાલની ફિલ્મ્સના સમયમાં માનસિક ખેલ રમી જાણનાર પાત્ર હોય તેવું ઈતિહાસ અને ટ્રેલર પરથી જણાઈ આવે છે.શૈતાન'માં પણ માધવનના પાત્રનો ડર એના કદકાઠીને લઈને નહીં, પણ એના કાવાદાવાને લઈને જ હતો.

અલબત્ત, માધવનને આવાં પાત્રોમાં જોઈને એવું લાગતું નથી કે માધવન હવે વિલનના સ્ટીરીયોટાઈપમાં ફસાઈ ગયો છે. માધવન એવા પાત્રો ભજવી રહ્યો છે કે જેમાં કોઈ મેકઅપ કે કોસ્ચ્યુમ પરથી તે ખલનાયક લાગે એવું નથી, પણ એની આંખોમાં છુપાયેલી કાળી બાજુ સામેના પાત્ર અને દર્શકોને વિચલિત કરે છે. એ પરથી એવું લાગે છે કે માધવન પોતે પણ આ પ્રકારના પાત્રોને અભિનેતા તરીકે માણી રહ્યો છે.આ બદલાવ માત્ર માધવન માટે નહીં, પણ આખા ભારતીય સિનેમાના નેરેટિવ માટે મહત્ત્વપૂર્ણ છે. આજકાલ વિલન્સ માત્ર હાહાહા હસતાં અને જોરથી બોલતાં લોકો નથી. હવે એ બધા ઓફિસમાં સૂટ પહેરે છે, કોન્ફરન્સ રૂમમાં પ્લાન કરે છે અને એ ધીમા ઝેર જેવા હોય છે. માધવન એ જ ચાલી રહેલા ટેમ્પ્લેટમાં પોતાની અદાકારીનું મેળવણ ઉમેરી રહ્યો છે. નવાઝુદ્દીન સિદ્દીકી, મનોજ બાજપેયી અને જયદીપ અહલાવત જેવાઓની એ શ્રેણીમાં હવે માધવન પણ પ્રવેશી ચૂક્યો છે. અને કદાચ જે ચીજ બધામાં સૌથી વધારે જિજ્ઞાસા જગાવી રહી છે એ છે કે દાયકાઓ સુધી માધવન એક પ્રેમાળ મેડી હતો અને હવે એ જ વ્યક્તિ એકદમ સામેના છેડાના પાત્રો ભજવી રહ્યો છે ત્યારે એને તેમાં જોવાનો અનુભવ કેવો હોઈ શકે! ભવિષ્યમાં માધવન અભિનયના કેવા અલગ રંગ દેખાડે છે એ તો સમય જ બતાવશે!

# દિલ્હીએ લખનૌને હરાવ્યું, કેએલ રાહુલ-અભિષેક પોરેલે ફટકારી અડધી સદી



દિલ્હી કેપિટલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને તેમના હોમ ગ્રાઉન્ડ પર ૮ વિકેટે હરાવ્યું. એકાના સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં લખનૌની ટીમે પ્રથમ બેટિંગ કરીને ૧૫૯ રન બનાવ્યા હતા, જેના જવાબમાં દિલ્હીની ટીમે ૧૮મી ઓવરમાં ૮ વિકેટ બાકી રહેતા આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

દિલ્હી તરફથી આ સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ ૫૭ રન બનાવીને અણનમ પાછો ફર્યો. દિલ્હી કેપિટલ્સનો ૮ મેચમાં આ છઠ્ઠો વિજય છે. દિલ્હી કેપિટલ્સને ૧૬૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેના જવાબમાં તેમને ઝડપી શરૂઆત મળી હતી પરંતુ કરુણ નાયર ૧૫ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

કેએલ રાહુલ અને અભિષેક પોરેલે મળીને LSGના બોલરોને હેરાન કર્યા અને ૬૯ રનની મહત્વપૂર્ણ પાર્ટનરશિપ કરી. રાહુલનો રોકાવવાનો કોઈ ઈરાદો નહોતો અને આમ, કેપ્ટન અક્ષર પટેલ સાથે મળીને, તેને ૫૬ રનની પાર્ટનરશિપ કરીને પોતાની ટીમનો વિજય સુનિશ્ચિત કર્યો.

આ મેચમાં કેએલ રાહુલે ૪૨ બોલમાં ૫૭ રનની અણનમ અડધી સદી ફટકારી હતી. આ સિઝનમાં આ તેની ત્રીજી ફિફ્ટી છે અને તેને IPLમાં ૫ હજાર રન પણ પૂરા કર્યા છે. રાહુલે અત્યાર સુધીમાં IPL ૨૦૨૫ માં ૭ ઈનિંગ્સમાં ૩૨૩ રન બનાવ્યા છે અને ૬૪.૬ ની પ્રભાવશાળી એવરેજથી રન બનાવી રહ્યો છે. મુકેશ કુમારે દિલ્હી કેપિટલ્સની જીતનો પાયો નાખ્યો હતો. તેને ૪ ઓવરના સ્પેલમાં માત્ર ૩૩ રન આપીને ૪ વિકેટ લીધી. તેને મિચેલ માર્શ, અબ્દુલ સમદ, આયુષ બદોની અને એલએસજીના કેપ્ટન રિષભ પંતની વિકેટ લીધી. તેના સિવાય દિલ્હી તરફથી દુષ્મંથ ચમીરા અને મિચેલ સ્ટાર્કે એક-એક વિકેટ લીધી. દિલ્હી છેલ્લી મેચમાં ગુજરાત સામે હારી ગયું હતું, પરંતુ હવે LSGને હરાવીને તેને ફરી એકવાર પોતાનો વિજય ક્રમ પાછો મેળવ્યો છે.

# કેએલ રાહુલએ રચ્યો ઈતિહાસ, આ મામલે વોર્નર અને કોહલીને છોડ્યા પાછળ



૨૨ એપ્રિલના રોજ, કેએલ રાહુલે શાનદાર બેટિંગ કરી અને અડધી સદી ફટકારી. તેને ૫૧ રન બનાવતાની સાથે જ એક મહાન સિદ્ધિ હાંસલ કરી. તે IPLના ઈતિહાસમાં સૌથી ઝડપી ૫૦૦૦ રન બનાવનાર ખેલાડી બન્યો. તેને આ મામલે વિરાટ કોહલી અને ડેવિડ વોર્નરને પાછળ છોડી દીધા.

IPLના ઈતિહાસમાં સૌથી ઝડપી ૫૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ હવે KL રાહુલના નામે છે. આ પહેલા આ રેકોર્ડ ડેવિડ વોર્નરના નામે હતો, જેને ૧૩૫ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. પરંતુ રાહુલે માત્ર ૧૩૦ ઈનિંગ્સમાં ૫૦૦૦ રન પૂરા કર્યા અને આ રેકોર્ડ તોડ્યો.

આ લિસ્ટમાં ત્રીજા સ્થાને વિરાટ કોહલી છે, જેને ૧૫૭ ઈનિંગ્સમાં ૫૦૦૦ રન બનાવ્યા હતા. ચોથા નંબર પર એબી ડી વિલિયર્સ છે, જેને ૧૬૧ ઈનિંગ્સમાં આ આંકડો પાર કર્યો હતો, જ્યારે શિખર ધવને ૧૬૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી.

કેએલ રાહુલે આ સિઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને સતત રન બનાવીને ટીમને મજબૂત શરૂઆત અપાવી છે. એક સમય એવો હતો જ્યારે ચર્ચા હતી કે તેમને દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ સોંપવામાં આવી શકે છે, પરંતુ રાહુલે પોતે આ ઓફરને નકારી કાઢી હતી.

# માઇકલ સ્લેટરને ઘરેલું હિંસા માટે સજા થઈ હોવા છતાં બહાર છે



ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ક્રિકેટર અને હાલમાં કોમેન્ટેટર બનેલા માઇકલ સ્લેટરને મંગળવારે ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તેની સામે ઘરેલું હિંસા સહિતના ઘણા આક્ષેપો થયા હતા પરંતુ તેને મુક્તપણે ફરવાની મંજૂરી આપવામાં આવશે કેમ કે તે અગાઉથી જ એક વર્ષની સજા ભોગવી ચૂક્યો છે.

એક અહેવાલ મુજબ આ સજા આંશિક રીતે સસ્પેન્ડ કરવામાં આવી છે કેમ કે તેનો સમયગાળો પૂરો થઈ ચૂક્યો છે.

૫૫ વર્ષીય માઇકલ સ્લેટર સામે એક ડઝન કરતાં વધારે આક્ષેપો સાથે કેસ થયેલા હતા જેમાં ઘરેલુ હિંસા, પીછો કરવો, છેડતી કરવી, નાઈટ ક્લબમાં મારામારી કરવી વિગેરેનો સમાવેશ થતો હતો. તેણે કેટલીક વ્યક્તિને શારિરીક નુકસાન પહોંચાડ્યું હોવાના પણ આક્ષેપો થયા હતા.

અહીની એક સ્થાનિક કોર્ટમાં ચાલેલા કેસ દરમિયાન ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે દારૂ "તેના અપરાધનું વારંવાર લક્ષણ હતું કારણ કે તેનું વર્તન વધુ અનિયમિત બનતું ગયું હતું. કોર્ટ સમક્ષ એવી પણ રજૂઆત કરાઈ હતી કે સ્લેટરે પીડિતાને ઉત્પીડનની ફરિયાદ ન કરવાની ચેતવણી આપતાં પોતાને નુકસાન પહોંચાડવાની ધમકીઓ આપી હતી અને તે સ્લેટરના વર્તનથી ખૂબ જ ભયભીત અને થાકી ગઈ હતી. તેમ અહેવાલમાં જણાવાયું હતું. જોકે આ અહેવાલમાં પીડિત વ્યક્તિની ઓળખ જાહેર કરાઈ ન હતી. તેમાં માત્ર એમ સંકેત આપવામાં આવ્યો હતો કે તેણી ક્વિન્સલેન્ડની હતી અને તેની ઉપર ૨૦૨૩માં કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો તથા તેને પરેશાન કરવામાં આવી હતી. જજ ગ્લેન કેશે આ કેસમાં માઇકલ સ્લેટરને શરાબી ગણ્યો હતો અને તેને ચેતવણી પણ આપી હતી કે તેનું રિહેબ આસાન નહી હોય કેમ કે વ્યસન તેના મેકઅપનો ભાગ બની ગયું છે. ફરિયાદ પક્ષે સ્લેટરને પાંચ વર્ષની સજા અને ત્રણ વર્ષ બાદ પેરોલ મળે તે રીતે માગણી કરી હતી પરંતુ બચાવ પક્ષે એવી દલીલ કરી હતી કે આ સજામાં ઘટાડો કરવામાં આવે કેમ કે સ્લેટરનો ગુનો એટલો બધો ગંભીર ગણી શકાય નહી. માઇકલ સ્લેટર ૧૯૯૩થી ૨૦૦૩ દરમિયાન ઓસ્ટ્રેલિયા માટે ૭૪ ટેસ્ટ અને ૪૨ વન-ડે ઈન્ટરનેશનલ મેચ રમ્યો હતો.

# જસપ્રિત બુમરાહ વિઝડનનો મોખરાનો મેન્સ ક્રિકેટર જાહેર



ભારતના મોખરાના ઝડપી બોલર જસપ્રિત બુમરાહને મંગળવારે વિઝડન દ્વારા વિશ્વના મોખરાના મેન્સ ક્રિકેટર અને ભારતની ટોચની બેટર સ્મૃતિ મંધાનાને વિશ્વની મોખરાની વિમેન્સ ક્રિકેટર જાહેર કરવામાં આવી હતી. આમ વિશ્વના પ્રતિષ્ઠિત વાર્ષિકાંક વિઝડનમાં આ વર્ષે ભારતીય ક્રિકેટર છવાઈ ગયા હતા.

વિઝડન વાર્ષિકાંકની ૨૦૨૫ની આવૃત્તિમાં છેલ્લા વર્ષના પ્રદર્શનને આધારે બુમરાહ અને મંધાનાને સન્માનિત કરાયા હતા.

૩૧ વર્ષીય જસપ્રિત બુમરાહે ૨૦૨૪ની સિઝનમાં ટેસ્ટ ક્રિકેટમાં ૧૪.૯૨ની સરેરાશથી ૭૧ વિકેટ ઝડપી હતી. એક વર્ષમાં આ પ્રકારની સરેરાશ સાથે અગાઉ કોઈ બોલર આટલી વિકેટ ખેરવી શક્યો નથી. આ ઉપરાંત બુમરાહ વિશ્વનો એવો પ્રથમ બોલર બન્યો હતો જેણે ૨૦ કરતાં ઓછી સરેરાશથી ટેસ્ટ ઈતિહાસમાં પોતાની ૨૦૦ વિકેટની સિદ્ધિ હાંસલ કરી હોય.

૨૦૨૪-૨૫માં યોજાયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં બુમરાહે એકલા હાથે ભારતનું બોલિંગ આક્રમણ સંભાળ્યું હતું અને ૩૨ વિકેટ ઝડપી હતી. જોકે સિડની ખાતેની અંતિમ ટેસ્ટમાં ભારતને જ્યારે બુમરાહની ખાસ જરૂર હતી ત્યારે મેચના છેલ્લા દિવસે તે ઘાયલ થયો હોવાથી બોલિંગ કરી શક્યો ન હતો. બુમરાહે ૧૩.૦૬ની સરેરાશથી ૩૨ વિકેટ ઝડપી હતી.

આ વર્ષ દરમિયાન અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં બુમરાહે ૪.૧૭ની સરેરાશથી ૧૫ વિકેટ ઝડપી હતી અને તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરાયો હતો. તેના પ્રયાસથી ભારતે ૨૦૧૩ બાદ પહેલી વાર આઈસીસી ટ્રોફી જીતી હતી.

દરમિયાન ભારતીય વિમેન્સ ટીમની સિનિયર અને ઓપનિંગ બેટર સ્મૃતિ મંધાનાએ ભારતને વિઝડનમાં બેવડી સિદ્ધિ અપાવી હતી કેમ કે તેને વિશ્વની મોખરાની વિમેન્સ બેટર જાહેર કરાઈ હતી.

૨૮ વર્ષીય મંધાનાએ ૨૦૨૪માં ક્રિકેટના તમામ ફોર્મેટમાં મળીને ૧૬૫૯ રન ફટકાર્યા હતા. વિમેન્સ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન ફટકારવાનો આ નવો રેકોર્ડ હતો. મંધાનાએ આ વર્ષ દરમિયાન ચાર સદી ફટકારી હતી તે પણ એક નવો રેકોર્ડ છે. મંધાનાએ સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટમાં ભારતના દસ વિકેટથી થયેલા વિજયમાં ૧૪૯ રન ફટકાર્યા હતા. આ તેની બીજી ટેસ્ટ સદી હતી. વિઝડન દ્વારા આ એવોર્ડનો પ્રારંભ થયો ત્યાર બાદ બે વાર આ એવોર્ડ હાંસલ કરનારી સ્મૃતિ મંધાના ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર બની છે. વેસ્ટ ઈન્ડિઝના નિકોલસ પૂરણને વિઝડન દ્વારા વિશ્વનો ટોચનો ટી૨૦ પ્લેયર જાહેર કરાયો હતો.

# કોલકાતામાં મને ફક્ત બે મેચમાં કોમેન્ટ્રીની જવાબદારી સોંપાઈ હતીઃ ભોગલે

નવી દિલ્હીઃ સોમવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ગૃહ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો થયો હતો. કેકેઆરની ટીમનો ૩૯ રને પરાજય થયો હતો. આઈપીએલમાં જાણીતા કોમેન્ટ્રેટર હર્ષા ભોગલે અને સાયમન ડોલ વિરુદ્ધ ક્રિકેટ એસોસિએશન ઓફ બંગાળ (સીએબી)એ બોર્ડ સમક્ષ ફરિયાદ કરી હોવાની વાત બહાર આવી છે. આ બંને કોમેન્ટ્રેટરે અગાઉ કોલકાતાની પિચ સ્થાનિક ટીમને મદદરૂપ નહી હોવાનું અને કેકેઆરે તેમનો બેઝ કોલકાતા બહાર ખસેડવો જોઈએ તેવું નિવેદન કર્યું હતું. સ્થાનિક એસો.ની ફરિયાદને પગલે કોમેન્ટ્રી પેનલમાં લેવાયા નહીં હોવાની ચર્ચા મુદ્દે ભોગલેએ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, મને આઈપીએલમાં કોલકાતામાં ફક્ત બે મેચમાં કોમેન્ટ્રી કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી જે પુરી થઈ ગઈ છે. કોમેન્ટ્રેટર્સનો કાર્યક્રમ ટુર્નામેન્ટ અગાઉ જ નક્કી થતો હોય છે.



# સનરાઈઝર્સને જીતની તલાશ, મુંબઈ વિજયકૂચ જાળવવા મક્કમ



સનરાઈઝર્સ હૈદરાબાદનો આ સિઝનમાં તેના આક્રમક સ્વભાવથી વિપરીત દેખાવ જોવા મળ્યો છે. મજબૂત બેટિંગ ધરાવતી હૈદરાબાદની ટીમે ગત સિઝનમાં અનેક વખત વિશાળ સ્કોર નોંધાવ્યા હતા. પરંતુ ચાલુ સિઝનમાં હૈદરાબાદ પ્રારંભિક મુકાબલામાં અને ત્યારબાદ પંજાબ સામે હાઈસ્કોરિંગ મેચમાં રનચેઝ કર્યો તેને બાદ કરતા અન્ય મેચમાં પ્રભાવી દેખાવ કરી શક્યું નથી. સનરાઈઝર્સ સાત મેચ પૈકી બે મેચ જીત્યું છે અને પાંચમાં પરાજય થયો છે. બુધવારે મુંબઈ ઈન્ડિયન્સ સામેના મુકાબલામાં હૈદરાબાદને સ્પર્ધામાં ટકી રહેવા ફરજિયાત જીતવું પડશે. બીજીતરફ હાર્દિક પંડ્યાની આગેવાનીમાં મુંબઈ ઈન્ડિયન્સે સળંગ ત્રણ મેચ જીતીને કમબેકના સંકેત આપ્યા છે. ગત મેચમાં રોહિત શર્માએ ૭૬ રન ફટકારતા ધમાકેદાર ઈનિંગ્સથી ફોર્મ પરત મેળવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સ વિજયકૂચને આગળ ધપાવવા મક્કમ જણાય છે. વાનખેડેમાં સનરાઈઝર્સને હરાવ્યા બાદ મુંબઈ હવે હૈદરાબાદને તેના જ હોમગ્રાઉન્ડ પર માત આપવાના ઈરાદા સાથે ઉતરશે.

પેટ કમિન્સના નેતૃત્વમાં હૈદરાબાદનો દેખાવ સાતત્યપૂર્ણ નથી રહ્યો. અભિષેકને બાદ કરતા અન્ય બેટ્સમેનોએ નિરાશ કર્યા છે જ્યારે બોલિંગ પણ બિનઅસરકારક રહી છે. મુંબઈની ધીમી પિચ પર હૈદરાબાદના બેટ્સમેનોનો ધબડકો થયો હતો. હવે ઘરઆંગણે ફ્લેટ પિચ પર મેચ રમાઈ છે તો હૈદરાબાદના બેટ્સમેનો પાસેથી વધુ એક વખત આક્રમક અંદાજની અપેક્ષા રહેશે. મુંબઈના બેટ્સમેનોએ તેમની લય પુનઃ મેળવી છે. રોહિત બાદ સુર્યકુમારે પણ ચેન્નાઈ સામે ફિફ્ટી ફટકારી હતી. મુંબઈ જો આ મુકાબલો જીતે છે તો તેની પ્લેઓફની આશા જીવંત રહેશે. મુંબઈનો હાલમાં ચાર મેચમાં વિજય અને તેટલી જ મેચમાં પરાજય થયો છે. મુંબઈ ઈન્ડિયન્સ કમબેકમાં માહેર છે અને તેણે અગાઉની કેટલીક ટુર્નામેન્ટ્સમાં પણ આ કરી બતાવ્યું છે.

હૈદરાબાદને તેના ઓપનર ટ્રેવિસ હેડ પાસેથી વધુ અપેક્ષા રહેશે. જસપ્રિત બુમરાહ અને હેડની ટક્કર રોમાંચક રહેશે. મુંબઈ ઈન્ડિયન્સ સામે હેડ ટુ હેડ સ્પર્ધામાં કુલ ૨૪ મેચમાંથી હૈદરાબાદ ૧૦ જીત્યું છે જ્યારે ૧૪માં પરાજય થયો છે.

# મેચ ફિક્સિંગના આરોપોથી ગુસ્સે થઈ રાજસ્થાન રોયલ્સ, સરકારને કરી અપીલ



ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ ની ૩૬મી મેચમાં, રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ૨ રને હારી ગયું. આ હાર બાદ રાજસ્થાન રોયલ્સ પર મેચ ફિક્સિંગનો આરોપ લાગી રહ્યો છે. રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનની એડ-હોક સમિતિના સંયોજક જયદીપ બિહાનીએ આરઆર પર 'મેચ ફિક્સિંગ'નો આરોપ લગાવ્યો છે.

હવે આ સમગ્ર મામલે રાજસ્થાન રોયલ્સ તરફથી પ્રતિક્રિયા આવી છે. ઇઇ ફ્રેન્ચાઈઝીએ કહ્યું છે કે જયદીપ બિહાનીના તમામ નિવેદનો પાયાવિહોણા અને ખોટા છે. હવે ફ્રેન્ચાઈઝીએ સ્પોર્ટ્સ કાઉન્સિલના પ્રમુખ નીરજ કે પવન, મુખ્યમંત્રી અને રમતગમત મંત્રીને પત્ર લખ્યો છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે ભવિષ્યમાં RCA કન્વીનર જયદીપ બિહાની દ્વારા આવા નિવેદનો અટકાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે.

તમને જણાવી દઈએ કે એક મીડિયા ચેનલ સાથેની મુલાકાતમાં જયદીપ બિહાનીએ કહ્યું હતું કે તેમના હોમ ગ્રાઉન્ડ પર, ઇઇ ને છેલ્લી ઓવરમાં ફક્ત ૯ રનની જરૂર હતી પરંતુ તેઓ છતાં હારી ગયા. આ સમજની બહાર છે અને કંઈક ખોટું છે. બિહાનીએ રાજસ્થાન રોયલ્સના ઈતિહાસનો ઉલ્લેખ કર્યો હતો. તેમને યાદ અપાવ્યું કે ૨૦૧૩માં ટીમના કેટલાક ખેલાડીઓ સ્પોટ ફિક્સિંગમાં સામેલ હતા. આ સિવાય ફ્રેન્ચાઈઝના માલિક રાજ કુન્દ્રા પર સટ્ટાબાજીનો આરોપ હતો. આ કારણે, રાજસ્થાન રોયલ્સ પર ૨૦૧૬ અને ૨૦૧૭ સીઝન માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જયદીપ બિહાનીએ LSG સામેની હારની તપાસની માંગ કરી છે. તેમને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને અન્ય તપાસ એજન્સીઓને આ મામલાની સંપૂર્ણ તપાસ કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે આવી હાર માત્ર ટીમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે, પરંતુ આ રીતે મેચ હારવાથી યુવા ખેલાડીઓનું મનોબળ પણ ખરાબ રીતે તૂટી જાય છે. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં, રાજસ્થાન રોયલ્સને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૯ રનની જરૂર હતી. આવેશ ખાન LSG તરફથી બોલિંગ કરી રહ્યો હતો. ઇઇ તરફથી ધ્રુવ જુરેલ અને શિમરોન હેટમાયર ક્રીઝ પર હાજર હતા. આવેશ છેલ્લી ઓવરમાં શાનદાર બોલિંગ કરી અને ફક્ત ૬ રન આપ્યા અને લખનૌની ટીમે તે મેચ ૨ રનથી જીતી લીધી.

# કચ્છમાં મધ્યરાત્રીએ ૫ની તીવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો આવ્યો

## ભૂકંપનું કેન્દ્ર બિંદુ દુધઈથી ૧૭ કિ.મી. દૂર ઉત્તર-પૂર્વમાં નોંધાયું

કચ્છ, તા.૨૩

સરહદી જિલ્લા કચ્છના પૂર્વ વિસ્તારના દુધઈ પાસે ગઈકાલે રાત્રે ૧૧:૨૬ કલાકે ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાનો સિલસિલો અવિરતપણે શરૂ રહેવા પામેલ છે. ગત મોડી રાત્રે ૧૧:૨૬ કલાકે દુધઈ પાસે ૫.૦ની તીવ્રતાનો ભૂકંપનો આવેલ આ આંચકાની અસર રાપરથી લઈને નખત્રાણા વિસ્તારમાં થઈ હતી.

વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. તો ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાનો સિલસિલો અવિરતપણે ચાલુ છે. ગઈકાલે મધરાતે ૧૧:૨૬ કલાકે ૫.૦ની તીવ્રતા સાથેના ભૂકંપના આંચકાથી કચ્છના વાગડ વિસ્તારમાં કંપનની અસર થઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ પૂર્વ કચ્છના દુધઈથી ૧૭ કિલોમીટર દૂર નોર્થ-નોર્થ ઈસ્ટમાં નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે, કચ્છના ભચાઉ વિસ્તારમાં અવારનવાર ભૂકંપના આંચકાઓ સક્રિય ફોલ્ટલાઈન પર જ નોંધાઈ રહ્યા છે. પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં ભચાઉ પાસે આવેલ ભૂકંપની ફોલ્ટલાઈન પર અવારનવાર ૧.૦ થી ૪.૦ની તીવ્રતાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. ખાસ કરીને વાગડ વિસ્તારના ભચાઉ, રાપર, દુધઈની આસપાસના વિસ્તારમાં અવારનવાર આંચકા અનુભવાતા હોય છે. તો ભારત પાકિસ્તાન બોર્ડર પર પણ ફોલ્ટલાઈન સક્રિય થઈ છે. ભૂકંપના આ આંચકાથી કોઈપણ પ્રકારનું નુકશાન થવા પામેલ નથી. ગાંધીનગર સ્થિત ગઈકાલે (ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિઝ્મોલોજીકલ રિસર્ચ) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ૨૨ એપ્રિલ, ની રાત્રે કચ્છ જિલ્લામાં ભૂકંપ નોંધાયો છે. ભૂકંપનું કેન્દ્ર દુધઈ ગામથી આશરે ૧૭ કિ.મી. ઉત્તર-ઉત્તર પૂર્વમાં આવેલું હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૦ માપવામાં આવી છે. ભૂકંપના આંચકાથી કોઈપણ પ્રકારની જાનહાની નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ઝટકા થોડા સેકન્ડ સુધી અનુભવાયા હતા. ભૂકંપ સમયે ઘરના અંદર હોવ તો મજબૂત ટેબલ નીચે શરણ લો, અને બહાર હોવ તો ખુલ્લા સ્થળે જાઓ. ભૂકંપના પછી પણ આફ્ટરશોક ઝટકા શક્ય હોય છે, માટે સતર્ક રહો.



સુરતના બજારોમાં ફળોના રાજા કેરીનું આગમન થઈ ગયું છે. ઠેર-ઠેર બોક્ષમાં કેરીનું ઉંચા ભાવે વેચાણ થઈ રહ્યું છે. મોટાપાયે કેરીનો માલ બજારમાં નહીં ઠલવાતા હાલ તો ડઝનના ભાવે કેરીઓ વેચાઈ રહી છે.

# વીજળી લાઈન માટે જમીન સંપાદન કામગીરીનો ખેડૂતો દ્વારા વિરોધ

## યોગ્ય વળતરની માગ સાથે કામગીરી અટકાવવાની માંગણી

સુરત, તા.૨૩

સુરત જિલ્લામાંથી પસાર થતી વીજ લાઈન માટે જમીન સંપાદનના મુદ્દે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે. પાવર ગ્રીડ અને સ્ટરલાઈટ વીજ કંપની દ્વારા કામરેજ, બારડોલી, પલસાણા અને બારડોલી તાલુકાના ગામોમાંથી વીજ લાઈન પસાર કરવાની કામગીરી ચાલી રહી છે. ખેડૂતોના સતત વિરોધને પગલે કામરેજ સેવાસદન ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. અસરગ્રસ્ત ખેડૂતોએ યોગ્ય વળતરની માગ કરી છે. ખેડૂતોનું કહેવું છે કે, જ્યાં સુધી તેમની વળતરની માગ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ વીજ લાઈનની કામગીરી થવા દેશે નહીં. હાલમાં ખેતરોમાં વીજ પોલ ઊભા કરવાની કામગીરી ચાલી રહી છે. બેઠક દરમિયાન પ્રાંત અધિકારીએ જમીન સંપાદન અંગેની સમગ્ર પ્રક્રિયા વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપી હતી. ખેડૂતોએ યોગ્ય વળતર ન મળવાના મુદ્દે પોતાનો વિરોધ ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

# કમનસીબ નિર્દોષ પર્યટકોનું લોહી ચાખનારા ઉપદ્રવી - આતંકીઓને જોતા જ 'દેખો ત્યાં ઠાર'!

સુરત, તા.૨૩

કાશ્મીરમાં પર્યટકો ઊપર ભયકંર આતંકી હુમલામાં કરુણાજનક રીતે ૨૬ થી વધુ કમનસીબ નિર્દોષો મોતનાં શિકાર થયા ત્યારે હાથ જોડીને બેસી રહેવાય નહી!લોહી ચાખી ગયેલા આતંકી - ઉપદ્રવીઓને જોતા જ 'દેખો ત્યાં ઠાર'ના આદેશ જારી કરવા રહ્યા! 'લાતો કે ભૂત બાતો સે કહાં માનને વાલે હૈ'! આતંકવાદીઓની પૂજા-અર્ચના અને આરતી નહી થાય!આતંકી સામે 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ; ગુણ તારાં નિત ગાઈએ" તથા " મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે " એવા ભક્તિ ગીતો નહિ ગ્વાય!"અહિંસા પરમો ધર્મ"! આતંકીઓને લાગુ પડતો નથી!એક ગાલ પર તમાચો મારવામાં આવતા બીજો ગાલ ધરવાથી દયાની ભીખ મળે છે! કિન્તુ, સ્વતંત્રતા નહી! (આતંકી સામે હરગીઝ અને લગીરે નહી!) અત્રે ખૂન કા બદલા ખૂન...!મોત કા બદલા કમોત....! અત્રે, વેર-વેરથી જ શમશે અને પાપ-પાપથી ટળશે! વળી, પાપી - અપરાધીઓનો નરસંહાર એ પાપ - અપરાધ ભાવ નથી! ગાંધીની પ્રાર્થના "ઈશ્વર અલ્લાહ તેરો નામ..." એ આતંકવાદીઓ નહિ સાંભળે..! એ માટે અખાતીજ સુધીનું મુહૂર્ત જોવું કે, જ કાઢવાનું નથી! "અધર્મ પર ધર્મ " અને "અસત્ય ઊપર સત્ય"ના વિજય માટે પાર્થ (અત્રે મોદી!)ને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ કહો, કુંતા ( તત્રે સંત સુરા )ની છે એ આણ..!પરિસ્થિતિ વણસતા સેના સુરક્ષા જવાનો કરે 'દેખો ત્યાં ઠાર' અને આતંકીઓને તેના પાકિસ્તાનના ઘરમાં ઘુસીને મારે એજ અભ્યર્થનાસહ!વંદેમાતરમ! જયહિન્દ!

**સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)**
**ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત**
**મો ૯૪૨૭૮ ૩૧૨૧૩**

# સુરત જિલ્લામાં બાળલગ્નો અટકાવવા વિવિધ સ્તરે ટીમોની રચના કરાઈ

## બાળલગ્નો અટકાવવા વિવિધ સ્તરે ટીમોની રચના

સુરત, તા.૨૩

સુરત જિલ્લામાં પરંપરાગત રીતે અક્ષય તૃતીયા અને અન્ય તહેવારોના અવસરે મોટા પાયે લગ્ન યોજાતા હોય છે. અમુક વિસ્તારોમાં આજે પણ સગીર વયે છોકરા-છોકરીઓના લગ્ન થવાની ઘટનાઓ સામે આવી રહી છે, જેને ધ્યાનમાં રાખી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી એલ.બી.

પટેલે જાહેર જનતાને અપીલ કરતા જણાવે છે કે, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬ મુજબ છોકરીના ૧૮ વર્ષ અને છોકરાના ૨૧ વર્ષ પહેલા લગ્ન કરાવવું કાયદેસર ગુનો છે. આ પ્રકારના લગ્નના ગંભીર આરોગ્ય, શૈક્ષણિક અને સામાજિક પરિણામો હોય છે. જિલ્લામાં બાળલગ્નો અટકાવવા વિવિધ સ્તરે ટીમો રચવામાં આવી છે, જે દ્વારા તાલુકા અને શહેર હદ વિસ્તારના સંકેતસર કાર્યક્રમોનું મોનીટરીંગ તથા અવલોકન કાર્ય ચાલી રહ્યું છે. સમાજના તમામ પદાધિકારીઓ, આગેવાનો, સમૂહલગ્ન આયોજકો, કાજી, પાદરી, રસોઈયાઓ, ફોટોગ્રાફર અને વર-કન્યા પક્ષના પિતૃવ્યોને પણ આ દિશામાં નૈતિક અને કાનૂની ફરજ બજાવવાની અપીલ કરવામાં આવી છે. જિલ્લા સ્તરે અને શહેર હદમાં બાળલગ્ન અટકાવવા માટે વિશેષ ટીમો કાર્યરત છે. જો કોઈ વિસ્તારમાં, ગામમાં કે મહોલ્લામાં બાળલગ્ન થતા હોય કે થવાના હોય, તો લોકોએ પોતાની સામાજિક જવાબદારી તરીકે આ પ્રકારની ઘટના તાત્કાલિક અટકાવવા માટે નજીકના પોલીસ સ્ટેશન અથવા નીચેના અધિકારીઓનો સંપર્ક કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. જેમાં શ્રી એલ.બી. પટેલ (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી): ૯૭૨૪૨૬૯૩૮૦, રાકેશભાઇ ચૌધરી (ચીફ ઓફિસર): ૯૪૨૬૮૨૬૦૭૯, વિજય પરમાર (જિલ્લા બાળ સુરક્ષા અધિકારી): ૭૫૬૭૦૦૩૨૧૦ ચાઈલ્ડ લાઈનઃ ૧૦૯૮, પોલીસ હેલ્પલાઈનઃ ૧૦૦, અભયમ મહિલા હેલ્પલાઈનઃ ૧૮૧નો સંપર્ક સાધવા સુરત જિલ્લા બાળ લગ્ન અને સમાજ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કોર્ટે ફટકારેલા દંડની રસીદની રકમમાં વકીલે મીંડુ વધારી દીધું

## અસીલને લૂંટી લેવાની વકીલની પેંતરાબાજી ઉઘાડી પડતા સુરત કોર્ટમાં હોબાળો

સુરત, તા.૨૩

વકીલ અને અસીલ વચ્ચે વિશ્વાસનો એક અતુટ સંબંધ હોય છે. વકીલ પોતાને ન્યાય અપાવશે તે હેતુથી અસીલ, વકીલને ન્યાય મેળવવાની પ્રથમ સીડી સમજે છે. પરંતુ આજે વધુ પડતા પૈસા કમાવવાની લ્હાયમાં અસીલો અને વકીલો વચ્ચેના અતુટ સંબંધને લાંછન લાગે તેવા કિસ્સા સામે આવી રહ્યા છે. સુરત કોર્ટમાંથી પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હોવાની વિગતો કોર્ટ સંકુલમાંથી જાણવા મળી છે.

ચેક રિટર્નના એક કેસમાં કોર્ટે આરોપીને પકડ વોરંટ ઈશ્યુ કર્યું હતું. પોતાના જુનીયર વકીલ મારફતે આ આરોપીએ પકડ વોરંટ રદ કરાવ્યું હતું. પરંતુ કોર્ટે આરોપીને ૨૫૦૦નો દંડ પણ ફટકાર્યો હતો. ડી.એલ.એસ.વિભાગમાં ૨૫૦૦ની રસીદ ભરવાની હતી. આ રસીદમાં ખુદ આરોપીના વકીલે જ છેકછાક કરી એક મિંડુ વધારીને ૨૫૦૦ના બદલે ૨૫,૦૦૦ પડાવી લીધા હતા. પોતાના વકીલની આ કરતુત અસીલની નજર સમક્ષ આવી જતાં ભારે હોબાળો થયો હતો. અસીલ પોતાના વકીલ સામે વિશ્વાસઘાતનો કેસ કરવા પણ તૈયાર થઈ ગયો હતો. આખરે વકીલે જે નાણાં ખોટી રીતે અસીલ પાસેથી મેળવ્યા હતા તે પરત આપી દેતા સમાધાન થયું હોવાનુ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

નોંધનીય છે કે આજે પણ સુરત શહેરના વકીલો વિશ્વાસ સાથે પોતાના અસીલોને ન્યાય અપાવવામાં સમગ્ર ભારતના વકીલ આલમમાં જાણીતા છે. કેટલાંક વકીલો તો એવા છે કે પોતાના ગરીબ અસીલો પાસેથી ફી પણ લેતા નથી. અને તેમને ન્યાય અપાવવામાં તનતોડ મહેનત કરે છે. જાણે તે અસીલ ફરિયાદી હોય કે આરોપી હોય. પરંતુ આજે સુરત શહેરમાં વધુ પડ્તા પૈસા કમાવવાના કારણે કેટલાંક વકીલ અને અસીલો વચ્ચેના વિશ્વાસનો સંબંધ ડગમગી રહ્યો હોય તેવું કોર્ટ સંકુલમાંથી જાણવા મળ્યુ છે. એવી પણ વિગતો જાણવા મળી છે કે કોર્ટ દ્વારા બોન્ડ પર જામીન આપે છે. ખરેખર તો બોન્ડની રકમ વસુલવાની હોતી નથી. છતાં કેટલાક વકીલો જેટલા રૂપિયાના બોન્ડ હોય છે તે બોન્ડની રકમ પણ પોતાના અસીલો પાસેથી મેળવી રહ્યા હોવાની વિગતો પણ કોર્ટ સંકુલમાંથી જાણવા મળી છે.

# કડોદરામાં કારમાંથી વિદેશી દારૂની ૧૨૪૮ બોટલો ઝબ્બે

## દારૂની ખેપ મારનાર બે પૈકીનો એક ઝડપાયો

સુરત, તા.૨૩

કડોદરા તારીખ ૨૩ કડોદરા પોલીસે બાતમીના આધારે ચલથાણ ગામની સીમમાં નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક ઈસમ ની ધરપકડ કરી હતી પોલીસે ૧૨૪૮ બોટલ વિદેશી દારૂ સહિત ૫.૮૨ લાખનો મુદ્દા માલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે પ્રાપ્ત વિગત અનુસાર કડોદરા જીઆઇડીસી પોલીસ મથકના પો.સ.ઈ બીડી શાહ સહિતનો પોલીસ સ્ટાફ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમણે ખાનગી રહે બાતમી મળી હતી કે એક કાલા કલરની રએહૠૈ કંપનીની વેરના કાર જેનો નંબર જીજે ૦૧ કે ડબલ્યુ ૦૦૩૫ નો ચાલક તથા ક્લીનર પ્રોહી જથ્થો ભરી નવસારી પલસાણા તરફથી સુરત તરફ જનાર છે જે બાતમી ના આધારે પોલીસે ચલથાણ મા આવેલ સાઈ કાર વોશ નામની દુકાનની સામે રોડ પર વોચ ગોઠવી ઉભા હતા ત્યારે વર્ણન વાલી કાર ચાલકે પોલીસની રેડ જોઈ ગાડી દૂર ઉભી કરી ગાડીમાંથી ઉતરી રોડની બાજુમાં ખેતરોમાં નજર ચૂકવી નાસી ગયો હતો પોલીસે કાર માં તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે કારમાં દારૂના જથ્થા સાથે ડ્રાઈવરની સીટ ની બાજુમાં બેઠેલા સાટેન્દ્ર કુમાર વિનોદ સિંહની ધરપકડ કરી હતી પોલીસે ૧૨૪૮ બોટલ બીયર દારૂ જેની કિંમત રૂપિયા ૧૨૯૬૦૦ તથા કાર જેની કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦ તથા મોબાઈલ ફોન જેની કિંમત રૂપિયા ૩૦૦૦ મળી કુલ રૂ ૫૮૨૬૦૦નો મુદ્દા માલ કબજે કર્યો હતો પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**પહેલગામ**
**પહેલા પાનાનું ચાલુ**

આતંકવાદી ભીડભાડવાળા ધરાવતા સ્થળોને નિશાન બનાવી શકે તેવી આશંકાને ધ્યાનમાં રાખીને હાઈએલર્ટ જારી કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં પણ મહત્વના શહેરો તથા સ્થળોએ સુરક્ષા બંદોબસ્તમાં વધારો કરી દેવામાં આવ્યો છે. પહેલગામના હુમલાના પગલે દેશભરમાં કોમી રીતે સંવેદનશીલ ગણાતા રાજયોમાં એલર્ટના આદેશો કરવામાં આવ્યા છે.

**પહેલગામ આતંકી**
**પહેલા પાનાનું ચાલુ**

રાખું છું કે ઘાયલો જલ્દીથી સ્વસ્થ થઈ જાય. આખો દેશ આતંકવાદ સામે એક થઈ ગયો છે. કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવાને બદલે સરકારે હવે કાશ્મીરમાં સ્થિતિને સામાન્ય બનાવવાની જરૂર છે." જવાબદારી અને નક્કર પગલાં ભરો જેથી ભવિષ્યમાં આવી બર્બર ઘટનાઓ ન બને અને નિર્દોષ ભારતીયો આ રીતે પોતાનો જીવ ન ગુમાવે."

**અમેરિકા, રશિયા**
**પહેલા પાનાનું ચાલુ**

હુમલાના પગલે સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે પડતો મુકીને પરત આવી ગયા હતા. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બીન સલમાને પણ ત્રાસવાદી હુમલાની કડક નિંદા કરીને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ગમે તે પ્રકારનો ટેકો આપવા તૈયાર હોવાનું જાહેર કર્યુ હતું.

રશિયન વડા પુટીને ત્રાસવાદી હુમલાને અત્યંત નિંદનીય ગણાવીને ન્યાય મેળવવાનો સુર વ્યકત કર્યો હતો. હુમલાના સુત્રોચ્ચાર અને આ કૃત્ય આચરનારને કડકમાં કડક સજા આપવાની જરૂરીયાત દર્શાવી હતી.

ઈટાલીના વડાપ્રધાન મેલોની, બ્રિટનના વડાપ્રધાન સ્ટારમર, ઈઝરાયલ વડાપ્રધાન ઉપરાંત ઈરાન, શ્રીલંકા, ફ્રાન્સ, જર્મની, યુક્રેન સહિતના દેશોના નેતાઓએ હુમલાની નિંદા કરીને ભારતને સંપૂર્ણ સહકાર આપવાનું જાહેર કર્યુ હતું.

**પહેલગામ**
**પહેલા પાનાનું ચાલુ**

સૈફુલ્લાહ ખાલીદ આ હુમલામાં સામેલ હોવાનું માનવામાં આવે છે. તે આતંકીઓ માટે હથીયાર અને લોકલ સપોર્ટની વ્યવસ્થા કરે છે.

સૈફુલ્લાહ ખાલીદ એ પાકિસ્તાની સેનાનો પણ માનીતો હોવાનું માનવામાં આવે છે. તેણે ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં કાશ્મીર પર પુરો કબજો કરાશે તેવી બડાશ હાંકી હતી. અને કાશ્મીર ઉપર કબ્જો થઈ જશે તેવી ફીશ્યારી પણ મારી હતી.

**આતંકીઓએ**
**પહેલા પાનાનું ચાલુ**

આ હુમલામાં એકે-૪૭ રાઈફલથી સજજ અને પુરતા કારતૂસના હારડા સાથે આવેલા આતંકીઓ ઓચિંતા જ નજીકની ઝાડીમાંથી બહાર આવ્યા હતા અને તેઓએ સેન્યના જવાનો જેવોજ યુનિફોર્મ પહેર્યા હતા અને ફુટ પેટ્રોલીંગ કરતા હોય તેમ અલગ અલગ રીતે સહેલાણીઓની જૂથની આસપાસ પહોંચી ગયા હતા.

તેઓ કોઈ સલામત ચેકીંગ કરતા હોય તેમ પહેલા ઓળખપત્ર માંગ્યા અને નામ પૂછયું જેઓ હિન્દુ હતા. તેમના પુરુષને નિશાન બનાવ્યા અને ગોળીબાર શરુ થતા જ જબરો દહેશતનો માહોલ હતો. જો કે ૨૮ લોકોની અને તે પણ હિન્દુઓ તથા બે વિદેશીઓની હત્યા કરી મહિલા કે બાળકોને મોદીને કહેજો તેવા સંદેશ આવ્યા તે પણ સૂચક છે.

આતંકીઓ સેન્યના જવાનો પહેરે છે તેવા હેલ્મેટ પહેર્યા હતા અને તેમાં કેમેરા પણ લાગ્યા હતા તેવું સ્થાનિક સહેલાણીઓએ જણાવ્યું હતું અને જો સલામતી દળો તેમની સામે આવે તો તેની પણ તૈયારી હતી પણ બહુ ઝડપથી તેઓએ આ ઓપરેશન પાર પાડીને સલામત નાસી ગયા જે દર્શાવે છે કે સ્થાનિક 'કવર' તેમને મોજૂદ હતું.

**મતદાર યાદી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અધિકારી સમક્ષ પ્રથમ અપીલ કરી શકે છે. ત્યારબાદ પણ જો જરૂરી જણાય તો મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સમક્ષ બીજી અપીલ પણ કરી શકે છે.

તાજેતરમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગત તા.૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ પૂર્વે તેમાં કરવામાં આવેલા નામ ઉમેરવા અને નામ કમી કરવા સહિતના અનેક સુધારાઓ સામે એક પણ અપીલ કરવામાં આવી નથી. ભારતના ચૂંટણી પંચ, સર્વોચ્ચ અદાલત અને બંધારણ દ્વારા સ્થાપિત નિયમો અને માર્ગદર્શિકાઓના સુચારૂ પાલન સાથે રાજયના ચૂંટણી તંત્રના ફૂટ સૉલ્જર્સ ગણાતા બુથ લેવલ ઑફિસર્સથી લઈ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સુધીના સમગ્ર તંત્ર દ્વારા કાર્યદક્ષતા સાથે બજાવવામાં આવતી ફરજની આ ફલશ્રુતિ છે.

**૧૦ જેટલા વ્યવસાય**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કરવાનું રહેશે. નજીકના CSC સેન્ટર પરથી ઓનલાઈન કરી શકાય છે. જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અમલમાં મુકવામાં આવતી આ યોજના સંપૂર્ણપણે નિઃશુલ્ક છે અને માટે કોઈ પણ એજન્ટ, દલાલ કે અનધિકૃત વ્યક્તિને અરજી પ્રક્રિયામાં જોડાવાની કોઈ માન્યતા આપવામાં આવી નથી તેમ સુરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરની યાદીમાં જણાવાયું છે.

**વિજ જોડાણ માટે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જોગવાઈમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તે મુજબ હવેથી સહમાલીકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે.

આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીકના નામ હોય તો દરેક સહમાલીકને તે સર્વે નંબર/ જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્ત્રોત/ કુવો/ બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહમાલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.

આમ, માનનીય ધારાસભ્યો તેમજ ખેડૂતોની રજૂઆતોને ગ્રાહ્ય રાખતા રાજ્ય સરકારે ઉક્ત ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

**ડો. આંબેડકર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સુવિધાઓ ઊભી કરવાની તત્પરતા દાખવી હતી. EC મેમ્બર ડૉ.રાજેશ રાણાએ કુલગુરૂશ્રીના માર્ગદર્શન હેઠળ ટ્રાન્સજેન્ડર સમુદાયને નિઃશુલ્ક શિક્ષણ તથા મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના પ્રશંસનીય પ્રયાસોને બિરદાવ્યા હતા.

**૪ વર્ષની બાળકીનું**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ગુમ થઈ જાય, ત્યારે દરેક મિનિટ કિંમતભરી હોય છે. જ્યારે એક બાળક માતા-પિતાથી વિખૂટું પડ્યું હોય છે. સામાન્ય રીતે ગુમ થવાના કિસ્સામાં મિસિંગની ફરિયાદ માટે પરિવારજનો પોલીસ પાસે જાય છે. પણ બાળક પાસેથી માતા-પિતાની વિગતો મેળવીને પરિવારજનોને શોધવાના હતા. અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા લોકરક્ષક ધેંગાભાઈ પરમારે કહ્યું હતું કે, બાળકીની ઉંમર નાની હોવાથી શી ટીમ અડાજણ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જ્યાં પી.આઈ પી.જે. સોલંકીએ બાળકીને સહજભાવે વાત કરી, ચોકલેટ, બિસ્કીટ, દૂધ આપી આત્મીયતા કેળવી હતી અને અડાજણ પોલીસ સ્ટેશનની શી ટીમ દ્વારા બાળકીનું વેરિફિકેશન બાદ માતા-પિતાને સહી સલામત સુપરત કરી હતી.

**છેલ્લા પાનાનું ચાલુ**
**પ્રેમજાળમાં ફસાવી**

ઉપરાંત ટેલિફોનીક વાત-ચીત કરીને તરૂણીનો ભોળાપણાનો ગેરલાભ ઉઠાવી તેને ગઈ તા.૨૧ એપ્રિલના રોજ અસ્ફાક શેખે તેના રૂમ ઉપર બોલાવી હતી. અવાર-નવાર તરૂણીને શારીરિક શોષણનો ભોગ બનાવાતા તેને ગર્ભ રહી ગયો હતો.

પરિવારજનોને જાણ થઈ જતા એવી પણ હકીકતો સામે આવી હતી કે અસ્ફાક શેખ તરૂણીને છેલ્લા એક વર્ષથી દુષ્કર્મનો શિકાર બનાવતો હતો જેને કારણે તેને ગર્ભ રહી ગયો હતો. કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવતી હતી.

**સરથાણાના**

ટાવરના પાર્કિંગમાં ઈલેક્ટ્રીક મીટર પેટી મૂકવામાં આવી છે. ગત મોડી રાત્રે એટલે કે પોણા એક વાગ્યાના અરસામાં ઈલેક્ટ્રીક મીટર પેટીમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમને કરવામાં આવતા સરથાણા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો ઘટના સ્થળે ધસી જઈ પાણીનો મારો ચલાવીને ઈલેક્ટ્રીક મીટર પેટીમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગને કારણે ૨૪ મીટર પેટીઓ સ્વાહા થઈ ગઈ હતી. જોકે મીટર પેટીમાં લાગેલી આગ ની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા તેઓએ શ્રીઘ્ર ને જાણ કરી તાત્કાલિક વિદ્યુત સપ્લાય બંધ કરાવી દીધો હતો.

**સુરત ક્રિકેટ**

રોજ મળશે અને જેમાં જુદા જુદા આઠ પદો પર કમિટી સભ્યોની નવી નિમણૂક કરવામાં આવશે એવું વિશ્વકીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ એસડીસીએ ની ચૂંટણીમાં ૨૧ ઉમેદવારો સ્ટેડિયમ પેનલ અને ૨૧ ઉમેદવારો હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલમાંથી લડી રહ્યા હતા. ૧૩ એપ્રિલના રોજ યોજાયેલી ચૂંટણી અને મતગણતરીમાં સ્ટેડિયમ પેનલ એટલે કે કનૈયાલાલ કોન્ટ્રાક્ટર ની પેનલ માંથી ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર ની પેનલમાંથી એસા શાહ એસા કોન્ટ્રાક્ટર, અક્ષરા કોન્ટ્રાક્ટર અને મહેક ગાંધી નો વિજય થયો હતો. એસડીસીએના નિયમ મુજબ ચૂંટાયેલા પ્રતિનિધિઓની એક મીટીંગ ૧૫ દિવસની અંદર બોલાવવાની હોય છે તે મુજબ આ શુક્રવારઅથવા શનિવાર સુધીમાં બોલાવી લેવામાં આવશે. જેમાં આઠ હોદ્દાઓ , કો ઓપ મેમ્બર તથા દાતા સીટ પર ના નામ ની જાહેરાત કરવામાં આવશે એવું વિશ્વાસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતુ.

**પાંચ કો-ઓપ**

કોઓપરેટીવ બેંકના ચેરમેન અમિતભાઈ ગજ્જરને સેક્રેટરી પદ મળવું જોઈએ તેવી રજૂઆતો પણ કરી છે જ્યારે બીજી બાજુ સેક્રેટરી પદ હિતેન્દ્રભાઈ પટેલ ઉર્ફે હિતુ ભરથાણા માંગી રહ્યા છે. ભાજપના એક અગ્રણીએ પોતાને પણ કો-ઓપ કરવામાં આવે તેવી પણ માંગણી કરી છે. હવે જોવાનું એ છે કે પાંચ સભ્યોને કો- ઓપ કરવાના હોય છે તેની સામે ૧૦ થી વધુ સભ્યોની રજૂઆતો થઈ ગઈ છે.

**કડોદરા હાઈવે**

ચાલક તથા ક્લીનર પોતાના કબજાની ટ્રકમાં ગેરકાયદેસર રીતે વનસ્પતિ જન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો છુપાવી વહન કરી મુંબઈ થી અમદાવાદ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર મુંબઈ તરફ થી અમદાવાદ તરફ રાત્રી ના પસાર થનાર છે જે બાતમી ના આધારે પોલીસે કામરેજના વલથાન ગામની સીમમાં તોરણ હોટલ ની સામે મુંબઈ થી અમદાવાદ તરફ પસાર થતા નેશનલ હાઈવે નંબર ૪૮ રોડ ઉપર નાકાબંધી કરી હતી ત્યારે વર્ણન વાલી ટ્રક આવતા તેને રોકી ટ્રકમાં તપાસ કરતા ટ્રક માંથી ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો પોલીસે ટ્રકમાં ગાંજાના જથ્થા સાથે બેઠેલા સંજય નબિન બીસવાલ મૂળ ઓરિસ્સા તથા કાલીયા બીપીન પ્રધાન ની ધરપકડ કરી હતી પોલીસે ગાંજાનો જથ્થો મોકલનાર આલોક તથા આપવા આવનાર શરત પ્રધાન ઉર્ફે સાઈ રામ તથા બાપુજી તેમજ અન્ય એક ઈસમ ને વોન્ટેડ જાહેર કરાયો હતો પોલીસે ૭૪૬ ૯૯૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો જેની કિંમત રૂપિયા ૭૪૬૯૯૦ તથા ગાડી જેની કિંમત રૂપિયા ૧૫૦૦૦૦૦ તથા બે મોબાઈલ જેની કિંમત રૂપિયા ૩૦૦૦૦ તથા રોકડા રૂપિયા ૧૮૮૦ મળી કુલ્લે રૂ ૯૦૦૧૮૭૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે

**મંત્રી કુંવરજી**

પ્રતિષ્ઠા ને હાનિ પહોંચાડવા ફેક instagram એકાઉન્ટ બનાવી ગુનાહિત કૃત્ય કર્યું હતું ફરિયાદના આધારે માંડવી પોલીસે તપાસ શરૂ કરી છે.

સાંધ્ય દૈનિક
**પ્રતાપ દર્પણ**
**પ્રેસનોટ તથા જાહેરખબરો**
**માટે સંપર્ક કરો**
**-:: અડાજણ મેઈન કાર્યાલય ::-**
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
**-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-**
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
**-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-**
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
**-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-**
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૨૩ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પહેલગામ આંતકવાદી હુમલામાં ભાવનગરના પિતા અને પુત્ર સહિત ત્રણ ગુજરાતીઓનાં મોત

## આતંકી હુમલાના સુરતના શૈલેષ કળથિયાના મોત બાદ ભાવનગરના પિતા-પુત્ર યતિશ પરમાર તથા સ્મિત પરમારના મોતની પુષ્ટિ

**ભાવનગર, તા. ૨૩**

કાશ્મીરનાં પ્રવાસન સ્થળ પહેલગામમાં પ્રવાસીઓ પર આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૮ લોકોના મોત નીપજયા છે. તેમાં ભાવનગરનાં બે સહીત ત્રણ ગુજરાતી મુસાફરોનો પણ સમાવેશ થાય છે. ભાવનગરમાં પિતા-પુત્રનો ભોગ લેવાયો છે. જેઓ ૨૦ પ્રવાસીઓ સાથે કાશ્મીરના પ્રવાસે ગયા હતા.

પહેલાગામમાં મીની સ્વીટઝરલેન્ડ ગણાતા સ્પોટ પર ત્રાસવાદીઓએ મોતનું તાંડવ સર્જયુ હતું. આડેધડ ગોળીબાર કરીને ૨૮ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. અચાનક અને અણધાર્યા હુમલાથી આઘાતમાં આવી ગયેલા પ્રવાસીઓએ નાસભાગ કરી મુકી હતી. કેટલાંક જંગલો તરફ ભાગ્યા હતા. ચોમેર ચીસો ચીચીયારીઓ હતી. ત્રાસવાદીઓએ નામ-ધર્મ પૂછીને ગોળીઓ ચલાવી હતી. ટારગેટ કીલીંગ જેવો ઘાટ હતો.

ત્રાસવાદીઓના આ હુમલામાં ભાવનગરનાં યતીશ સુધીરભાઈ પરમાર તથા તેમનાં પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું પણ મોત નિપજયુ હતું. તેઓ ભાવનગરનાં કાળીયાબીડમાં રહેતા હતા. સમગ્ર શહેરમાં અરેરાટી પ્રસરી છે આ સિવાય ભાવનગરનાં જ વિનુભાઈ ડાભી નામના પ્રવાસી ત્રાસવાદીઓની ગોળી વાગતાં ઘાયલ થયા હતા. તેઓ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે.જયારે પત્નિ-પરિવારને શ્રીનગર રવાના કરી દેવામાં આવ્યા હતા.

ભાવનગર સિવાય સુરતનાં શૈલેષભાઈ હિંમતભાઈ કળથીયાનું પણ મોત નિપજયુ હતું. મૃતક બેંક મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. અને કાશ્મીરનાં પ્રવાસે હતા. પરિવારની હાજરીમાં તેમને ગોળી ધરબી દેવામાં આવી હતી.આઘાતજનક બાબત એ છે કે પહેલગામ હુમલાના ન્યુઝ ફેલાતા તેમના પિતરાઈએ ફોન કર્યો હતો અને તેમાં આ સમાચાર મળતા પરિવાર ભાંગી ગયો હતો.



પહેલગામમાં આતંકવાદીઓએ સહેલાણીઓ પર કરેલા ભયાનક હુમલામાં હાલ મુંબઈ રહેતા અને સાત વર્ષ પૂર્વે સુરત રહેતા શૈલેષભાઈ કળથિયાનું મોત થયું છે. મોટા વરાછા કસ્તુરી બંગલામાં આવેલા સ્વ. શૈલેષભાઈ કળથિયાના મકાનની આ તસ્વીર છે. (તસ્વીર : હનીફ મલેક)

ગુજરાતીઓ મોટી સંખ્યામાં કાશ્મીરનાં પ્રવાસે જતા હોય છે. હુમલા વખતે પણ સેંકડો ગુજરાતી કાશ્મીરમાં હોવાની શકયતાને ધ્યાને રાખીને ગુજરાત સરકાર પણ એકશનમાં આવી ગઈ હતી.રાજકોટ સહિત તમામ શહેર-જીલ્લામાં કંટ્રોલરૂમ શરૂ કરીને કાશ્મીરના પ્રવાસે ગુજરાતી લોકોની માહીતી એકત્રિત કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી હતી.

# આતંકી હુમલામાં માર્યા ગયેલા શૈલેષ કળથિયાનો મૃતદેહ સુરત લવાશે

## હવાઈ માર્ગે કાશ્મીરથી મુંબઈ આવતા પાર્થિવદેહને મુંબઈથી સુરત લાવવામાં આવશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

મુળ સુરતના વરાછા ચીકુવાડી ખાતેના વતની અને મુંબઇ ખાતે એસબીઆઇ બેંકમાં કામ કરતા શૈલેષ ભાઇ કળથીયા તેમની પત્ની અને સંતાનો સાથે કાશ્મીરના પહેલગામ ખાતે બૈસરના વેલી ખાતે ટુર ઉપર ગયા હતા. દરમિયાન ગઇકાલે આતંકવાદી હુમલામાં શૈલેષભાઇને પણ ગોળી વાગતા તેમનું મોત થયું હતું. તેમનો પરિવાર સુરત ખાતે રહેતો હોય શૈલેષભાઇના મોતના સમાચાર મળતા પરિવારજનો ઘેરા શોકમાં ગરકાવ થઇ ગયા હતા. તેમના મૃતદેહને વિમાન માર્ગે કાશ્મીરથી મુંબઇ અને ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે સુરત લાવવામાં આવશે.



કાશ્મીર ફરવા ગયેલા મુળ સુરતના વરાછા વિસ્તારના વતની અને મુંબઇ ખાતે એસબીઆઇ બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતા શૈલેષ કળથીયાનું ગઇકાલે આતંકવાદી હુમલામાં નિધન થયું છે. પત્ની પુત્રી અને પુત્ર સાથે કાશ્મીર ટુર ઉપર ગયેલા શૈલેષભાઇ કળથીયાનો આજે ૨૩ એપ્રિલે જન્મ દિવસ હતો. જન્મ દિવસના એક દિવસ અગાઉ જ તેઓ આતંકવાદી હુમલામાં મોતને ભેટ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પરિવારજનોને ગઇકાલે શૈલેષભાઇનું મોત થયાના સમાચાર મળતા તેઓ પડી ભાંગ્યા હતા. શૈલેષભાઇ પત્ની શીતલ, પુત્રી નીતી અને પુત્ર નક્ષત્ર સાથે શ્રીનગરથી પહલગામ ગયા હતા. જ્યાં આતંકવાદી હુમલા દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના મૃતદેહને વિમાન માર્ગે મુંબઇ અને ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે સુરત લાવવામાં આવશે.

# આતંકવાદી હુમલા બાદ પણ અમરનાથ યાત્રાએ જવા ભક્તોની શ્રધ્ધા અડગ

**આ વર્ષે પણ સુરતથી અમરનાથ યાત્રાએ જતા યાત્રિકોની સંખ્યા વધશે : ટુર કોર્પોરેટર**

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ અમરનાથ યાત્રીઓમાં પણ થોડો ભય ઉભો થયો છે. જોકે એક વાત એવી પણ છે કે વિતેલા વર્ષોમાં પહલગામથી લઈ અમરનાથ યાત્રાના રૂટ ઉપર કેટલીય વખત આતંકવાદી હુમલા થઇ ચુક્યા છે જોકે બાબાના ભક્તો જીવની પરવાહ કર્યા વગર યાત્રા ઉપર જતા હોય છે. સુરત સહિત ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને કર્ણાટક રાજયમાંથી સૌથી વધુ બાબા બરફાનીના ભક્તો યાત્રા ઉપર જતા હોય છે ત્યારે ગત વર્ષે સુરત સહિત ગુજરાતથી અંદાજે ૧ લાખ જેટલા શ્રધ્ધાળુઓ અમરનાથ યાત્રાએ ગયા હતા.

સુરતથી અમરનાથ યાત્રાએ જતા યાત્રાળુઓએ ડોક્યુમેન્ટ તૈયાર કરી રજીસ્ટ્રેશન સહિતની કામગીરી શરૂ કરી દીધી છે ત્યારે ગઇકાલે થયેલા આતંકવાદી હુમલાને ટુર ઓપરેટરો દ્વારા પણ વખોડવામાં આવ્યો છે. અમરનાથ યાત્રાની ટુરનું આયોજન કરતા સુરતના એક ટુર ઓપરેટર જયેશ વાઢેળે જણાવ્યું હતું કે, બાબા બરફાની પવિત્ર યાત્રા સ્થળના દર્શન માટે દર વર્ષે ભક્તોમાં ઉત્સાહ જોવા મળે છે. આતંકવાદી હુમલો થવાની આ કંઇ પહેલી ઘટના નથી. યાત્રાળુઓની સુરક્ષા ખુબ જરૂરી છે. અમરનાથ યાત્રાના રૂટ પર ચુસ્ત સુરક્ષા હોય છે. આવા હુમલાઓ બાબા બરફાનીના ભક્તોની શ્રધ્ધા કોઇ કાળે તોડી શકે તેમ નથી. અમરનાથ યાત્રા માટે અંદાજે સુરતથી મોટી સંખ્યામાં આ વર્ષે પણ દર્શનાર્થે જવાના છે.

ખાસ કરીને ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશથી મોટી સંખ્યામાં અમરનાથ યાત્રાળુઓ આવતા હોય છે. ટુર ઓપરેટર જયેશ વાઢેળે વધુમાં ઉમેર્યું હતું કે સુરત અને મુંબઇથી અમરનાથ યાત્રા માટે તેમની ટુરમાં ૧૮૦થી વધુ લોકોએ બુકીંગ કરાવી દીધું છે.

# પહેલગામ હુમલા બાદ ગુજરાતી લોકોએ ટુર ધડા ધડ કેન્સલ કરી

## અનેક લોકોએ ઉનાળામાં કાશ્મીર ફરવા જવાની યોજના પડતી મૂકી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

કાશ્મીરનાં બૈસરના જેને મીની સ્વીઝરલેન્ડ તરીકે ઓળખવામાં આવે છે ત્યાં ગઇકાલે થયેલા આતંકવાદી હુમલાને પગલે ટુર ઉપર જતા ટુરીસ્ટોમાં ભયનો માહૌલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ડિસેમ્બ-જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં કાશ્મીરના અલગ-અલગ પોઇન્ટો ઉપર ટુરીસ્ટોનો ધસારો જોવા મળતો હોય છે ત્યારે ગઇકાલે બનેલી ઘટનાને પગલે સુરત સહિત ગુજરાતભરના ટુર ઓપરેટરોને ત્યાં નોંધાયેલા ટુર કેન્સલ થવાનું શરૂ થઇ ગયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરમાં હરવા ફરવાના સ્થળ ઉપર દર વર્ષે ખાસ કરીને ડીસેમ્બરથી લઇ એપ્રિલ મહિના દરમિયાન ટુરીસ્ટો વધતા હોય છે. દરમિયાન ગઇકાલે પહલગામ નજીક આવેલા બૈસરના (મીની સ્વીઝરલેન્ડ) ખાતે બપોરે અઢી ત્રણ વાગ્યાના સમયગાળામાં પહાડી ઉપરથી એકાએક ગોળીબાર શરૂ થઇ ગયો હતો. આ આતંકવાદી હુમલામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર સહિત દેશના અલગ-અલગ રાજ્યોમાંથી ગયેલા યાત્રિઓ ગંભીર ઇજાગ્રસ્ત થયા હતા. કુલ ૨૮ લોકોના આ આંતકી હુમલામાં મોત થયા છે ત્યારે ટુરીસ્ટોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.ઉનાળુ વેકેશનમાં સુરતથી કાશ્મીર ફરવા જનારા લોકો દ્વારા પોતાના એડવાન્સમાં બુક કરાવેલા ટુર પણ કેન્સલ કરી દેવાયા હોવાનું ટુર ઓપરેટરો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# પ્રેમજાળમાં ફસાવી ૧૨ વર્ષની છોકરી પર યુવાનનો બળાત્કાર

## અસ્ફાક શેખે દુષ્કૃત્ય કરતા કિશોરીને ગર્ભ રહી જતા મામલો પ્રકાશમાં આવ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

ભેસ્તાન વિસ્તારમાં ૧૨ વર્ષિય તરૂણીને ઈન્સ્ટાગ્રામ ઉપર સંપર્ક કરી પ્રેમજાળમાં ફસાવી અસ્ફાક શેખ નામના યુવાને દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ઉન પાટીયા વિસ્તારમાં રહેતા આ યુવાન વિરૂધ્ધ ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં બળાત્કારનો ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ભેસ્તાન ઉન પાટીયા પાસે તીરૂપતિ નગરની બાજુમાં આવેલી અલી મસ્જીદ પાસે ચાચા બિલ્ડીંગમાં રહેતા અસ્ફાક આલમ ખલીલ શેખે ઈન્સ્ટાગ્રામ ઉપર સ્થાનિક વિસ્તારની એક ૧૨ વર્ષિય તરૂણીનો સંપર્ક કર્યો હતો. ઈન્સ્ટાગ્ર્ામ ઉપર મેસેજ કરવા

અનુસંધાન પાના ૭ પર

**"હિલીયમ" સોફ્ટવેરના અનાધિકૃત તેમજ ગેરકાયદેસર ઉપયોગ/વેચાણ/વિતરણ અંગે કોપીરાઈટ્સ ભંગ કર્યાની નોટીસ**

હિરા ઉદ્યોગ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલી કંપનીઓ, પેઢીઓ, કારખાનેદારો, ડીલરો, એજન્ટો, ગ્રાહકો અને જાહેર જનતાને ધ્યાન દોરવા માટે આ કાયદેસરની નોટીસ થકી જણાવાવમાં આવે છે કે કેટલાક અનૈતિક વ્યક્તિઓ, ખોટી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ દ્વારા આર્થિક ફાયદા મેળવવા અને/અથવા કંપનીઓ / પેઢીઓ / કારખાનેદારો / ડીલરો / એજન્ટો / ગ્રાહકોને છેતરવા અને/અથવા અમારી કંપની લેક્ષસ સોફ્ટમેક ના "હિલીયમ" સોફ્ટવેરના ગેરકાયદેસર વેચાણ/વિતરણ અને પોતે તેના અધિકૃત વિક્રેતા હોવાનું જણાવી/સમજાવીને/ખોટી રજુઆતો કરી/કરાવી વેચાણ કરી/કરાવી ગેરમાર્ગે દોરી રહ્યા હોય એવું અમોના અસીલના ધ્યાનમાં આવેલ છે.

જેની સામે અમોના અસીલે કાયદેસર પગલા લઇ અલગ અલગ ત્રણ FIR કરી છે, અને જે મુજબના કેસો નામદાર સુરત કોર્ટમાં ચાલી રહેલ છે.

વધુ જાણકારી માટે નીચેની લીંક ચેક કરવી

https://www.lexusindia.in/action_against_illegal.html

અમોના અસીલને આ બાબતે કોઈ પણ જાણકારી આપવામાં આવશે તેમને યોગ્ય વળતર પણ આપવામાં આવશે અને એમની માહિતી ગુપ્ત રાખવામાં આવશે.

કોપીરાઇટેડ "હિલીયમ" સોફ્ટવેરને (ક્રેક કરી) અનાધિકૃત ઉપયોગ કરવો/કરાવવો, તેનું અમોના અસીલ સિવાય અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિ પાસેથી ખરીદ/વેચાણ કરવું એ ગંભીર પ્રકારનો ફોજદારી ગુનો બને છે. જે માટે અમોના અસીલ સદર વ્યક્તિ/કંપની/પેઢી/કારખાનામાલિક કે અન્ય કોઈ ગ્રાહક સામે કાયદાકીય પગલા લઇ શકે છે. જેની ગંભીર નોંધ લેવી.

**અમોની સુચનાથી,**

Lexus Softmac

**અમો મારફત -**

**Advocate - Dr. Chintan T Pathak**

**Ph.d(Cyber Laws), LL.M, PGDIT , PGDTM, DCL**

Techlawyer, Cyber Security & Data Protection Consultant

"PATHAK HOUSE"- 2nd Floor, 10/B, Dharmayug Society-2, Ghod Dod Road, Surat-395007, Gujarat. (M)9824180676

# સરથાણાના સ્વસ્તિક ટાવરમાં શોર્ટ સર્કિટના કારણે આગ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

સરથાણા વિસ્તારમાં આવેલા એક ટાવર ના પાર્કિંગમાં મૂકવામાં આવેલ ઈલેક્ટ્રીક મીટર માં શોર્ટ સર્કિટ થતા આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો. આગ ના બનાવની જાણ થતા ની સાથે સરથાણા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા.

ફાયર બ્રિગેડ સૂત્રોનાજણાવ્યા અનુસાર, સરથાણા વિસ્તારમાં સ્વસ્તિક ટાવર આવેલું છે. આ

અનુસંધાન પાના ૭ પર

# સુરત ક્રિકેટ એસો.ની પ્રથમ બોર્ડમાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી થશે

## એસડીસીએના ચૂંટાયેલા પ્રતિનિધિની પહેલી બોર્ડ મીટીંગ શુક્રવાર અથવા શનિવારે મળશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણી અને મતગણતરી ૧૩ એપ્રિલના રોજ યોજાઇ હતી. જેમાં સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો જીત્યા હતા. નિયમ મુજબ ચૂંટાયેલા મેમ્બરોની પહેલી બોર્ડ મીટીંગ ૧૫ દિવસમાં બોલાવવાની હોય છે એવું સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી હિતેન્દ્ર પટેલએ જણાવ્યું હતું. આ બોર્ડ મીટીંગ શુક્રવાર અથવા શનિવારના

અનુસંધાન પાના ૭ પર

## પાંચ કો.ઓપ સભ્યો માટે ૧૦થી વધુ નામોની રજુઆત

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ચૂંટણી અને તેના પરિણામો આવી ગયા બાદ હવે નિયમ મુજબ ૧૫ દિવસમાં ચૂંટાયેલા સભ્યો ની એક પહેલી બોર્ડ મીટીંગ બોલાવવાની હોય છે. જે મુજબ આ શુક્રવાર અથવા શનિવારના રોજ બોલાવનારી પહેલી બોર્ડ મીટીંગ નો એજન્ડા આજ અથવા કાલ સુધીમાં કમિટી સભ્યોને મળી પણ જશે પરંતુ કે આઠ હોદ્દાઓ પર સભ્યોની વર્ણી કરવામાં આવનારી છે તેમાં કનૈયાભાઈ કોન્ટ્રાક્ટર માટે માથાનો દુખાવો બની ગઈ છે. જોકે સ્ટેડિયમ પેનલ ના ૧૮ ચૂંટાયેલા ચૂંટાયેલા સભ્યો માથી મોટાભાગના સભ્યોએ સુરત પીપલ્સ

અનુસંધાન પાના ૭ પર

# કડોદરા હાઈ-વે પર ટ્રકમાંથી ૭૪૬ કિલો રૂા.૭૪ લાખનો ગાંજાનો જથ્થો ઝડપાયો

## સુરત જિલ્લા એલસીબી પોલીસ દ્વારા હાઈવે પર નાકાબંધી કરાતા ૯૦ લાખના મુદ્દામાલ સાથે બે ઓરિસ્સાવાસીઓની ધરપકડ

**(પ્રતાપ પ્રતિનિધિ) કડોદરા, તા.૨૩**

લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે બાતમીના આધારે વલથાણ ગામની સીમમાં નેશનલ હાઈવે પરથી ગાંજાના મોટા જથ્થા સાથે બે આરોપીની ધરપકડ કરી હતી પોલીસે ૭૪૬ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે કુલ ૯૦ લાખનો મુદ્દા માલ જપ્ત કરી




કાર્યવાહી હાથ ધરી હતી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત ગ્રામ્ય એલસીબી પોલીસ મથક ના પો.સ.ઈ આરબી બટોલ સહિત નો પોલીસ સ્ટાફ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમણે ખાનગી રહે બાતમી મળી હતી કે એક ટાટા કંપનીની ટ્રક નંબર એમએચ ૪૦ સીટી ૩૪ ૭૧ નો

અનુસંધાન પાના ૭ પર

# મંત્રી કુંવરજી હળપતિનું પણ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બન્યું

## મંત્રી કુવરજી હળપતિ વતી સુનિલભાઈ ચૌહાણએ ફરિયાદ નોંધાવી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત, તા.૨૩**

શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા નામની ફેક instagram આઈડી સંદર્ભ હજુ તો સાઈબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે ત્યાં તો માંડવીના ધારાસભ્ય અને આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિના નામે instagram બનાવનાર વિરુદ્ધ માંડવી પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાય છે.

માંડવી પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ માંડવીના લુહાર ફળિયામાં રહેતા સુનિલભાઈ કનૈયાલાલ ચૌહાણએ અજાણે વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં જણાવ્યા મુજબ અજાણ્યા વ્યક્તિએ મંત્રીશ્રી કુવરજી હળપતિના નામની instagram એકાઉન્ટ બનાવી અલગ અલગ વ્યક્તિઓને ખોટી ઓળખ આપી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી મંત્રીશ્રીના ફોટાઓ અપલોડ કરી મંત્રીશ્રીની

અનુસંધાન પાના ૭ પર